પ્રકરણ:૫

❖ ૫.૧ પન્ના નાયક : સર્જક પરિચય

પન્ના નાયકનો જન્મ ઈ.સ. ૧૯૩૩ના ડિસેમ્બર મહિનાની ૨૮મી તારીખે મુંબઈમાં થયો હતો. માતાનું નામ રતનબહેન અને પિતાનું નામ ધીરજલાલ છગનલાલ મોદી. ગીત-સંગીતનો તેમને નાનપણથી જ બહુ શોખ રહ્યો છે. મુંબઈમાં જ આવેલી સેંટ ઝેવિયર્સ કોલેજમાં ગુજરાતી અને સંસ્કૃત વિષય સાથે ૧૯૫૪માં સ્નાતક અને ૧૯૫૬માં અનુસ્નાતકની પદવી મેળવે છે. સ્નાતક કક્ષાએ ગુજરાતી વિષયમાં ઊંચા ગુણાંક બદલ મોહનલાલ સૂચક પારિતોષિક અને અનુસ્નાતક કક્ષાએ ગુજરાતી વિષયમાં ઊંચા ગુણાંક બદલ કૃષ્ણલાલ ઝવેરી પારિતોષિક પણ તેમને પ્રાપ્ત થાય છે. મહારાષ્ટ્રમાંથી ગુજરાત અલગ રાજ્ય બને છે એ જ વર્ષે એટલે કે૧૯૬૦માં તેઓ નિકુલ નાયક સાથે લગ્ન કરી લે છે. લગ્ન પછી તેમનું કાયમી નિવાસ સ્થાન અમેરિકા બની જાય છે. અમેરિકા આવ્યા પછી તેઓ ફરીથી અભ્યાસ શરૂ કરે છે અને ફિલાડેલ્ફીઆની ડ્રેક્સલ યુનિવર્સિટીમાંથી ૧૯૬૩માં લાયબ્રેરી સાયન્સની અનુસ્નાતકની પદવી પ્રાપ્ત કરે છે. જેના લીધે ૧૯૬૪માં તેમને ફિલાડેલ્ફીઆમાં જ આવેલી યુનિવર્સિટી ઑફ પેંસિલવેનિયાની વેન પેલ્ટ લાઇબ્રેરીમાં ગ્રંથપાલ તરીકેની નોકરી મળી જાય છે. ૨૦૦૩ સુધી તેઓ અહીંયા નોકરી કરે છે. ગ્રંથપાલની નોકરીની સાથે સાથે તેઓ આ જ યુનિવર્સિટીમાંથી સાઉથ એશિયન સ્ટડીઝમાં અનુસ્નાતકની ત્રીજી પદવી ૧૯૭૩માં પ્રાપ્ત કરે છે. આ જ યુનિવર્સિટીમાં ગુજરાતી ભાષાનાં પ્રોફેસર તરીકે પણ ૧૯૮૫થી ૨૦૦૨ સુધી સેવાઓ આપે છે. ૨૦૦૪માં પતિનું અવસાન થાય છે જેથી સાહિત્યના રસિક અને કવિ એવા નટવર ગાંધી સાથે ફરીથી લગ્ન કરે છે અને હાલે અમેરિકામાં જ વસવાટ કરે છે.

અમેરીકન કવયિત્રી એન સેક્સટનનો એમનાં પર વિશેષ પ્રભાવ પડે છે જેના લીધે તેઓ કાવ્ય લેખનની શરૂઆત કરે છે. ૧૯૭૨માં કવિતા દ્વૈમાસિકમાં તેમનું પહેલું લઘુકાવ્ય ‘સ્નેપશોટ’ પ્રગટ થાય છે. પછી તો તેમની કલમ ચાલવા માંડે છે. જેના પરિણામ સ્વરૂપે ‘પ્રવેશ’ નામનો પહેલો કાવ્ય સંગ્રહ ૧૯૭૫માં આપણને પ્રાપ્ત થાય છે. આ કાવ્ય સંગ્રહને ૧૯૭૮માં ગુજરાત રાજ્ય પ્રથમ પારિતોષિક પ્રાપ્ત થાય છે. તેમનું ઘણું બધું સાહિત્ય અંગ્રેજી અને અન્ય ભાષાઓમાં પણ અનુવાદિત થતું રહ્યુ છે જેના લીધે અમેરિકાના સામયિકોમાં પણ તેમનું સાહિત્ય પ્રકાશિત થતું રહે છે. તેમની ઘણી બધી કાવ્યકૃતિઓ ભારતભરની શાળાઓનાં પાઠ્યપુસ્તકોમાં સમાવેશ પામી છે. અમેરિકામાં રહેતા સર્જકોને એનાયત થતો ચુનિલાલ વેલજી મહેતા પુરસ્કાર ૨૦૦૨માં તેમને પ્રાપ્ત થયો હતો. આ ઉપરાંત તાજેતરમાં તેમને Gardi Research Institute for Diaspora Studies દ્વારા prestigious award એનાયત થયો છે. હાલમાં પણ તેમનું સાહિત્યસર્જન શરૂ છે અને ગુજરાતી ભાષાના વિવિધ સામયિકોમાં તેમની રચનાઓ પ્રસિદ્ધ થતી રહે છે.

❖ ૫.૨ પન્ના નાયકની કવિતામાં ડાયસ્પોરિક વલણો

પન્ના નાયક પાસેથી આપણને દસ જેટલા કાવ્ય સંગ્રહ મળે છે. તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'પ્રવેશ' ૧૯૭૫માં આપણી સમક્ષ આવ્યો, ત્યારબાદ ૧૯૮૦માં 'ફિલોડેલ્ફીઆ', ૧૯૮૪માં 'નિસ્બત', ૧૯૮૯માં 'અરસપરસ', ૧૯૯૧માં 'આવનજાવન'. આ પાંચેય સંગ્રહનો એક જ ગ્રંથ 'વિદેશિની' ૨૦૦૦માં આવે છે. ૨૦૦૪માં 'રંગઝરૂખે' અને 'ચેરી બ્લોસમ્સ' મળે છે. લાંબા અંતરાલ બાદ ૨૦૧૧માં 'અત્તર અક્ષર' નામે હાઇકુ સંગ્રહ આવે છે. ૨૦૧૨માં 'ગુલમહોરથી ડેફોડિલ્સ' અને ૨૦૧૪માં 'અંતિમે' જેવા કાવ્યસંગ્રહો મળે છે. 'રંગઝરૂખે' કાવ્યસંગ્રહના નિવેદનમાં કવયિત્રી પોતાની કેફીયતમાં જણાવે છે તેમ ૧૯૭૧માં તેમણે કાવ્યો લખવાની શરૂઆત કરી. ૧૯૭૨માં તેમનું પ્રથમ કાવ્ય 'સ્નેપશૉટ' 'કવિતા' દ્વૈમાસિકમાં પ્રગટ થયું. તેમના દસ કાવ્યસંગ્રહમાંથી પસાર થઇએ તો દેખાશે કે અછાંદસથી શરૂ થયેલી તેમની કલમ ગીત, સૉનેટ અને હાઇકુ જેવા નાજુક સ્વરૂપ સુધી પહોંચે છે.

પન્ના નાયકનું પરદેશગમન સ્વૈચ્છિક છે, વળી ત્યાં ગયા પછી પણ જેમ અન્ય ડાયસ્પોરિકોને અજાણી ધરતી પર સ્થાયી થવા માટે મથામણ કરવી પડે છે તેવી પરિસ્થિતિ પન્ના નાયકની સામે આવી નથી. તેઓ લગ્ન કરી અમેરિકા જાય છે. અમેરિકા જઇ અભ્યાસ કરે છે, ત્યાં કામ પણ કરે છે. ભારત આવ-જા કરે છે. વિદેશમાં રહીને ભારતને સંભારે છે, તેની પ્રતીતિ 'વિદેશિની'ના નિવેદનમાં તેમના શબ્દોમાં જ જોઇએ: 'અમેરિકામાં રહું છું અને ભારત છોડ્યું નથી. અવારનવાર ભારત આવું છું છતાં અમેરિકા છૂટતું નથી. કવિતા લખતી ન હોત તો અમેરિકામાં ટકી શકી ન હોત. કવિતાએ મારું ભારતીયપણું અને ગુજરાતીપણું જાળવી રાખ્યું છે. અને છતાંય મને ક્યારેક એમ લાગે છે કે હું પુરેપુરી ભારતની નથી. તો આટલાં વર્ષોને અંતે એમ પણ લાગે છે કે હું પૂરેપૂરી અમેરિકાની પણ નથી. સ્વદેશ અને પરદેશની કરવતથી વહેરાયા કરું છું એટલે 'વિદેશિની'. એવું પણ મને મારા વિશે થાય છે કે "I am wandering between two worlds, one already dead and the other powerless to be born." (નિવેદન, વિદેશિની, પૃ.૬)

- વતનવિચ્છેદ

ડાયસ્પોરાને સૌથી વધારે વેદના થતી હોય તો તે પોતાના વતનને છોડવાની હોય છે. ઉપર આપણે વાત કરી તેમ કવયિત્રીનું વતન વિચ્છેદ ભલે સ્વૈચ્છિક હોય પણ તેમ છતાં તેમને વતનથી છૂટા પડવાની વેદના તો થવાની જ ને; હા એ વેદના અનૈચ્છિક વિસ્થાપનની વેદના જેવી દુષ્કર ભલે ન હોય. કવયિત્રીએ પોતાને થયેલી વતન વિચ્છેદની અનુભૂતિને પોતાના કાવ્યોમાં વિષય તરીકે આલેખે છે. પોતાનું મૂળ વતન-ભારત દેશ શરીરનો એક ભાગ સમાન જ છે તેની પ્રતીતિ તેમનું 'છતાંય' નામનું કાવ્ય કરાવે છે.

જન્મે મળેલાં

ને પછી ખોયેલા

શરીરના

એકાદ અવયવ વિના

જીવી શકાય

અને છતાંય

એની ખોટ સતત સાલે

એમ

હું જીવું-

ભારત વિના...! (વિદેશિની પૃ. ૧૮૯)

કોઈપણ ડાયસ્પોરાને મૂંઝવતી ત્રણ બાબતો એટલે કે નવી ભૂમિમાં ટકી રહેવા માટેનો સંઘર્ષ, પોતાની એક આગવી ઓળખ જાળવી રાખવી અને એકલા પડી જવાનો ડર વિશે અહીં ફૂલોના માધ્યમથી કવયિત્રીએ પોતાની વાત રજૂ કરી છે. અહીંયા વપરાયેલા અંગ્રેજી શબ્દોને બદલે કવયિત્રી ઇચ્છત તો તે માટે ગુજરાતી ભાષામાં વપરાતાં સમાનાર્થી શબ્દો વાપરી શક્યા હોત. પરંતુ તેમણે તેવું નથી કર્યું. જો તેમણે એવું કર્યું હોત તો પછી આ કાવ્ય સીધી ગતિનું સાદું અને સરળ કાવ્ય બની જાત. આ અંગ્રેજી શબ્દો એ અમેરિકાની ઝાંખી કરાવે છે. એના થકી આ કાવ્યમાં ડાયસ્પોરાપણું ઝબકી ઉઠે છે. અહીંથી આપણને પ્રીતિ સેનગુપ્તાએ ઉઠાવેલા પ્રશ્નો કે જેની ચર્ચા મેં પ્રથમ પ્રકરણમાં કરી છે તેના જવાબ પણ મળે છે કે આખે આખી અંગ્રેજી બોલી કે ભાષાની જગ્યાએ માત્ર બે કે ચાર શબ્દો દ્વારા પણ ગુજરાતી ભાષામાં ડાયસ્પોરા પોતાની સઘળી અનુભૂતિ આલેખિત કરી શકે છે જેની અહીં પ્રતીતિ થાય છે.

વરસોવરસ

જન્મી

ઊગી

'દિનાન્તે આજે તો સકલ નિજ આપી ઝરી જવું...'

ફૂલોને કેટલી નિરાંત

Survival

Identity

Alienation...

એવા કોઈ પ્રશ્નોની મૂંઝવણ જ નહીં! (વિદેશિની, પૃ.૧૦૫)

ભારત છોડ્યા પછી પણ ભારત પ્રત્યેની તેમની મમત્ત્વની લાગણી બદલાતી નથી. આજે પણ બીજી ઓક્ટોબરે તેમને ગાંધીજી યાદ આવે છે અને સ્વપ્નમાં અનાયાસે 'વૈષ્વજન'નું રટણ થઈ જાય છે. ભારત પરત ફરવાની ઇચ્છા તેમને છે જ. જે નીચેનાં કાવ્ય પરથી જાણવા મળે છે.

ઊંડી ખાઈમાં આળોટું છું
દોરડું લટકે છે અધવચ
પણ ઉપર જવું શી રીતે ? (વિદેશિની પૃ.૧૩)

આજ વાત એક હાઈકુમાં પોતે આ રીતે રજૂ કરે છેઃ

એક છેડે તું
બીજે છેડે હું, વચ્ચે
દોર તૂટેલી (અત્તરઅક્ષર, પૃ. ૧૦૧)

અહીં એક છેડો એટલે ભારત અને બીજો છેડો એટલે અમેરિકા. અમેરિકા અને ભારત વચ્ચે પોતે જીવી રહ્યા છે. શારીરિક રીતે પોતાનું વતન એવું ભારત ભલે છૂટી ગયું છે પણ અંદર પડેલા ભારતીય સંસ્કારો, સંસ્મરણો અને ભારત સાથે જોડાયેલી ખાટી મીઠ્ઠી યાદો હજી માનસપટમાંથી ભૂંસાઈ નથી. પોતાના પાસપોર્ટ પર લાગેલો અમેરિકાનો સિક્કો અમેરિકન નાગરિક હોવાનું તો પ્રમાણ આપી દેવા સમર્થ છે પણ નસેનસમાં લોહી સ્વરૂપે વહી રહેલું ભારત કોને બતાવવું? નવી ભૂમિ અને નવા વાતાવરણમાં પોતાની જાતને ગોઠવવાની ઘણી બધી કોશિશો કવયિત્રી કરે છે. ભારતની મસાલેદાર ચાની અવેજીમાં લેમન ટીથી પણ કામ ચલાવી લેવાની તૈયારી છે તેમ છતાં ભારતની યાદો કેમે કરી ભૂલાતી નથી. આથી જ તેઓ કહે છેઃ

અમેરિકાના
અને બીજા આંતરરાષ્ટ્રીય સમાચારમાંય જાણે
શોધું છું કેવળ ભારતને...
કોણ કહે છે
મેં વર્ષોથી ભારત છોડી દીધું છે ? (વિદેશિની પૃ.૧૯૦)

આગળ 'કોણ કહે છે?' કાવ્યમાં ભારત છોડ્યા પછી પણ એમનાથી ભારત છૂટતું નથી. આ ડાયસ્પોરિક લાગણી વ્યક્ત થવા પામી છે.

મારા પાસપૉર્ટમાં ભારતીય ચહેરા પર
અમેરિકન આંગળાંઓ
અને અમેરિકન સિક્કાઓની છાપ
ક્યારની પડી ચૂકી છે. (વિદેશિની, પૃ. ૧૯૦)

અને આગળ કહે છે....

મન
મુગ્ધા બનીને
અંધેરીના પરિચિત ઘરમાં વિહરી આવે છે.
અને પછી
અમેરિકાના
અને બીજા આંતરરાષ્ટ્રીય સમાચારમાં જાણે
શોધું છું કેવળ ભારતને ...
કોણ કહે છે
મેં વર્ષોથી ભારત છોડી દીધું છે? (વિદેશિની, પૃ.૧૯૦)

મન આઝાદ પંખી છે એને ક્યાં સરહદના સિમાડા નડે છે. ડાયસ્પોરિક વ્યક્તિ પોતે ભલે તેના દેશ ન જઇ શકે પણ એનું મન સતત ભારતમાં જ રમમાણ કરતું રહે છે. ભારતને યાદ કરતાં કરતાં જેમ દિવસો વિતે છે તેમ વિદેશની ભૂમિ પણ પરિચિત થતી જાય છે અને અમેરિકા પણ જીવનનો એક હિસ્સો બને છે.

હવે
શ્વાસે શ્વાસે ફેફસામાં
અમેરિકા પણ હવા થઇને ભરાય છે.
.....
અમેરિકા શાલદુશાલા થઇને વીંટળાય છે.
અને વર્ષોના વસવાટ પછી
મુંબઇના એરપોર્ટ પર ઉતરું છું
ત્યારેય
ત્વચા થઇને ચોંટેલું હોય છે
અમેરિકા... (વિદેશિની, પૃ. ૧૯૧)

અહીં ‘હવે’ શબ્દ વિદેશ ગયા પછીની વાત રજૂ કરે છે. અમેરિકા ‘પણ’ એટલે ભારત તો શ્વાસમાં છે જ હવે અમેરિકા પણ ઉમેરાય છે. ડાયસ્પોરિક વ્યક્તિ શરૂઆતમાં દેશ છોડી જાય છે ત્યારે તેને દેશ છોડ્યાનું દુઃખ હોય છે પછી ધીરે ધીરે અજાણી ધરા પર એ સ્થિર થતો જાય છે. નવી દુનિયા તેને માફક આવવા લાગે છે અને તે જીવનનો હિસ્સો બની જાય છે. પન્ના નાયકની કવિતામાં વતનનો ઝુરાપો સીધી રીતે બહું ઓછો વર્ણન પામ્યો છે. ‘તોય’ કાવ્યમાં ઘરઝૂરાપો આ રીતે રજૂ થતો જોવા મળે છે.

મારી એકલતા

અને મારા ઘરઝુરાપાને

દૂર કરતો

ઝંખેલો ભારતનો

સહ્ય વસવાટ હોય, (વિદેશિની, પૃ. ૧૯૧)

અહીં વતનમાં વસવાટની ઝંખના સ્પષ્ટપણે રજૂ થઇ છે. ઘરેથી એટલે કે વતનથી પાછી ફરતી વખતે વતનના એક એક ખૂણાને, તેની હવાને, ત્યાંના પ્રકાશને પંપાળી લે છે આવજો આવજો કહેતા. બગીચાના પારીજાતને, આસોપાલવને, કબૂતરને, આકાશ અને તેમાંથી વરસતા વરસાદને, લીલાછમ ઘાસ અને સૂરજને....

હાથ ઊંચો કરીને આવજો કહે છે. (અંતિમે, પૃ.૭૮)

દેશથી દૂર થઈ જવાથી દેશ પ્રત્યેની લાગણીઓ અને એનું આકર્ષણ કે ભૂતકાળની યાદો તત્ક્ષણ ભૂલાતી નથી હોતી. આ યાદોની દુનિયા વિશે કવયિત્રીએ પ્રકૃત્તિના માધ્યમથી પોતાની વાત આ રીતે રજૂ કરી છે:

ઘેઘૂર વૃક્ષથી અળગું થતું એક પાન –

ફંગોળાતું તો ઘડીભર માટે જ

પણ

એ ફંગોળાતી ક્ષણમાં જ

શું છોડતું વૃક્ષની માયા

અને

પામતું ધરતીની પ્રીતિ ? (વિદેશિની પૃ.૧૧૭)

આમ, ભારતની ભૂમી છોડી છે છતાં હજૂ ક્યાંક અંદર ભારતભૂમિ જીવે છે તેની સાક્ષી આ કવિતા છે -

સુક્કા

ગુલાબના છોડને

જળમૂળથી ખેંચી તો કાઢ્યો

પણ

જેની સાથે

ભીતરમાં

ભીની મહોબ્બત થઇ ગઇ છે.

એ
ધરતીનું ચોસલુંય
એની સાથે
ચોંટીને ફેંકાઇ જવા
બહાર ધસી આવ્યું... (વિદેશિની, પૃ. ૮૬-૮૭)

એક ભૂમિમાંથી ખેંચાલેય છોડ એટલે ભારતમાંથી પરદેશની ભૂમિમાં ગમન. પરદેશ ગયા પછી પણ તેની સાથે થોડી યાદો હંમેશા ડોકીયું કરતી રહે છે એ ડાયસ્પોરાનું મહત્ત્વનું લક્ષણ છે. આ રચના વિશે બળવંત જાની પોતાનો પ્રતિભાવ આપતા કહે છે કે, 'નિષ્કાસિત થયેલા ડાયસ્પોરા વ્યકિતને વળગેલા સંસ્મરણો ફેંકાઈ જવાના છે, પણ છતાં એ વળગેલા- ચોટેલા રહીને જોડાઈ રહે છે, સાથે રહે છે. પન્નાબહેન અહીં ઝૂરાપાના ભાવની ક્ષણભંગુરતાની સ્થિતિને પરિસ્થિતિને આલેખીને, પોતાનું આગવું ડાયસ્પોરિક સંવેદનને પ્રગટ કરે છે.' (પન્ના નાયકનું ડાયસ્પોરિક સાહિત્ય વિશ્વ, સંપાદકઃ ડૉ. બળવંત જાની, પાર્શ્વ પબ્લિકેશન-અમદાવાદ, પ્રથમ આવૃત્તિ-૨૦૧૨, પૃ.૧૪) આવી જ એક બીજી કવિતામાં પરાઇ ભૂમિમાં રોપાયેલા છોડની વાત કવયિત્રી કરે છે.

મેં tropical છોડને જડમૂળથી ઉખેડી
અહીં પરાઇ શીતલ ભૂમિમાં
રોપી તો દીધો
અને એ છોડે જીવવાનો નિર્ધાર પણ કરી લીધો
છતાં
અહીં જ્યારે વસંત ચેરી બ્લોસમ્સથી રંગાઇ જાય છે ત્યારે
મારું મન કેસૂડે મોહે છે
ગ્રીષ્મનાં ગુલાબ ધરા પર પોતાના બિસ્તર બિછાવી દે ત્યારે
હું ગુલમોરની યાદથી આંખ લાલ કરીને રોઉં છું... (વિદેશિની, પૃ.૯૯)

અમેરિકાનો બારેમાસ વરસતો વરસાદ મનને શાંતિ નથી આપી શકતો. ભારતના જેવી ઋતુઓની વિવિધતા અમેરિકામાં કવયિત્રીને મળતી નથી. અષાઢનો પહેલો વરસાદ વરસેને ભીની માટીની મીઠી સોડમ આવે એવી અનુભૂતિ અમેરિકાના બારેમાસ વરસતા વરસાદમાં મળતી નથી. એટલે જ કવયિત્રીનું મન મુંઝાય છે અને વિચારોમાં ખોવાઈ જાય છે. કેમકે, તેને લાગ્યા કરે છે કે,

હું homesick થઈ ગઈ છું
થાય છે

બધું ઉઠાવીને ઘેર જાઉં

પણ....

હવે મારું ઘર ક્યાં? (વિદેશિની, પૃ.૯૯)

ઘર છૂટી ગયાની આ વેદના તેઓ માછલીના રૂપે આ રીતે પણ વ્યક્ત કરે છેઃ

સરોવરની સોનેરી માછલી

તર્યા કરે છે

સર્યા કરે છે

ભટક્યા કરે છે

પાણીની પાતળી દીવાલો વચ્ચે

સ્થાયી ઘરની શોધમાં. (વિદેશિની પૃ.૨૬૪)

વતનથી દૂર થયા પછીની આ જ લાગણીને તેઓ પ્રશ્નાર્થ સ્વરૂપે પણ રજૂ કરે છેઃ

વૃક્ષનું ઉપવન વિસ્તરતું ચાલ્યું -

કેટકેટલાં દૂ.....ર

વિહરે છે આપણાં

બે નિરનિરાળાં વિશ્વ...

હું તો જાણે

આંખના ઍટલાન્ટિકનાં ખારાં નીરમાં

છુટ્ટી પડી ગયેલી

સઢવાળી કોઈ હોડી...

ક્યાં પહોંચીશ કોને ખબર ? (વિદેશિની પૃ.૨૨)

જગ્યા બદલાતાં માત્ર લોકો, ભાષા, પહેરવેશ અને સંસ્કૃતિની યાદો જ સતાવે એવું નથી. વાતાવરણ અને પ્રકૃતિનાં સાંનિધ્યમાં રહેતો માનવી નવી જગ્યાએ જાય છે ત્યારે બાળપણથી પોતાની આસપાસ જોયેલી વનરાજી, ફૂલોની દુનિયાને પણ યાદ કરે છે. ભારત છોડી અમેરિકાના ફિલાડેલ્ફિયામાં વસવાટ કર્યા પછી કવયિત્રીને ગુલમોર અને રાતરાણીની બહુ યાદ આવે છે. એની સાથે સાથે ડહેલિયા, અઝેલિયા, ચંપો, ચમેલી, મોગરા, કેસૂડાં વગેરે જોવા આંખો તરસી જાય છે. પણ તેની આસપાસ તો મેપલ, બર્ચ, ડૅફોડિલ, ટ્યુલિપ, ઇમ્પેશન્સ, પટુનિયા જેવા વિદેશી ફૂલો છે ત્યારે તેઓ કહે છે કે,

પાઈન અને સ્પ્રુસ અને ડોગ્વુડનાં ઝાડ,

કેળ ને કંદબનો અહીં ક્યાં છે ઉઘાડ ?

પારિજાત બોરસલી કેવડો ને ગુલછડી,
મારા મનમાંથી કેમે હઠતાં નથી.
ગુલમોર ને રાતરાણી મળતાં નથી. (વિદેશિની પૃ.૩૪૧)

ઉપરોક્ત પંક્તિઓ વાંચ્યા પછી સ્પષ્ટ પણે સમજાવા લાગે કે, કવયિત્રીએ પોતાની વાતને રજૂ કરવા માટે વૃક્ષ અને ફૂલોના રૂપકોનો વિશેષ પ્રમાણમાં ઉપયોગ કર્યો છે. આ ગીત વિશે બળવંત જાની કહે છે કે, "ઝૂરાપાની પીડામાં કારણભૂત બને છે તુલના. ત્યાંનું અને અહીંનું જે કંઈ અલગ છે એની અભિજ્ઞતા જ પીડાનું કારણ બની રહે છે. બૌદ્ધિકતા, ડહાપણ, જીવન જીવવાની પસાર કરવાની સ્પૃહા, તીવ્ર અપેક્ષા પણ એમાં કામે લાગતી નથી, જાણે છે એથી જ પીડા મળે છે. અહીં નથીની અભિજ્ઞતા જ એમને કેમ બેબાકળી બનાવી મુકે છે એનું બયાન 'ફિલાડેલ્ફિયા અઝેલિયા' ગીતમાં છે. ગીતમાં તો પ્રસન્નતાની ક્ષણોને વાચા મળી હોય, અહીં અભાવની - અભિજ્ઞતાની પીડાને ગીત જેવા ગાણાના થાળમાં વિરહનું - વેદનશીલ અવસ્થિતિનું ભાણું પિરસવાનું કવયિત્રીનું વલણ પણ ધ્યાનાર્હ છે. એક પ્રકારની અભિશાપિત સ્થિતિ છે. ગીત ગાયું છે, ગાય છે પણ અભાવનું ગાણું ગવાઈ જવાય છે. આ નિયતિ છે નિષ્કાસિત થયેલા કોઈ પણ સર્જકની." (પન્ના નાયકનું ડાયસ્પોરિક સાહિત્ય વિશ્વ, સંપાદકઃ ડૉ. બળવંત જાની, પાર્શ્વ પબ્લિકેશન-અમદાવાદ, પ્રથમ આવૃત્તિ-૨૦૧૨, પૃ૧૭)

વૃક્ષની વાત દ્વારા એક રીતે આ કવયિત્રી પોતાની અને ડાયસ્પોરાની જ વાત રજૂ કરે છે એ સ્પષ્ટ પણે જોઈ શકાય છે. પરંતુ, વૃક્ષ પરાયી ભૂમિમાં વિકસે છે ત્યારે પોતાના ભૂતકાળને કે મૂળ જગ્યાને યાદ કરી શકતું નથી. માણસ પાસે એ શક્તિ છે. આથી નવી ભૂમિમાં સ્થાયી થયેલો માનવી પોતાના માદરેવતન અને ભૂતકાળની યાદોને વાગોળી શકે છે. પણ, આ યાદશક્તિ ક્યારેક માણસને હતાશ પણ કરે છે. વૃક્ષને એ બાબતે શાંતિ છે. તો બીજી જગ્યાએ એમ પણ કહે છે કે,

એક વાર ઉછરેલો છોડ
માળીને ક્યારેય ભૂલી શકતો નથી
ઘેઘૂર વૃક્ષ બન્યા પછીય –

...

માળીનેય કંઈ યાદ હશે ખરું ? (વિદેશિની પૃ.૪૮)

'જાપાનીઝ મેપલ છોડ અને હું' કાવ્યમાં અજાણી ધરતીના છોડ મેપલ વિશે વિચારે છે કે પોતાની જાત વિશે એ નક્કી કરવું અઘરું છે. કવયિત્રીએ પરાયી ભૂમિમાં મેપલ છોડ વાવેલ. એ વૃક્ષ ઉગ્યું, ફૂલ્યું, ફાલ્યું ત્યારે મનમાં સવાલ થાય છે કે,

એને ક્યારેક

જાપાન યાદ આવશે ખરું ?

મને મુંબઈ યાદ આવે છે. (ગુલમહોરથી ડૅફોડિલ્સ, પૃ. ૫૮)

પણ અચાનક થોડા સમય પછી આ વૃક્ષ સુકાઈ ગયું. એટલે કપાવી નાખવું પડ્યું. અને પછી માત્ર તેની યાદો જ બચે છે. આ યાદો દર ઉનાળે તેમને સતાવે છે. યાદો સતાવે ત્યારે ઘર તો યાદ આવે જ ને? કવયિત્રીનું વિસ્થાપન સ્વૈચ્છિક છે. લગ્ન થવાથી પિયર છૂટે એ તો સમજી શકાય પણ લગ્ન પછી વિદેશગમનના લીધે કુંટુંબીજનો, સ્નેહીજનો, મિત્રોથી માંડી સ્વદેશ પણ છૂટી ગયું છે. જેની વેદના તેઓ આ રીતે વ્યક્ત કરે છેઃ

આંખો યાદ કરે છે –

પાછું વળીને જોયા વિના

ગાડીનું બારણું ખોલી

બેસી ગયેલાં પગલાં... (અંતિમે, પૃ. ૧૫)

'માતૃભાષા' કાવ્યમાં માતૃભાષાનો મહિમા પણ છે અને અમેરિકામાં ગુજરાતી સર્જકને ઓળખનાર કોઇ નથી એ વાતનો રંજ પણ છે.

હજીય ફિલોડેલ્ફીયામાં

સપનાં

ગુજરાતીમાં આવે છે. (ચેરીબ્લોસમ્સ, પૃ.૫૮)

વતનની યાદો અને સ્વજનોને લીધે કવયિત્રી અવારનવાર વતન અને પરદેશ વચ્ચે આવજા કરી શકે છે. આ આવન જાવન હવાઈ માર્ગેથી થતું હોવાને લીધે દરેક વખતે એરપોર્ટ ખાતે કસ્ટમ ડેકલેરેશન ફોર્મ ભરવું પડે. કોઈ કિંમતી ચીજવસ્તુઓ વગર ટેક્સભર્યે તો હેરફેર નથી કરી રહ્યાં એની કાળજી કસ્ટમ વિભાગ રાખતું હોય છે. એવામાં ભારતથી અમેરિકા આવવાના એક વખતના બનાવની ઘટનાને કવયિત્રીએ 'ડ્યુટિએબલ આઇટમ્સ' નામના કાવ્યમાં વિષય બનાવ્યો છે. કવયિત્રીના સામાનની તલાશી લેતી વખતે તેની ઓગણત્રીસ ઇંચ ભરેલી બેગ ખોલવામાં આવે છે ત્યારે,

બેગને છેક તળિયેથી

હાથ આવ્યું

એક પરબીડિયું

જેમાં સંતાડ્યા હતાં

અંધેરીના ઘરના બગીચાનાં

સૂકાયેલા ગુલાબ, ગુલમહોર ને બોરસલ્લીનાં ફૂલો.. (અંતિમે, પૃ. ૮૧)

આમ, આ વસ્તુઓ કવયિત્રીનો ભારત પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કરી આપે છે. ભારતથી પરદેશમાં પરત ફર્યા પછી શરૂઆતના દિવસોમાં તો મન ભારતની યાદોમાં ખોવાયેલું રહે છે. ભારતથી લાવેલો સૂકો નાસ્તો અને અથાણાંઓ ધીમે ધીમે ખૂટવા લાગે છે અને મન અમેરિકાની જીવનશૈલી પ્રમાણે રોજબરોજની દૈનિક પ્રવૃત્તિઓમાં પરોવાઈ જવા લાગે છે પણ અચાનક એક દિવસ એક પત્ર આવે છે અને પાછી બધી યાદો તાજી થઈ જાય છે. તે વાતને તેઓ આ રીતે રજૂ કરે છે,

Festival of Indiaની સ્ટૅમ્પવાળો
રાધાકૃષ્ણના રમણીય ચિત્રનો
પોસ્ટકાર્ડ.
બીજી ટપાલને હડસેલતી
કશુંક મમળાવતી
મારી નજર ખોડાઈ જાય છે
એ કાર્ડ ઉપર...
કે જાણે–
આસ્તે આસ્તે
સંકોચાતો સંકોચાતો
૪ x ૬નો થતો જતો
ભારતની સ્મૃતિનો પટ...! (વિદેશિની, પૃ.૨૪૪-૨૪૫)

બીજા એક કાવ્યમાં વતનથી પરત ફર્યા પછી થતી વેદના વ્યક્ત થઈ છે. દિવાળીની રજાઓ સ્વજનો સાથે માણી ફિલાડેલ્ફિયા પરત ફર્યા પછીય કોઈ તેને બોલાવતું નથી એટલે પોતે વિચારે છેઃ

મને કોઈ ઓળખતું નથી. તદ્દન નવી,
અપરિચિત વ્યક્તિ લાગું છું. ક્યારેક કોઈક
મને સ્મિત આપે છે ત્યારે ઘડીભર.... ના, ના,
એ તો સહજ formality. (વિદેશિની પૃ. ૧૦૦)

સામાન્ય લાગતી આ ઘટનામાં ઘણું દર્દ છુપાયેલું છે. ભારતમાં લોકો ન ઓળખતા હોય એવા વ્યક્તિને પણ મળે છે ત્યારે વાતો કરવા માંડે છે, જ્યારે કવયિત્રીને તો પોતાની ઓફિસમાં પણ કોઈ બોલાવતું નથી. કેમકે, અમેરિકા જેવા દેશમાં જરૂરિયાત ન હોય ત્યાં સુધી કોઈ કોઈને બોલાવતું નથી એ જ વાતને આ રચનામાં પન્ના નાયકે આલેખી છે. જેમાં કોઈ લોકો તેમને બોલાવતા નથી પણ આખરે અતિશયોક્તિ જેવું લાગે કે,

હું પૈડાંવાળી ખુરશી ઘસડી મારા ડેસ્ક પાસે બેસું છું.

ડેસ્ક પરનાં મારી સામે મીટ માંડતાં પુસ્તકો, બારે માસ
તાજગી આપતો મની-પ્લાન્ટ, ડેસ્કના ડાબા ખાનામાં
સચવાયેલા પત્રો, જમણી બાજુનું ટાઇપરાઇટર અને ડેસ્ક
પર લટકતું (ગઈ એ દિવસની તારીખ બતાવતું) કેલેન્ડર-
સૌ મને પરિચિત આવકાર આપે છે અને બોલી ઊઠે છે:
“Oh, we Missed you Very Much.” (વિદેશિની પૃ. ૧૦૧)

આમ, નિર્જીવ વસ્તુઓ તેને આવકાર આપવા માટે બોલી ઉઠે છે. તેમ છતાં વર્ષો પછી પણ અચાનક ભારતથી કોઈ નવો પત્ર આવે છે તો આંખોમાં એક નવી તાજગી અને હોઠો પર સ્મિત આવી જાય છે. કારણ કે, મનમાં થયા કરે છે કે કોઈ સ્વજનનો પત્ર હશે. એક નિર્જીવ પત્રથી પણ કેવી આશાઓ માનવી બાંધી રાખતો હોય છે એની અભિવ્યક્તિ હાઇકુ સ્વરૂપે આ રીતે કરે છે:

ડોકાય પત્ર
મેઈલમોક્સમાંથી –
આંખોમાં સ્મિત. (ચેરી બ્લોસમ્સ, પૃ. ૬૪)

સ્વદેશથી દૂર થઈ જવાથી દેશ પ્રત્યેની લાગણીઓ છૂટતી નથી હોતી. ભારત છોડી પરદેશમાં સ્થાયી થવાની આશા ઠગારી નીવડે છે ત્યારે તેઓ કહે છે,

આ બધું શક્ય ક્યાંથી
મૂળિયાં વિનાની કાયાને...? (વિદેશિની પૃ.૧૨૦)

કેમકે, મૂળિયાં તો સ્વદેશમાં જ છે. વ્યક્તિ હોય કે ફળ, ફૂલ, વૃક્ષ તેને વિકસવા માટે અનુકૂળ વાતાવરણની જરૂર પડે છે. જો એને અનુકૂળ વાતાવરણ મળે તો જ આ સજીવો જીવી શકે છે. પણ જો એને અનુકૂળ વાતાવરણની જગ્યાએ પ્રતિકૂળ વાતાવરણમાં મૂકાવું પડે તો એ પોતાની આગવી ઓળખ કાયમી રાખી શકે ખરાં? તેથી જ કવયિત્રી કહે છે કે,

કમળ ખારાં જળમાં
ઊગે
તો
જળકમળવત્ રહી શકે ખરાં ? (અંતિમે, પૃ. ૧૯)

જન્મભૂમિ મુંબઈથી કર્મભૂમિ ફિલાડેલ્ફિયા સુધીના પોતાના જીવનની યાત્રામાં કવયિત્રીને ઘણા બધાં અનુભવો થયાં છે. આ બે જગ્યાના અલગ અલગ અનુભવોના ભાથાને કવયિત્રીએ ‘બે શહેર’ જેવા દીર્ઘ કાવ્યમાં તુલનાત્મક રીતે રજૂ કર્યા છે. તેઓ કહે છે કે,

મુંબઈ કરતાં વધુ વરસો
ફિલાડેલ્ફિઆમાં ગાળ્યાં હોય
તોય
મુંબઈ રખે માને
કે
હું એને ભૂલી ગઈ છું
કે
હું એને હવે ઓછું ચાહું છું. (ગુલમહોરથી ડૅફોડિલ્સ, પૃ. ૩૩)

તો મુંબઈમાં ચોમાસે પડતો વરસાદ અને ફિલાડેલ્ફિયાનો બારેમાસ વરસતો વરસાદ કવયિત્રીને અલગ જ અનુભૂતિઓ કરાવે છે. મુંબઈની ભીડભાડ ભરી જિંદગી સામે ફિલાડેલ્ફિયામાં લોકો ઓછા છે. મુંબઈ કરતાં ફિલાડેલ્ફિયામાં સ્વચ્છતાનું પ્રમાણ પણ વધારે છે અને લોકોમાં શિસ્તનું પ્રમાણ પણ વધારે છે તેના અનુભવો પણ તેમને થતાં રહે છે. તો મુંબઈની ગરીબીની વાત કરતાં તેઓ કહે છે કે,

ટ્રાફિક લાઈટ પર
ગાડીની આજુબાજુ
સ્ત્રીની કાખમાં બેસાડેલાં
ક્યારેક વેચાતા છોકરાં
જોવા મળતાં નથી. (ગુલમહોરથી ડૅફોડિલ્સ, પૃ. ૩૪-૩૫)

પરંતુ ફિલાડેલ્ફિયામાં સાવ ગરીબાઈ કે ગરીબો નથી એવું પણ નથી. ત્યાં પણ ગરીબાઈ છે પણ મુંબઈ કરતાં અલગ સ્વરૂપે. મુંબઈના જેવું ઘોંઘાટિયું જીવન ત્યાં નથી. મુંબઈમાં ધુમાડા અને પ્રદુષણને કારણે ગરમી વધારે રહે છે જ્યારે ફિલાડેલ્ફિયામાં એ બાબતે થોડી રાહત રહે છે. પણ આખરે તો પોતે એકરાર કરે છે કે,

મુંબઈ જેટલું જ
આ ફિલાડેલ્ફિઆ
મારું પ્રિય પ્રિય શહેર.
મારા હૃદયમાં એકીસાથે શ્વસે છે
બે શહેર –
મુંબઈ અને ફિલાડેલ્ફિઆ... (ગુલમહોરથી ડૅફોડિલ્સ, પૃ. ૩૭)

‘બગીચો રચવાની કળા’ નામના કાવ્યમાં તેઓ પોતાના તમામ નિવાસસ્થાનોને એક સાથે યાદ કરી કહે છે કે,

હું

અત્યારે

મારા ફિલાડેલ્ફિઆના ઘરમાં

રવિવારની સવારે

મારી સાથે બેઠી છું.

અને છતાંય

મને આંખ સામે

વૉશિંગ્ટન, બૉસ્ટન, ન્યૂયોર્ક, મુંબઈ

મારું અંધેરીનું ઘર –

આ બધું જ દેખાય છે. (રંગઝરૂખે, પૃ. ૫૯)

ભૂતકાળ ક્યારેય ભૂલી શકાતો નથી. એ હંમેશા જીવનભર માનવીની આંતરચેતના રૂપે તેની સાથે વણાયેલો રહે છે. ‘મને મારો પરિચય’ નામની રચનામાં પોતે આ જ વાતનો એકરાર કંઈક આ રીતે કરે છેઃ

કરમાઈ ગયેલું ફૂલ હોય તોપણ

એ

વસંતનો સ્પર્શ કદી ભૂલતું નથી. (રંગઝરૂખે, પૃ. ૨૭)

ઘરમાં સાફસફાઈ થાય અથવા કલરકામ થાય ત્યારે લટકાવેલી છબીઓ ઉતારી લેવાય છે. પણ એના દાગ ભીંતો પર રહી જ જતાં હોય છે. આમ, નિર્જીવ ઘરમાંથી જો છબીઓના દાગ ન જતાં હોય તો માનવીના જીવનમાં વણાઈ ગયેલી વ્યક્તિ કે સ્વજનોની સ્મૃતિ રૂપી છબીઓના દાગ કેવી રીતે ભૂંસાય? વિદેશમાં રહીને ભારતની ઝંખના તેમની એક કવિતામાં આ રીતે રજૂ થઈ છેઃ

ખોલી નાખીએ પૂર્વની બારી

આવવા દઈએ સૂર્યની સવારી

ને બનાવી દઈએ

વાતાવરણ ફરીથી tropical. (વિદેશિની પૃ. ૪૬)

આ કાવ્યમાં પૂર્વની બારી એટલે નિર્વિવાદ ભારત તરફ જ વાચક વર્ગનું ધ્યાન જાય. આ કાવ્યમાં વિદેશના સંસર્ગે વિદેશી ભાષાના શબ્દો પણ આવે છે. આ બારીનો સંદર્ભ બીજા કાવ્યોમાં પણ પુનરાવર્તન થઈ આવતો રહે છે. પણ એ બીજા કાવ્યમાં આવતા આ શબ્દો જોઈએઃ

અમેરિકામાં illegal alienને પકડી

હાથકડી પહેરાવી

કેદમાં રાખે છે

એના પર કેસ ચાલે છે

ને illegal પુરવાર થતાં

વળી દેશવટો દેવાય છે. (વિદેશિની પૃ. ૨૫૨)

અમેરિકામાં પાસપોર્ટ વિઝા વગર ઘણાં બધા લોકો આવતા હોય છે. આ લોકો સામે કરવામાં આવતી કાર્યવાહીનો અહીં અંદાજ આવે છે. આ રીતે ચોરીછૂપીથી અમેરિકા જવામાં ભારતીયો પણ હોય છે એ નોંધવું રહ્યું.

ફિલાડેલ્ફિયા જેવા મોટા શહેરમાં રહેતી કવયિત્રીને ભારતની યાદ બીજી અનેક રીતે આવતી રહે છે. એક હાઇકુ દ્વારા પોતે તે પીડાને આ રીતે વ્યક્ત કરે છેઃ

ન આંગણે કે

ન મોભે મોર ગ્હેકે

અમેરિકામાં (અંતિમે, પૃ. ૧૨૯)

ભારત પરત ફરવાના સ્વપ્ના કવયિત્રીએ ઘણી વખત જોયેલા છે. પણ વાસ્તવિકતા એ છે કે ભારત પરત ફરી શકાય એમ નથી. વર્ષો સુધી અમેરિકામાં રહ્યા પછી હવે ભારત એક સ્વપ્ન માત્રથી વધારે કંઈ નથી. પત્રો દ્વારા જીવંત થતી બાળપણની મીઠી યાદોય હવે અમેરિકાની બહુ વ્યસ્ત જીવનશૈલીમાં વાગોળવી શક્ય નથી. આથી પોતાના આ સ્વપ્નાઓને વેચી નાંખવાની પણ વાત તેઓ કરી દે છે કે જેથી હવે દુઃખ ઓછું થાય. વતન પરત ફરવાની ઇચ્છાઓ ન થાય.

મહામૂલાં જતનથી સેવેલાં

પણ

હવે મને ના ખપનાં

એટલે

ઘટાડેલે ભાવે

વળતર સાથે

વેચી નાખવાનાં છે

મારાં સપનાં...! (ચેરી બ્લોસમ્સ, પૃ. ૬૫)

અમેરિકાની ભાગદોડ ભરી જિંદગીમાંથી સમય વધારે મળતો નથી. વળી, અમેરિકામાં જ કાયમી રહેવાનો નિર્ણય પણ લેવાઈ ગયો છે આથી દરેક અમેરિકન નાગરિકોની જેમ એક અઠવાડિયાની શાકભાજી અને જીવન જરૂરિયાતની બીજી સામગ્રી એકસાથે મોલમાંથી ખરીદી લાવી ફ્રીઝમાં સાચવી રાખી વાપરવાની તેમને પણ ટેવ પડી ગઈ છે. આના લીધે તેઓ કહે છે કે,

મુંબઈ અને ફિલાડેલ્ફિઆની
વચ્ચેના સમયમાં
લાગણીઓની ઊથલપાથલ થઈ ગઈ.
જમાઉધાર પાસાં ડામાડોળ થઈ ગયાં. (ચેરી બ્લોસમ્સ, પૃ. ૭૫)

અમેરિકામાં સ્થાયી થઈ ગયા પછી ભારતની યાદો ધીમે ધીમે ઓછી સતાવે છે તેથી તેઓ સ્વસ્થ થઈને કહે છે કે,

હવે
બા-બાપાજી નથી.
હવે
એ ઘરની
કે
મુંબઈના વરસાદની
કે
વરસોવાના દરિયાની
કે
કોઈની પણ યાદ
મને કનડતી નથી. (ગુલમહોરથી ડૅફોડિલ્સ, પૃ. ૨૦)

તો આ જ કાવ્યમાં તેઓ આગળ કહે છે કે,

મુંબઈ રગેરગમાં વસેલું છે
તોય
હવે
ઘર એટલે
આ ફિલાડેલ્ફિઆનું જ ઘર. (ગુલમહોરથી ડૅફોડિલ્સ, પૃ. ૨૧)

નદીમાં પૂર આવે ત્યારે નદીનું આખું પાણી ડહોળાઈ જતું હોય છે. પણ પૂર શમ્યાં પછી નદીના પાણીમાં ઉપર તરી રહેલો બધો જ કચરો તળીયે બેસી જાય છે. નદીનું પાણી પાછું સ્વચ્છ થઈ જાય છે. કવયિત્રીના જીવનમાં પણ વર્ષો પછી શાંતિ આવી હોય તે પ્રકાના કાવ્યો તેમણે ‘રંગઝરૂખે’ નામનાં સંગ્રહમાં સમાવ્યાં છે. એટલે જ તે સંગ્રહના નિવેદનમાં તેઓ કહે છે કે, ‘મારે એટલું જ કહેવું છે કે આ સંગ્રહમાં જીવન પ્રત્યે મારો જે અભિગમ છે તે પ્રગટ થયો છે. વેદનાથી પ્રારંભ થયેલી મારી કવિતા કોઈ વિસ્મયના વિશ્વમાં

મને લઈ જાય છે......બધી જ અપેક્ષાઓ ખંખેરાઈ ગયા પછી મન કઈ રીતે જાતને અને જગતને લગભગ સાક્ષીભાવે જુએ છે એનો અહીં કોઈને કદાચ નકશો મળે તો મળે.' (નિવેદન, પૃ.૭) આ સ્વસ્થતાનું જ એક કાવ્ય જોઈએઃ

ભૂતકાળને ઊંચકીને ચાલવામાં
મને રસ નથી.
નહીં જન્મેલા બાળક જેવી
આવતી કાલમાં પણ મને રસ નથી.
હું તો ઝૂકું છું
ક્ષણેક્ષણના રંગઝરૂખે. (રંગઝરૂખે, પૃ. ૫૬)

અમેરિકામાં ગુજરાતીઓની આખી જિંદગી પૈસા કમાવવામાં નીકળી જાય છે. બાળકો પણ પુખ્ત થયા પછી પોતપોતાની રીતે અલગ થઈ જઈ સેટ થઈ જાય છે. નિવૃત્તિ પછી વૃદ્ધાવસ્થાઓમાં આવા લોકોને કોઈ સહારો રહેતો નથી. ભારત જેવા સંયુક્ત કુંટુંબોની વ્યવસ્થા અહીં નથી. જેથી જીવનની છેલ્લી ક્ષણોમાં એકલતા અનુભવતા વૃદ્ધોની વેદનાને 'કુર્માવતાર' નામનું કાવ્ય વાચા આપે છે. તેમાં કવયિત્રી કહે છે,

ભારત જઈ શકાય એમ નથી
અમેરિકા રહી શકાય એમ નથી
સંતાનો તો ઊડીને સ્થિર થઈ ગયાં
પોતપોતાના માળામાં
અમે બધાં
સિટી વિનાના
સિનિયર સિટીઝન. (ચેરી બ્લોસમ્સ, પૃ. ૫૯)

જીવનમાં સગાસંબંધી અને પોતાના કહી શકાય તેવા સ્નેહીજનોની વર્તાતી ખોટનું પણ આ કાવ્ય છે. પરદેશગમન પછી પણ ભારતીય સંસ્કારો છૂટ્યાં નથી તેની સાબિતી આપે છે નીચેના કાવ્યની આ પંક્તિઓ,

રોજ સવારે
મૂર્તિ સામે
ઘીનો દીવો કરું (વિદેશિની, પૃ ૨૩)

તો એક હાઈકુ દ્વારા કહે છે કે,

વાગ્યા કરતી
વૈષ્ણવજન ટેપ

બહેરા કાને (અત્તરઅક્ષર, પૃ.૭)

ભજનો હજી વાગ્યા કરે છે એ સૂચવે છે કે ભારત ભલે છૂટી ગયું હોય પણ ભારતીયપણું હજી છૂટ્યું નથી. અમેરિકા જેવા દેશની ભાગદોડ ભરી જિંદગીમાં ભજનો સાંભળવાનો સમય પણ હવે મળતો નથી એ પણ વાસ્તવિકતા છે. એટલે કામકાજ કરતાં કરતાં ભજનોની ટેપ ચાલુ રાખી દેવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિથી નાળ કપાઈ ન જાય એ માટે ભારતીય સંસ્કૃતિ સાથે પણ જોડાઈ રહેવું છે તો સાથે સાથે વિકાસની આંધળી દોડ પણ લગાવવાની છે. આ વાતને ઉપરોક્ત પંક્તિઓ દ્વારા રજૂ કરવામાં આવી છે.

તેમની કવિતામાં વિવિધ સ્મરણો અને યાદો તેમને ભારત સાથે જોડી રાખે છે. તેમની બાળપણની યાદો અને સંભારણા જે છૂટી ગયા છે તેનો સતત વસવસો કવિતામાં પ્રગટ થતો રહે છે.

એવા ઍર-ટાઇટ ઓરડાની
સલામતીની મજબૂત દિવાલો વચ્ચે
ભીતરની ગહેરાઇને આંબવા મથતો
આંબલીનો અવાજ
કશુંક પૂછતો
સતત પડઘાયા કરે છે. (વિદેશિની, પૃ. ૧૪૨)
કેટલાંય સ્મરણોની રજકણ
અમથી અમથી ઉડ્યા કરે છે. (વિદેશિની, પૃ.૮૫)

- સ્વજન

પરદેશમાં રહેવાના લીધે સ્વજનો છૂટી ગયા છે. સંબંધો તૂટી ગયા છે. વ્યક્તિ વ્યક્તિ વચ્ચેના વિશ્વાસ તૂટવા માંડ્યા છે. આ બધાને સાંધી આપનાર હવે કોઈ નથી. નાનપણમાં બા હતા ત્યારે બધું સાંધી આપતા હતા તેથી બા હોત તો કદાચ આવું ન જ થયું હોત. એટલે અફસોસ વ્યક્ત કરતાં 'સાંધણ' કાવ્યમાં ફ્રોક સાંધી આપવાની વાત છેક તૂટેલા સંબંધો સાથે જોડાય છે.

હવે
ઘણું બધું ફાટી ગયું છે.
સોય-દોરો સામે છે.
ચશ્માં પહેરેલાં છે
પણ દોરો પરોવાતો નથી.
કોણ જાણે ક્યારે
સાંધી શકાશે

આ બધું ? (ગુલમહોરથી ડૅફોડિલ્સ, પૃ. ૧૬)

'બાને પ્રશ્ન' કાવ્યમાં બા સાથેનો સંવાદ છે. બાની સલાહ હતી કે,

એકલું લાગે
ત્યારે
પૂર્વની બારીઓ ખોલી નાંખજે. (ગુલમહોરથી ડૅફોડિલ્સ, પૃ. ૬૧)

આ પૂર્વની બારી એટલે આગળ વાત કરી તેમ ભારત. તેમ છતાં આજે જ્યારે એકલું લાગે છે ત્યારે તેઓ કહે છે કે,

પૂર્વની બારીઓ ખોલી નાંખી છે
અને
બધી ભીંતો
સોનેરી સોનેરી થઈ ગઈ છે
તોય બા,
એકલું કેમ લાગે છે મને ? (ગુલમહોરથી ડૅફોડિલ્સ, પૃ. ૬૧)

તેમની કવિતામાં ભારતીય સંસ્કાર અને પરંપરાની ઝલક પણ આપણને જોવા મળે છે. તેમના મૂળ હજૂ ભારતમાં ગુજરાતમાં છે એની સાક્ષી એ છે કે, અમેરિકામાં રહેવા છતાં ઘરમાં તુલસી વાવી છે. પણ આ તુલસીની કાળજી સમયસર લેવાતી ન હોવાથી તે સુકાઈ જવા આવી છે. આ સુકાઈ જતી તુલસીની સાથે કવયિત્રીને બાની યાદ પણ આવી જાય છે. તેમને ચોક્કસ પણે એવું લાગે છે કે જો બા હોત તો તુલસી સુકાઈ ન હોત.

કૂંડે સુકાતી
તુલસી, શોધ્યા કરે
બાનાં પગલાં. (ચેરી બ્લોસમ્સ, પૃ. ૧૪)

આ સિવાય નાની નાની બાબતોમાં જ્યારે પણ પોતાને તકલીફ પડે છે ત્યારે અચાનક બાની યાદ આવી જાય છે.

મુંબઈથી પાછા આવી
ઘરમાં પગ મૂકતાં જ
ઠોકર વાગી.
પગને સંભળાયા
બાના શબ્દોઃ

સાચવજે, હં! (અંતિમે, પૃ. ૫૦)

તેમની કવિતામાં સીધીરીતે ભારત બહુ ઓછું આવે છે. વિદેશમાં સતત તેમની બાને યાદ કરે છે. એકલતામાં પોતાની બાને પત્ર લખવાની વાત કરતા કહે છે કે,

સ્વદેશ વસતી મારી એંશી વર્ષની માને
આંસુવાળો કાગળ મોકલું
ભલેને પહોંચતા પહેલાં એ સુકાઇ જાય ! (વિદેશિની, પૃ. ૩૫)

અહીં એમને પોતાના દુઃખોની વાત માતાને કહેવી છે વળી એ આંસુ પહોંચતા સુધીમાં સુકાઇ જશે જે વાતથી ભારત અને અમેરિકા વચ્ચેના અંતરની વાત પણ થઈ જાય છે. તે એની માતાને પોતાનું દુઃખ કહેવા માંગે તો પણ ત્યાં સુધી પહોંચતા એ વ્યથાના આંસુ સુકાઇ જાય છે.

'બા' કવિતામાં બાના શબ્દચિત્ર દ્વારા એક સ્ત્રીની આખી જિંદગીની નિયતિ દર્શાવી છે. વ્યાજસ્તુતિ અલંકાર દ્વારા બાના જીવનના દરેક નાના નાના કાર્યને આવરી લઈ તેની વાત કરવામાં આવી છે. આખી જિંદગી કાર્યો કરવાં છતાં તેની કદર તો થતી જ નથી...

બા બહુ ભણેલાં નહોતાં
એમણે આખી જિંદગી
ક્ષુલ્લક ને બિનજરૂરી કામો જ
કર્યાં કર્યાં. (ગુલમહોરથી ડેફોડિલ્સ, પૃ. ૯૯)

ભૌતિકવાદ અને ઉપયોગિતા તપાસતી પશ્ચિમી જીવનશૈલીથી ભારતીય લોકો એટલી ઝડપથી અંજાઈ જતા થયા છે કે જીવનમૂલ્યો અને આદર્શોને નેવે મૂકવા લાગ્યાં છે. પૈસો કમાવવો એ જ માત્ર જીવનનું લક્ષ્ય હોય એમ દિવસ અને રાત ઘેટાંબકરાંની જેમ ભાગદોડ કરતાં અમેરિકનોની જેમ ભારતીયો એ જીવનશૈલી અપનાવતા થઈ ગયા છે. ત્યારે ઘર સંભાળવું, બાળકોને પૂરતો સમય આપી તેને ઉછેરવા, સંસ્કારો આપવા જેવી મહત્ત્વની કામગીરી તેઓ અવગણવા લાગ્યા છે, જેને લીધે બાળકોમાં જરૂરી સંસ્કારોનું સિંચન થતું નથી. પૈસા કમાવવામાં મસ્ત આજના અમેરિકન લોકોની માનસિકતાને પ્રગટાવતું અને ભારતીય જીવનશૈલીની કદર કરતું આ કાવ્ય છે. તો 'બા', 'બાપાજી' અને 'સુરેશ જોષીને' એવા શીર્ષકથી ત્રણ સોનેટમાં ત્રણેય પાત્રો સાથેનો નિકટતા ભર્યો સંબંધ અને તેમની યાદો સમાયેલ છે. 'બા' સોનેટના આ શબ્દો જોઈએ:

બધી તારી વાતો, શીખ સમજ એળે જ ગઈ, બા,
ફળ્યું ઝાઝું કૈં ના જીવન મમ, આપ્યું સુખ નથી
કરાવી છે ચિંતા. જનની, મુજને માફ કરજે. (અંતિમે, પૃ. ૧૨૪)

તો 'બાપાજી' સોનેટમાં તેઓ કહે છે કે,

સવારે ને સાંજે નિત દિન અમે પાય પડતા,
'સુખી થાજો બેટા,' દીકરી વહુ ને પુત્ર સહુને
કહી ધબ્બો મારો, પીઠ પર મીઠો, વ્હાલ કરીને. (અંતિમે, પૃ. ૧૨૫)

સ્વજનોની યાદ અપાવતી ઘણી બધી વસ્તુઓ હવે નકામી થઈ ગઈ હોવા છતાં તેને ફેંકી દેવાને બદલે સાચવીને રાખી દેવામાં આવે છે. જે વાત તેઓ 'શાલ' નામના કાવ્યમાં આ રીતે રજૂ કરે છેઃ

હું
એને
સાચવીને
ફરી ગડી વાળીને મૂકી દઉં છું
ક્લોઝેટના શેલ્ફ પર
બાનાં સ્મરણની જેમ... (ગુલમહોરથી ડેફોડિલ્સ, પૃ. ૬૫)

બાળક દુનિયામાં અવતરતા પહેલા માતા સાથે નાળથી જોડાયેલું હોય છે. નવ મહિના માતાના ગર્ભમાં રહ્યા પછી બાળકનો જન્મ થાય છે ત્યારે આ નાળ કાપી નાંખવામાં આવે છે. આ રીતે બાળક સ્વતંત્ર થાય છે. માતા સાથેનો શારીરિક સંપર્ક કપાઈ જાય છે પણ માનસિક રીતે લાગણીનો સંબંધ આજીવન રહે છે. પરંતુ વર્ષો પછી કવયિત્રીના માતાનું મૃત્યુ થવાથી તેમને લાગે છે કે,

મારા જન્મ સમયે
કપાયેલી
સંબંધક નાળ
ફરીને... (વિદેશિની પૃ.૧૦૪)

બાના અવસાનથી એકલતા અનુભવતા 'એક સવાર' કાવ્યમાં કવયિત્રી એમ પણ કહે છે કે,

શૈશવમાં ફરતો
બાનો સ્નિગ્ધ હાથ
મારા વાંસા પર
ફરીથી ફરી શકે તો? (અંતિમે, પૃ. ૯૧)

આ જ વાત એક હાઈકુમાં તેઓ આ રીતે રજૂ કરે છે,

સૂના ઘરમાં
બા-બાપુ સ્મૃતિ-ઠેસે

હીંચકો ઝૂલે. (ચેરી બ્લોસમ્સ, પૃ. ૭૪)

...

કોણ જાણે કેમ

હીંચકા પર ઝૂલતી

મારી મા

યાદ આવે છે. (વિદેશિની, પૃ ૧૪૭)

બા ના ગયા પછી બાની વાતો પણ તેમને યાદ આવે છેઃ

અંધેરી યાદ આવે છે...

બા કહેતાં હતાઃ જિંદગી એટલે

ચોર્યાસી લાખ ફેરાનું ચક્કર...

એ યાત્રામાં મારા કેટલા માઈલ કપાયા હશે? (વિદેશિની, પૃ.૧૦૪)

'બાની કાંસકી' નામના કાવ્યમાં અમેરિકાના ફિલાડેલ્ફિયામાં સ્થાયી થઈ ગયા પછી પણ બાની યાદ વિવિધ રીતે આવ્યા કરે છે તેની વાત રજૂ થઈ છેઃ

આંખ સામે અચાનક તરવરી –

બાની હાથીદાંતની

કાંસકી,

ધુપેલની

ડબ્બી

ને

કંકુની

શીશી... (ગુલમહોરથી ડૅફોડિલ્સ, પૃ. ૪૦)

માનવીની પ્રાથમિક જરૂરીયાત ભલે રોટી, કપડાં અને મકાન હોય પણ માનવી જ્યારથી જૂથમાં રહેતો થયો છે, ત્યારથી તે સામાજિક પ્રાણી બની ગયો છે એવું કહેવાય છે. આ સમાજ એટલે વ્યક્તિ વ્યક્તિ વચ્ચેના સંબંધો. તે કોઈ વસ્તુની આપ-લેથી માંડી વિચાર, વાણી અને વર્તન સુધી વિસ્તરે છે. માનવી સમાજમાં એકબીજાના સંપર્કમાં આવતો થાય છે ત્યારે મિત્રો બનાવે છે, સંબંધો વિકસાવે છે. આ લોકો તેની આસપાસ એટલી હદે જોડાઈ જાય છે કે તેની યાદો કોઈ પણ કાળે ભૂલી શકાતી નથી. કોઈ વ્યક્તિ જ્યારે પોતાનો દેશ છોડે છે ત્યારે આ બધું પણ છૂટી જાય છે. આથી, આવી સામાજિક વ્યક્તિને વિદેશમાં ગયા પછી સ્વજનો યાદ આવે છે ત્યારે તે પોતાની પીડા શબ્દો દ્વારા વ્યક્ત કરતાં કહે છે,

સ્વજન વિનાના સહરામાં

કેમ જીવી શકાય ?

હું સ્વજનો જન્માવવાનો પ્રયત્ન કરું છું. (વિદેશિની, પૃ.૮૫)

બાળપણાની ખાટીમીઠ્ઠી યાદોને વાગોળતા સ્વજનોના સંભારણા સ્વરૂપે રજૂ થતી આ કાવ્યપંક્તિઓમાં જે છૂટી ગયું છે તેનો વસવસો વ્યક્ત થયો છે.

આજે કેટલાય દાયકાઓ પછી

સ્કાયસ્ક્રેપરને ખાસ્સે ઊંચે મજલે બેઠી છું.

બહેનપણીઓ દૂર થઈ ગઈ છે.

માનો અવાજ દસ હજાર માઇલ દૂરના

સાગરથી વીંટળાઈ ખારો ડૂમો થઈ સમી ગયો છે.

કોઈનો સૂર મારા કાન વીંધી શકે નહીં.

એવા ઍર-ટાઇટ ઓરડાની

સલામતીની મજબૂત દીવાલો વચ્ચે

ભીતરની ગહેરાઈને આંબવા મથતો

આંબલીનો અવાજ

કશુંક પૂછતો

સતત પડઘાયા કરે છે. (વિદેશિની પૃ.૧૪૨)

અહીં અમેરિકામાં તેમનું જવું તેમના માટે હિજરતથી જરાય ઓછું નથી. અમેરિકામાં ગયા પછીના શરૂઆતના દિવસો ‘સમાધાન’ કાવ્ય દ્વારા રજૂ થયા છે. છાશવારે બહેન, પિતાના પત્રો આવતા વરસે બે વરસે ભારત ભમી આવે છે. પણ પછી ત્યાં ભારતમાં બધાને તેમનું દુર રહેવું કોઠે પડી જાય છે, તે પોતે પણ ટેવ પાડી દે છે.

ભારત ખૂબ દૂર થઇ ગયું છે.

ત્યાં દિવાળી ઊજવવાની વાત

હવે

સાવ ભુલાઇ ગઇ છે.

ને

મેંય હવે ટેવ પાડી છે.

બિનભારતીય પોશાક પહેરી

અમેરિકન મિત્રો સાથે

ક્રિસ્મસ ઊજવવાની.(ચેરીબ્લોસમ્સ, પૃ.૬૨)

આ કાવ્યમાં આવતી બે પંક્તિઓ,

આવે તો

બ્લેન્ડર અને ઇસ્ત્રી ભૂલીશ નહીં. (ચેરી બ્લોસમ્સ, પૃ. ૬૦)

દ્વારા ગુજરાતીઓનું વિદેશી ચીજવસ્તુ પ્રત્યે કેટલો લગાવ છે તે પ્રગટ થાય છે. તો સ્વજનો પ્રત્યેના પોતાના પ્રેમને કવયિત્રીએ હાઈકુઓમાં વધારે વ્યક્ત કર્યો છે. થોડાં હાઇકુ જોઈએઃ

થીજી ગયેલો

પ્રેમ, ભીંતે લટકે

ફોટોગ્રાફ થૈ. (અત્તરઅક્ષર, પૃ.૫)

ભીનો કાગળ.

ભૂંસાયેલા અક્ષર.

છલકે સ્મૃતિ. (અત્તરઅક્ષર, પૃ.૧૬૩)

મિત્રપત્રમાં

આળસ મરડતું

ઊઠે મુંબઈ. (અત્તરઅક્ષર, પૃ.૧૪૯)

મારે કાળજે

ઘૂંટ્યા કરતી, એની

યાદનું કેસર (અત્તરઅક્ષર, પૃ.૭૫)

કોણ કરે છે

પ્રહારો? હાથ દીસે

પરિચિતોના. (ચેરી બ્લોસમ્સ, પૃ. ૧૪)

છેલ્લે એક લઘુકાવ્યમાં પણ તેઓ સ્વજનોની યાદોની આ રીતે વાત કરે છેઃ

એક બે હોય તો ટાળું

પણ

કેમ કરીને ખાળું

સામટું ઉમટેલું

આ સ્મરણોનું ટોળું? (અંતિમે, પૃ. ૧૬)

- એકલતા

જન્મભૂમિ છૂટી ગઈ છે, સ્વજનો છૂટી ગયા છે આથી જીવનમાં એક પ્રકારની એકલતાએ પોતાને ભરડામાં લઈ લીધી છે એની પ્રતીતિ તેમની ઘણી બધી કવિતાઓ દ્વારા આપણને થાય છે. આ બાબતે ‘રંગઝરૂખે’ નામના કાવ્ય સંગ્રહમાં પોતે નિવેદન આપતા નોંધે છે કે, ‘કોઈકને મારી કવિતામાં immigrant experiencesની અનુભૂતિ સ્પર્શે છે તો કોઈકને મારો ભારત માટેનો તથા માતાપિતા માટેનો ઝુરાપો સ્પર્શી જાય છે...મોટા ભાગના વિવેચકોએ મારી કવિતા એ confessional poetryનો પ્રકાર છે એમ પણ કહ્યું છે. એમાં નારીસંવેદના અને નારીસ્વાતંત્ર્યને મેં વાચા આપી છે એમ પણ કહ્યું છે. જેમ એક રંગની ઝાંય હોય તેમ આ બધાં તારણોની પણ વિવિધ ઝાંય હશે એટલે એમાં મારા નકાર કે સ્વીકારની વાત નથી.’ (નિવેદન, પૃ.૬)

જીવનમાં બધું જ બરાબર છે એ રીતે જીવન જીવવાના પ્રયત્નો કવયિત્રી કરે છે પણ અચાનક પોતાના મનમાં ઉઠતા મોજાંઓમાં જે વિચારો રજૂ થાય છે તે પોતાની જાતને હચમચાવી દે છે. ભૂતકાળનાં સંસ્મરણો પીછો છોડતાં નથી. યાદો કેમે કરી ભૂલાતી નથી. એટલે કવયિત્રી નોંધે છે કે,

આટલી બધી વ્યવસ્થામાં
કેમ અડફેટે આવી અથડાય છે
અહીંતહીં દબાઈ ગયેલાં ડૂસકાંઓ?
વીતેલા કાળનાં સળવળતાં સ્મરણો?
ન પળાયેલાં વચનોની વેદનાઓ?
અજાણે કરેલા પાપની સજાના મૂંગા ચાબખાઓ?
પ્રશ્નોને મમળાવતી મળાવતી
અવાક્ થઈ જતાં
હું પોતે જ
અવ્યવસ્થિત થઈ જાઉં છું. (વિદેશિની, પૃ.૨૧૮)

‘પ્રતીક્ષા’ કાવ્યમાં પોતે કહે છે કે,

અમેરિકા અને અમદાવાદ –
આ બન્ને વિશ્વની વચ્ચે
હું
ત્રીજા પાત્રની પ્રતીક્ષા કરું છું
બેકેટના પાત્રની જેમ... (ચેરી બ્લોસમ્સ, પૃ.૧૧૧)

ભારતમાં નાત, જાત, ગરીબ, અમીર, શિક્ષિત, અશિક્ષિત, ઉંચ, નીચ વગેરે જેવા વાડાબંધીઓમાં જીવતા ભારતીયો ભારત છોડી પરદેશ જાય છે ત્યારે આ તમામ પ્રકારના તુચ્છ વિભાજનો ભૂલી જઈ માત્ર ભારતીય બની જાય છે. વતનમાં આજુબાજુમાં જ રહેવા છતાં એકબીજાથી અજાણ હોય અને બોલાવતા પણ ન હોય તેમ છતાં પરદેશમાં તે વ્યક્તિ મળે તો પોતાની છાતી હર્ષ અને આનંદથી છલકાઈ જાય છે. પરદેશમાં ભારતીય મળી જાય તો આવા લોકોને સ્વજન મળ્યા જેટલો જ હરખ થાય છે. પરદેશમાં હૂંફ શોધતા ગુજરાતીઓની લાક્ષણિકતાને 'શોધ' કાવ્ય દ્વારા કવયિત્રીએ નીચે મુજબ આલેખી છેઃ

અમેરિકામાં
શનિરવિએ
એક ભારતીય
બીજા ભારતીયના ઘરના
કાશ્મીરના ગાલીચા પર
પારદર્શક કાચના
ટેબલ પર
આકર્ષક બોલ્સમાં છલોછલ ભરેલાં
બદામ કાજુ ને પિસ્તામાં
શોધે છે હૂંફ... (ચેરી બ્લોસમ્સ, પૃ.૭૧)

આમ, પરદેશમાં અઠવાડિયાના સાત દિવસમાંથી પાંચ દિવસ પૈસા કમાવવા માટે માથું નીચું કરી કામકાજ કરતો અને ક્યારેક તો ઓવરટાઈમ પણ કરતો ડાયસ્પોરા સપ્તાહના અંતે સ્વદેશીઓને શોધતો ફરે છે. આ તેની નવા વાતાવરણમાં ગોઠવાઈ જવાની મથામણના એક ભાગ રૂપે આવે છે. આવી રીતે તેને કોઈ મળી પણ જાય તો તે આવેગો અને લાગણીઓ માત્ર ક્ષણિક આનંદ આપે છે કેમકે, કવયિત્રીએ જ 'ભ્રષ્ટ' કાવ્યમાં કહ્યું છે કે,

બધું તાદૃશ્ય થયા પછીય
કેટલી અલ્પજીવી હોય છે
આ સ્મરણની ઋતુ...! (વિદેશિની, પૃ.૧૭૮)

સંસ્મરણો માત્ર ક્ષણિક હોય છે. લાંબો સમય ટકી શકતાં નથી. સ્વજનોનો કે પરિચિતોનો સાથ હોવા જેવી લાગણી સ્વજનો કે સ્વદેશમાં વિતાવેલી લાગણીઓની જગ્યા ક્યારેય લઈ શકતી નથી. તેમની યાદોમાં સારી નરસી તમામ પળો રહેલી છે પરંતુ આ યાદો તેમના દુઃખને વધુ વાચા આપે છે. મન મનાવી પરિસ્થિતિ સાથે

સમાધાન કરી લે છે પણ અંદર એક રંજ રહી ગયો હોય એમ સતત એ રંજ ઓળાની જેમ કવિતાઓમાં પ્રગટ થયા કરે છે.

હું ઝૂરું છું અહીંઃ તું ઝૂરે છે ત્યાંઃ આ ઝૂરણાનો ક્યાંય નથી અંત,
પાનખરના વનમાં ચાલ્યા કરવાનું ને કહેવાનું કે અહીં છે વસંત.

(વિદેશિની, પૃ. ૩૫૮)

બટકું રોટલો કમાવાની લ્હાયમાં પાંજરું ખુલ્લુ હોવા છતા બહાર નીકળાતું નથી. કવયિત્રી પોતે પણ સ્વતંત્ર છે ભારત પરત આવવા માટે પણ કોઈ વણદેખી દોડાદોડી માટે ઉત્તરથી દક્ષિણ ધ્રુવ દોડ્યા કરે છે. ત્યારે આ શબ્દો યાદ આવે કે, 'પન્ના નાયકની કવિતાઓ વિષાદની કવિતા છે. વિષાદમાંથી જે શૂન્યતાનો અનુભવ થાય છે એનું નિરૂપણ છે. પન્ના નાયકની કવિતા સંબંધની નહીં, સંબંધ-શૂન્યતાની કવિતા છે. ભરતી અને ઓટની, મૌન અને હોઠની કવિતા છે. આંતરિક શૂન્યતાની કવિતા છે.' (અબ તો બાત ફૈલ ગઈ... સંપાદનઃ સુરેશ દલાલ, ઇમેજ પબ્લિકેશન-અમદાવાદ, પૃ. ૬)

અમેરિકામાં તેમની એકલતા અનેક રીતે કાવ્યોમાં સતત પ્રગટ થાય છે.

આજે તારું વરદાન-ખીચોખીચ ન્યૂયૉર્ક - મારે કાજે શાપ
તેમાં એકે ય ન મનુષ્ય, એકે નહીં આકૃતિ - એકે ન ઓળો
મહાલય એના એ જ પરંતુ રિક્ત
સમસ્તની હિજરત
એક હું જ હિજરાયા કરું - લક્ષલક્ષ બારીઓના ફફડાટ જોઇ.
ચક્રાકાર ગતિ વર્તૂળાઇ શૂન્ય શૂન્ય... (વિદેશિની, પૃ.૬૯)

સાંસ્કૃતિક પરિવર્તન પછી પોતાની જાતને ક્યાંય ન ગોઠવી શકતી કવયિત્રી કહે છે કે,

સઘળું બરાબર થાય છે ત્યારે જ
છટકે છે મારું મન–
આ બધામાં મને ક્યાં ગોઠવું ? (વિદેશિની, પૃ.૩૩)

એક વખત તો એવો પણ આવે છે કે જીવવા કરતાં મોતને ભેટવું વધારે સરળ લાગે છે ત્યારે તેઓ કહે છે કેઃ

સ્મરણ જાયે નહીંઃ મરણ આવે નહીં
મારી જિંદગી આ કેમે કરી ગમતી નથી. (વિદેશિની, પૃ.૩૫૪)

વૃક્ષ અને પ્રકૃતિના અન્ય તત્ત્વો થકી પોતાની વાત તેમણે ઘણી બધી વખત રજૂ કરી છે પણ 'વ્યાકરણ' નામના કાવ્યમાં ભાષા થકી પોતાની પીડા તેઓ આ રીતે વ્યક્ત કરે છે,

હું તો

જિંદગી આખી
તરસ્યાં હરણાંની જેમ
અલ્પવિરામોમાં
ભટકતી રહી છું.
મને
વિસ્મયથી અવાક કરી મૂકે એવાં
આશ્ચર્યચિહ્નો મળ્યાં નથી.
હું મારા જ ગઢમાં પ્રશ્નાર્થચિહ્નોથી ઘેરાઈ ગઈ છું.
ખબર નહોતી
કે
વ્યાકરણ
આટલું ક્લિષ્ટ અને કનિષ્ટ હશે!!! (ચેરી બ્લોસમ્સ, પૃ.૧૦૬)

જીવનમાં એકલતા એટલી હદે વધી ગઈ છે કે પોતાના ઘરે કોઈ આવે અને તેને પોતાના મનની વાતો કહી શકે એ માટે કોઈની રાહ જોતી કવયિત્રીને અંતે નિરાશા જ મળે છે ત્યારે તેમને પ્રશ્ન થાય છે કે,

પ્રત્યેક ઘર પાસે એક રસ્તો તો હોય જ છે
તોય કેમ કોઈ આવતું નથી? (વિદેશિની, પૃ.૯૯)

તો આ જ વાત બીજી જગ્યાએ તેઓ આ રીતે રજૂ કરે છે,

બંધ કે ખુલ્લું
બારણું શાને ?
કોઈ આવ-જા વિના ?
કોઈ આવ-જો વિના ? (ચેરી બ્લોસમ્સ, પૃ.૨૪)

આ એકલતાને કવયિત્રીએ પોતાના હાઇકુઓમાં પણ સ્થાન આપ્યું છે તે જોઈએ:

તારા જતાં જ
ઘર પચાવી પાડ્યું
ઉજાગરાએ. (ચેરી બ્લોસમ્સ, પૃ.૬૮)

તારાં પગલાં
જતાં જ, ઉજાગરો
થયો મે'માન. (ચેરી બ્લોસમ્સ, પૃ.૬૯)

તારી જુદાઈ

ખૂંચે, પગ તળેના

કાંકરા જેવી. (ચેરી બ્લોસમ્સ, પૃ.૬૯)

નથી એકલી –

ભર્યો ભર્યો આવાસ

એકલતાથી. (ચેરી બ્લોસમ્સ, પૃ.૮૦)

એકલતાની

અસહ્ય ગિરદીમાં

રૂંધાતો શ્વાસ (અત્તરઅક્ષર, પૃ.૯)

એકલતા કવયિત્રીના જીવનમાં એવી તો વણાઈ ગઈ છે કે,

મારી પાસે

એકલતાની વાત કરવી

એટલે

માછલીને

જળનો પરિચય કરાવવો. (અંતિમે, પૃ. ૩૩)

તો બીજી જ ક્ષણે એમ કહે છે કે,

લોકો માને છે કે

જગતની ખારાશથી અસ્પર્શ્ય

હું

સુરક્ષિત છું.

એમણે

મારા આંસુઓને હજી ચાખ્યાં નથી. (અંતિમે, પૃ. ૩૫)

ક્યારેક તો સુખ, શાંતિ રૂપી જીત મળશે એ આશાએ જિંદગીની રમત રમ્યા કરી પણ ક્યારેય જીત ન મળતાં આખરે પોતે સ્વીકારે છે કે,

ફરીથી પાનાં ફેરવું છું, ગોઠવું છું

ને ઇચ્છું છું કે

સાંજ આથમે એ પહેલાં

સારી બાજી આવે તો સારું! (વિદેશિની, પૃ.૧૨૨)

જીવનની એકલતાને દૂર કરવામાં પોતાની મજબૂરી અને લાચારી વ્યક્ત કરતાં કહે છે કે,

હું
ફ્લાવરવાઝમાં ફૂલો ગોઠવી શકું છું
પણ
જિંદગી ગોઠવી શકતી નથી.
હું
બારીના પડદા બદલી શકું છું
પણ
જિંદગીને બદલી શકતી નથી. (અંતિમે, પૃ. ૬૦)

જીવનમાં પૈસો અને વૈભવ છે. સુવિધાઓ છે પણ એના આધારે એવું તો ન જ કહી શકાય ને કે જીવનમાં સુખ અને શાંતિ છે. જીવનમાં હરક્ષણ આવતી વેદનાથી પોતે છૂટી નથી શકતા ત્યારે અંતે તેને ભૂલી જવાનું નક્કી કરે છે,

હું
સૌન્દર્યોની ક્ષણોનો
મધપૂડો રચું છું.
ભૂલી જવા માગું છું
તમામ દુઃખ
તમામ ડંખ.
વેદનાના વીંછીને પંપાળવામાં
હું માનતી નથી. (રંગઝરૂખે, પૃ.૬૨)

ગુજરાતીઓ મૂળે વેપારી પ્રજા છે. સ્વદેશ છોડી પરદેશ વસવાટ કરનાર ગુજરાતીઓ એટલે જ કોઈપણ પ્રકારે કામધંધો શોધી લઈ પૈસો બનાવવામાં લાગી જાય છે. પૈસો બનાવ્યા પછી જીવનની સમી સાંજે જિંદગીનું સરવૈયું કરવા બેસીએ છે ત્યારે પૈસા સિવાય કશું જ હાથ લાગતું નથી. સ્વજન, મિત્રો, કે પોતાની જાત પણ નહીં. કવયિત્રી આ વાત પોતાના શબ્દો દ્વારા આ રીતે રજૂ કરે છે,

હું money making machine છું.
આ બધામાં શોધું છું હું ખોવાઈ ગયેલી પન્નાને
બેડરૂમની દીવાલમાં તો એક હાડપિંજર ચણાઈ ગયું છે.
મારું કહી શકાય એવું મારું કોઈ નામ નથી.

મારું કહી શકાય એવું મારું કોઈ સરનામું નથી.
આ તો હું જ મને કાગળ લખું છું ને ફાડી નાખું છું
જિંદગીને પણ આટલી સહેલાઈથી... (વિદેશિની, પૃ.૧૪૩)

જીવનમાં આટલી મહેનત કર્યા પછી છેલ્લે સ્વસ્થતા આવે છે ત્યારે તેઓ કહે છે કે,

ખાલી હથેલીમાં
હવે કોઈનો અભાવ ખટકતો નથી. (રંગઝરૂખે, પૃ.૩૯)

પોતાની તમામ મુશ્કેલી અને મુસીબતોનો સામનો કરવાની તૈયારી કરી લીધા પછી પોતે કહે છે કે,

આંસુઓને સંતાડવાની કળા મને આવડી ગઈ છે.
હવે
મારે જે કાંઈ જોવું છે તે
કોરીધાકોર આંખે.
બધું જ જોયા કરું છું
પણ કશુંય પરોવતી નથી. (રંગઝરૂખે, પૃ.૨૬)
...
સૂરજ સામે ટક્કર ઝીલી
ફરી શાખાઓ ઊગાડીશ
અને
જીવી જઈશ હું. (ચેરી બ્લોસમ્સ, પૃ.૧૦૯)

જે વ્યક્તિએ ખુશ રહેવાનો નિર્ણય કરી જ લીધો હોય એને પછી કોણ રોકી શકે? માણસોના સાથ ન મળવાથી કવયિત્રીએ અંતે પ્રકૃતિને પોતાની સાથીદાર બનાવી લીધી છે,

એકલતાને તો મેં
હડસેલી દીધી છે
હજાર હજાર માઈલ દૂર.
મને દીવાલો સાથે વાત કરતાં આવડે છે.
મને મારા બગીચાનાં ઝાડપાન સાથે પણ
આત્મીયતા કરતાં આવડે છે
અને મને ફ્લાવરવાઝનાં ફૂલો સાથે પણ
આત્મીયતા બાંધતાં આવડે છે.

તમે જેને એકલતા કહો છો
એને હું મારું એકાંત કહેતી હોઉં છું. (ગુલમહોરથી ડૅફોડિલ્સ, પૃ.૪૩)

અને છેલ્લે કહે છે કે,

સાથે રહીને એકલા પડવા કરતાં
એકલા રહીને સાથે જીવવાનો આનંદ
મને તો છલકાતો દેખાય છે
મારા ખાલીખમ ઘરમાં... (ગુલમહોરથી ડૅફોડિલ્સ, પૃ.૪૫)

એલકતા વિશે સુરેશ દલાલના આ શબ્દો પણ નોંધવા જોઈએ કે, 'પન્નાની કવિતામાં નિરાશાની ખીણ વિશેષ છે અને આનંદના શિખરની ટોચ ક્યારેક જ અલપઝલપ દેખાય છે. ખુશીની વસંતપંચમી ઝાઝી ટકતી નથી અને એટલે જ ખુશીના સ્નેપશોટ લેવાની એ ઝંખના છે. ઘરની વ્યવસ્થા, એ વ્યવસ્થા વચ્ચે જીવનની અવ્યવસ્થા, ક્યાંય ગોઠવાઈ જવાની તમન્ના, અને ક્યાંય પણ ગોઠતું નથી એની વેદના, પ્રિય વ્યક્તિનું નામ લખવાનો રોમાંચ, અને આંસુ ઉકેલતી આંખો – આ બધાં વિશે પન્ના ચાલતી કલમે લખે છે. આપણને નિરુત્તર કરી શકે એવા પ્રશ્નો પૂછે છે. ફૂલો અને પતંગિયાનાં કલ્પનોથી પોતાની વાતને બને એટલી સાંકેતિક રીતે રજૂ કરે છે. એનાં કાવ્યોમાં લાઘવ છે અને અભિવ્યક્તિની મૌલિકતા છે, શહેરી જીવનની નિઃસારતા છે. માત્ર પન્નાની જ નહીં પણ ભારતની તમામ સ્ત્રીઓની એક અણકથી વ્યથા છે.' (પન્ના નાયક(કવિ અને કવિતા શ્રેણી) સંપાદકઃ સુરેશ દલાલ, પ્રકાશકઃ ગુજરાત આહિત્ય અકાદમી, ગાંધીનગર, પ્રથમ આવૃત્તિ-૧૯૯૦, પૃ.૫-૬)

- બોલ્ડનેસ

પોતાના જીવનમાં વ્યાપેલી એકલતા અને એના લીધે ભોગવવા પડેલા અઢળક દુઃખોનું મૂળ શોધતાં શોધતાં કવયિત્રીને એક મધરાતે અચાનક મનમાં ઘણાબધાં પ્રશ્નો જાગે છે. આ પ્રશ્નોના જવાબમાં સમાયેલું છે તેમના દુઃખોનું કારણ. આ પ્રશ્નો એ પ્રકારના છે કે આપણે ત્યાં લગભગ એના વિશે વાત કરવી વર્જ્ય ગણાય છે. અરે વાત કરવી તો શું વિચારવું પણ ન જોઈએ એવું અત્યાર સુધી સમાજમાં કહેવાતું આવ્યું છે. સજીવોમાં સંવનન દ્વારા આ જીવસૃષ્ટિ પોતાના વંશજો પેદા કરે છે અને આ રીતે આ દુનિયા આજ સુધી ટકી રહી છે ત્યારે કવયિત્રીને મનમાં જાગેલા સવાલો જોઈએઃ

બા તમારા સંભોગ વખતે તમે
મનના વાઘા ઉતારેલા ?
....
સંભોગ

એ તમારા કહેવાતા સુખી જીવનની

અને વ્યાપેલા પ્રેમની પરાકાષ્ઠા હતી

કે

'જાન છુટાવો'નું નિરાકરણ?

...

મને કેમ લાગ્યા કરે છે

કે

તમારા સંભોગ પછી

તમે તમારા ગર્ભમાં

વેદનાના બીજને ધારણ કર્યું હતું ? (વિદેશિની પૃ.૨૦૬)

આ સવાલોના જવાબ ના હોય કે હા પણ કવયિત્રીના જીવનમાં શાંતિ અને સુખ નથી એ ચોક્કસ કહી શકાય. પોતાના દુઃખોનું મૂળ છેક પોતાના જન્મ સાથે સંકળાયેલી ક્રિયાઓ હશે એવા વિચારો જ અત્યાર સુધી કોઈએ નથી કર્યા. કવયિત્રી આવા વિચારો કરી શકે છે અને તે પ્રગટ પણ કરે છે એ એક વિરલ ઘટના ગણી શકાય. કેમકે, એક સંતાન પોતાની માતાને સેક્સ સંબંધી પ્રશ્નો કરી શકે એવી આઝાદી ભારતીય સંસ્કૃતિમાં મળે એ લગભગ અશક્ય બાબત છે. જીવનનું ચક્ર જે ક્રિયાઓથી ચાલે છે એવા સ્ત્રી-પુરુષના શારીરિક સંબંધ વિશે વાત જ ન કરવી અને તેને ઘરની ચાર દીવાલો અને બે વ્યક્તિઓ સુધી સિમિત કરી દેવાની વિચારસરણી માંથી કવયિત્રી બહાર નીકળી શક્યા છે તે તેમના પર પશ્ચિમનો પડેલો સીધો પ્રભાવ બતાવે છે. તો આપણે એ પણ જાણીએ છીએ કે પ્રકૃતિમાં માત્ર બે જ જાતિ છે. નર અને માદા. સંવનન દ્વારા જીવન સૃષ્ટિને ટકાવી રાખવા નવા જીવને જન્મ આપવાની શક્તિ માત્ર અને માત્ર માદામાં જ છે. માનવીમાં કહીએ તો આ શક્તિ માત્ર સ્ત્રીઓમાં જ છે. સ્ત્રીઓને આના લીધે જ દર મહિને માસિક સ્ત્રાવ થાય છે. આ માસિકના કારણે તે દિવસો દરમ્યાનના ત્રણ ચાર દિવસો માટે સ્ત્રીઓને શારીરિક રીતે ઘણી પીડાનો ભોગ અનાયાસે બનવું પડે છે. આ વિષયને સાહિત્યમાં લગભગ નહિવત જેટલું જ સ્થાન મળ્યું છે ત્યારે Taboo તરીકે ગણાયેલ આ વિષયને પણ કવયિત્રી પોતાની રચનામાં આ રીતે રજૂ કરે છેઃ

દર માસે

(ન જન્મેલા)

એક શિશુની

સ્મશાનયાત્રા નીકળે છે. (વિદેશિની, પૃ.૨૨૦)

સ્ત્રીના શારીરિક સૌંદર્યને કોઈપણ પ્રકારના છોછ, શરમ વિના રજૂ કરતાં કવયિત્રી કહે છે કે,

બીજની ચંદ્રાલેખાને

આંકી શકી નહીં

સ્તનના પૂર્ણ ચંદ્રને

ઢાંકી શકી નહીં

આ રાત્રિ... (અંતિમે, પૃ. ૩૦)

કવયિત્રીના કાવ્યોમાં એકલતાની વાત તો આપણે આગળ જોઈ ગયા. પણ આ એકલતાને ક્યારેક તેઓ કોઈ શરમ કે સંકોચ વિના આ રીત પણ રજૂ કરે છેઃ

વિરહમાં હિજરાઈ હિજરાઈને

ઢળી પડેલી

મારાં સ્તનોની આંખો

ઉજાગરાથી રાતી રાતી (અંતિમે, પૃ. ૩૮)

તો ક્યારેક પોતાના ઘરમાં જ પોતાને શોધવાની મથામણ કરતાં કવયિત્રી એકદમ સાહજીક રીતે વર્ણન કરે છે કેઃ

હું આંખો ચોળું છું.

અંધકારના ઓળાઓમાં

જોઉં છું મને

સાવ ઉઘાડી

અને ત્યારેય

મારું નગ્ન સ્વરૂપ જોઈ

આંખો

ઉઘાડી રહી શકતી નથી. (વિદેશિની, પૃ.૩૬)

અમેરિકાના સંસર્ગે તેમનો અવાજ બોલ્ડનેસ ધારણ કરે છે. લગ્નેતર સંબંધોનો 'ભૂલીને આવજે' (ગુલમહોરથી ડેફોડીલ્સ, પૃ.૧૫) કાવ્ય રૂપે સહજ સ્વીકાર કરી સ્ત્રીના શરીરની અને તેના સંસર્ગની વાત રજૂ થઈ છે. તો એક સ્ત્રી બધી બેડીઓ તોડી સ્વતંત્ર બની વિહરવા માંગે છે જેની વાત સહજ શબ્દોમાં 'સપ્તપદીનાં વર્તુળો' કાવ્ય દ્વારા આ રીતે રજૂ કરે છે.

મારું નિર્વસ્ત્ર મન

કેમ ક્યારનું નીરખ્યા કરે છે

આ દૃશ્યને

દશ્યની પરંપરાને...

અહીં સ્ત્રીને શરીર સમજી તેની લાગણીઓની પરવા કોઈ કરતું નથી એવો ઉઘાડો વાસ્તવ દર્શાવવાનો ઉદેશ્ય જુગુપ્સા પ્રેરવાનો નથી. સ્ત્રીનું શરીર અને મન ગાઢ રીતે જોડાયેલા છે. પુરુષ માત્ર શરીર પામે ત્યારે કેવી લાગણી થાય તે 'મારું શરીર' કાવ્ય દ્વારા તેઓ આ રીતે રજૂ કરે છેઃ

રોજ રાતના

લગ્નનો કર ઉઘરાવતા

એના હોઠ

મારા હોઠમાંથી આસવ ચૂસી રહ્યા છે.'' (વિદેશિની, પૃ. ૧૫૧)

પુરુષ માટે સંભોગ એ એક શારીરિક ક્રિયા છે જ્યારે સ્ત્રી માટે એ પ્રેમ દર્શાવવાની રીત છે. પુરુષ જ્યારે યંત્રવત બની જાય ત્યારે સ્ત્રીને આ સંબંધમાં કૃત્રિમતા લાગવા લાગે છે. સુરેશ દલાલ એટલે જ કહે છે કે, 'પન્નાની કવિતા, જેમાં આખો સમાજ ઉઘાડો પડી જાય છે એવા ડ્રોઇંગરૂમની કવિતા છે, બેડરૂમની કવિતા છે. પન્ના પાસે છે કરાર ન વળે એવો એકરાર...' (અબ તો બાત ફૈલ ગઈ... સંપાદનઃ સુરેશ દલાલ, ઇમેજ પબ્લિકેશન-અમદાવાદ, પ્રથમ આવૃત્તિ – જાન્યુઆરી ૨૦૦૬, પૃ. ૭)

અહીં લગ્નનો કર શબ્દ લગ્ન વ્યવસ્થા પરનો પ્રહાર છે. આ જ વાત આગળ વધુ ઘુંટાય છે,

મારા શરીર સાથે

કોઇ શતરંજ રમતું હોય

એમ કેમ લાગ્યા કરે છે ?

મારા સ્તન પર

એનો હાથ તો છે

પણ

... .

મારા સ્તન સાથે ક્રીડા કરવાનો ચાળો કરતો હોય

એવું કેમ મને લાગ્યા કરે છે ? (વિદેશિની, પૃ.૨૪૨)

સ્ત્રી માત્ર શરીર નહીં એથી પણ વધુ કઇંક ઝંખે છે. એ ઝંખના 'પ્રતીતિ' કાવ્ય દ્વારા આ રીતે રજૂ થાય છે.

પ્રેમ કરતાં કરતાં

તને થયેલા પરસેવાને

કદાચ

મારા છેલ્લા શ્વાસ

પંખો નાખી રહ્યાની
તને પ્રતીતિ થશે.
ત્યારે પણ
તું
મને હડસેલીને
સહજ ઊઠી
... ...
વ્યવસ્થિત મનોદશામાં પ્રતિષ્ઠિત ગૃહસ્થી બની
કંઇ જ ન બન્યું હોય એમ
સડસડાટ
દાદર ઊતરી જશે...! (ચેરીબ્લોસમ્સ, પૃ.૧૧૮)

સ્ત્રીને માત્ર એક ચીજવસ્તુ તરીકે જોતા નિષ્ઠુર પુરુષની આ વાત છે. આ કવિતા સંદર્ભે ચન્દ્રકાન્ત ટોપીવાળા કહે છે કે, 'પન્ના નાયકની રચનાઓમાં રહેલું સ્ત્રી-સંવેદનનું કેન્દ્ર બહુધા તણાવના વર્તુળોનું કારણ હોય છે. અહીં પણ એક નાયિકાના અપ્રતિફલિત પ્રેમને વિષય બનાવ્યો છે. નાયિકા પરકીયા છે અને તે નાયકને પૂરેપૂરી સમર્પિત છે. તો નાયકનો સંબંધ તદ્દન ઉષ્માહીન શરીર-સીમામાં બાકી બચેલો છે. નાયિકાને પોતાના પ્રેમકિસ્સાનું પરિણામ આંખ આગળ દેખાય છે. આખી રચના એક રીતે જોઈએ તો ચલચિત્રની ભાષામાં જેને 'પૂર્વઝબકાર' (foreflash) કહીએ એ પ્રમાણે મુકાયેલી છે. એટલે કે આવનાર પ્રસંગની અહીં ઝાંખી છે અથવા આવનાર પ્રસંગની એક કલ્પના છે, જેમાંથી નાયિકાનો નાયક વિશેનો બંધાયેલો ખ્યાલ પ્રતિબિંબિત થાય છે.' (અછાંદસમીમાંસા, ચન્દ્રકાન્ત ટોપીવાળા, પાર્શ્વ પબ્લિકેશ – અમદાવાદ, પ્રથમ આવૃત્તિઃ૨૦૦૬, પૃ.૧૧૨-૧૧૩) આવી રીતે માત્ર શરીર ઝંખતા પુરુષને કવયિત્રી જવાબ આપતી હોય એ રીતે કહે છે કે,

મને
તારી નજીક આવવાનું
કહીશ નહીં
કેવળ
તારા સુખની ખાતર! (વિદેશિની, પૃ.૨૪૭)

તો ગુજરાતીઓ પૈસો કમાવવા વિદેશ જશે, ત્યાં રહેશે, સ્થાયી પણ થઈ જશે. તેમ છતાં લગ્ન કરવા તો પાછાં ભારતમાં જ આવશે. લગ્ન કરવા માટે કન્યાની પસંદગી માટેના માપદંડો અને તેની ઘેલછા વૃત્તિ તમામ પ્રકારની મર્યાદાઓ અને સીમાઓ ઓળંગી જાય છે. 'એક જાહેરખબર' કાવ્ય તેનું ઉત્તમ ઉદાહરણ છેઃ

જોઈએ છે :
એક
નાજુક
નમણી
નિર્દોષ
ભરાવદાર સ્તનોવાળી
ડબલ ડિગ્રી ધરાવતી
રાજ્યશાસ્ત્ર ચર્ચી શકતી
અર્થશાસ્ત્ર નિભાવી શકતી
ન તોતડાતી
ચશ્માં ન પહેરતી
ઍરહોસ્ટેસ જેવી
ચપળ ગતિવાળી
સહનશીલ
રૂપાળી
કમાતી
અને
ઘરરખુ
પચીસ વરસની
કુંવારી કન્યા –
સાધારણ દેખાવના
ઓછું કમાતા
ચાળીસ વર્ષના ડિવૉર્સ્ડ ગુજરાતી યુવાન માટે... (ગુલમહોરથી ડૅફોડિલ્સ, પૃ.૧૪)

આ કાવ્યમાં ગ્રીનકાર્ડ ધરાવતા યુવાન અને તેના પરિવારજનોની માનસિકતા પર વ્યંગ કરવામાં આવ્યો છે. પુરુષને લગ્ન માટે એક સ્ત્રીનું શરીર જોઇએ અને તેની સાથે તમામ કાર્યોમાં નિપૂણતા ધરાવનાર સહનશીલ, રૂપાળી, કમાતી અને ઘરરખ્ખું પચ્ચીસ વર્ષની કુંવારી કન્યા જોઈએ પછી ભલે પોતે એ સ્ત્રીને લાયક હોય કે ન હોય. આ તો એ વાત થઈ કે પોતે રામ હોય કે રાવણ, પત્ની તો સીતા સમાન જ જોઈએ.

એક પુરુષ તરીકે સ્ત્રી પાસેથી પુરુષને ઘણી બધી અપેક્ષાઓ હોય છે તેમાંની એક અપેક્ષા એ પણ છે કે સ્ત્રી તેની પાસેથી કોઈ અપેક્ષા ન રાખે. પુરુષની આવી અઢળક અપેક્ષાઓમાંથી થોડીક અપેક્ષાઓ વિશે નોંધ લેતાં કહે છે કે,

એને
એકીસાથે
સેન્સેટિવ, ઇન્ટેલેક્ચ્યુઅલ,
પાર્ટીમાં શોભે એવી,
એની રુક્મિણીને અતિક્રમી જાય એવી,
લગ્નબાહ્ય સંબંધનાં
અછો વાનાં કરે એવી,
એક સ્ત્રી જોઈએ છે
અને સાથે સાથે
એના ધણીપણાને સાંખી લે એવી
જોઈએ છે
સ્ત્રીની શરણાગતિ. (ચેરી બ્લોસમ્સ, પૃ.૪૫-૪૬)

સ્ત્રીની પોતાની ઇચ્છાઓ, અપેક્ષાઓ અને લાગણીઓ હોય છે. તે સ્વેચ્છાએ પોતાના માતા પિતા અને ઘરને છોડી નવા ઘરમાં જાય છે પણ તેમ છતાં પોતાનું સ્વાભિમાન તેને વધારે વ્હાલું છે. પોતાની ઇચ્છા મુજબ પતિ પાસેથી પ્રેમ ન મળતાં તે એવું પણ કહે છે કે,

રોજ સાથે ને સાથે રહેવાનું હોય તો ફાવે નહીં.
હું તો તારી તો છું પણ હું તો મારી પણ છું.
– કોઈ એના ઇશારે નચાવે નહીં. (વિદેશિની, પૃ.૩૫૨)

'નિર્ણય' નામના કાવ્યમાં તેઓ નારીઓના ઉત્કર્ષ માટે અવાજ ઉઠાવનાર મોટાભાગની લેખિકાઓ કે જેઓ નારીવાદી લેખિકાઓ તરીકે પણ ખ્યાતી પામી છે તેઓની જિંદગીની વાત કરે છે. આ લેખિકાઓનો અંત ખૂબ જ ખરાબ રીતે આવ્યો છે તેવું ઇતિહાસના પાને નોંધાયું છે. તેવા થોડાંક પાત્રો જેમ કે, એના કરેનીના, મેડમ બોવરી, સીલ્વિયા પ્લાથ અને એન. એક્સટનના ઉદાહરણો આપી પોતાની વાત આ કાવ્ય દ્વારા રજૂ કરી છે. જીવન જીવવાનું મહિમાગાન કરતું આ કાવ્ય મરવા કરતાં જીવવાની પ્રેરણા આપનારું છે. એટલે જ કવયિત્રી આખરે પોતાનો નિર્ણય સંભળાવે છે અને ઉપરોક્ત નારીવાદી લેખિકાઓની જેમ મોતને

વ્હાલું કરવા કરતાં કવીન વિક્ટોરિયાની જેમ દુનિયા પર રાજ કરી જીવન જીવવા માંગે છે તેવો એકરાર કરે છે.

અંતે વાત કરીએ એક અનોખા વિષયને આલેખતા કાવ્ય 'બહિષ્કાર' વિશે. પન્ના નાયકના કાવ્યોએ સ્ત્રીઓની સુષુપ્ત સંવેદનાઓને ઢંઢોળીને જગાડી છે, સ્ત્રીઓને પગભર કરી, મુક્ત રીતે વિચારતી કરી, પતિના મૃત્યુ પછી પણ સુખેથી જીવન જીવતા શીખવ્યું, હિંદુ સમાજની બદીઓ અને કુરૂઢિઓ સામે સ્ત્રીઓમાં જાગૃતિ લાવી તેનો વિરોધ કર્યો, શરમ, સંકોચ અને છોછ ત્યજી પોતાના આંતરમનની લાગણીઓને સમાજ સમક્ષ રજૂ કરતા શીખવાડી એટલે પુરુષોથી આ સહન કેમ થાય. જો આવું થાય તો પુરુષોના સદીઓ જૂના એકહથ્થું શાસનનો અંત આવશે, આવી જશે એવો ડર પુરુષોને આવવા લાગ્યો. પન્ના નાયકની આવી કવિતાઓનો વિરોધ પુરુષોએ કરવો જોઈએ અને એટલા માટે બધા પુરુષો એકઠા થઈ નક્કી કરે છે કે,

આવો,
આપણે પુરુષો ભેગા થઈ
એનો
અને
એની કવિતાનો બહિષ્કાર કરીએ! (અંતિમે, પૃ. ૧૩૪)

આમ, આ કાવ્ય દ્વારા આપણને પુરુષવાદના ભણકારા સંભળાય છે. તો બળવંત જાની કવયિત્રીના કાવ્યો વિશે કહે છે કે, 'એમાં સ્વચ્છંદતા નથી. એમાં બોલ્ડનેસ છે. એમાં અભિવ્યક્તિની મોકળાશ છે, બંડખોરપણું નથી એમાં સહનશીલતા સાથે પ્રતિકારનું પ્રાગટય છે. એમાં ખુલ્લંખુલા નહીં પર છાનો છાનો વ્યભિચાર છે, સદાચાર, શીલવાન અને ભદ્રતાના છીંડા નથી તો સાથે સાથે ખુલ્લંખુલા વાડ વળોટીને કરેલા વ્યવહારનો કોઈ ડંખ પણ નથી. શીલભંગનું દુઃખ નથી. પરંતુ મુક્ત રીતે વિહરી એનો પ્રગટ આનંદ કે પ્રસન્નનાથી થઈ ગયેલા વ્યવહારનું ઊંડું દુઃખ નથી, પણ પૂર્ણતાની પ્રાપ્તિનો અહેસાસ છે. પરંતુ જે થઈ ગયું તે થઈ ગયું એમ નિષ્ફિકર બિન્દાસ જીવન કૌટુંબિક માળખામાં રહીને જીવતી નારીની અભિવ્યક્તિ પન્ના નાયકના સાહિત્યમાં સ્થાન પામી છે. એ કવિતા હોય કે વાર્તા પણ એમાંથી દ્રવે છે સરેરાશ ડાયસ્પોરા નારીનું ચિત્ત, નહીં કે પન્નાબહેન. માત્ર પન્ના નાયક નહીં પણ ડાયસ્પોરા સન્નારીનાં હૃદયવહેણ-વમળોને બળકટ અભિવ્યક્તિ અહીં પ્રાપ્ત થઈ છે. કેટલીક રચનાઓ સાવ અંગત પીડાની છે એને અભિવ્યક્ત કરવામાં કવયિત્રીએ છોછ અનુભવ્યો નથી.' (પન્ના નાયકનું ડાયસ્પોરિક સાહિત્ય વિશ્વ, સંપાદકઃ ડૉ. બળવંત જાની, પાર્શ્વ પબ્લિકેશન-અમદાવાદ, પ્રથમ આવૃત્તિ-૨૦૧૨, પૃ૨૨-૨૩)

- સાંસ્કૃતિક વિદ્રોહ અને પુરાકલ્પન

ભારતીય સંસ્કૃતિમાં સ્ત્રીઓના ભાગે સહન કરવાનું જ આવે છે. સ્ત્રીઓને સહન શક્તિની ઉપમાઓ આપી તેની લાગણીઓ અને આશાઓનું હંમેશા દમન જ થતું રહે છે. ત્યાગ કરવાનું આવે તો એ સ્ત્રીઓએ જ કરવાનો જ્યારે લાભ મેળવવાની વાત હોય અથવા કંઈક ભોગવવાની વાત હોય ત્યારે પુરુષો આગળ આવી જાય છે. આ પરંપરાનો વિદ્રોહ કરતા કવયિત્રી નોંધે છે કે,

સૌએ કરેલા પાપને ધોવાનો
અને
સૌના વતી માફી માંગવાનો
ઇજારો
શું એમનો એકલાંનો જ હતો...! (ગુલમહોરથી ડૅફોડિલ્સ, પૃ. ૬૩)

ઘરના લોકોના કપડાં હોય કે સંબંધો એ સાંધવાનું કામ મોટા ભાગે સ્ત્રીઓના ભાગે જ આવતું હોય છે. સોય દોરો એ સ્ત્રીની નિયતિ સાથે જોડાઈ ગયેલી બાબતો બની ગઈ છે ત્યારે આ વાતનું પ્રતિબિંબ આ શબ્દો દ્વારા મળે કે,

સંબંધની કાચી સિલાઈના
તડતડ ધાગા તૂટે...
લોકલાજને કારણે
બખિયા મારું હોઠે... (અંતિમે, પૃ. ૪૨)

આજ વાતનું બીજુ વર્તુળ રચાય છે. 'વાચા' કાવ્યમાં

બાના જમાનામાં
દરેક કુટુંબમાં
રિવાજ હતો
કે
સ્ત્રી હરેફરે
પણ
બખિયા મારેલા હોઠે. (અંતિમે, પૃ. ૧૦૮)

વણલખી પણ ચારે તરફ સ્વીકારાઈ ગયેલી આ પરંપરા સામે પોતાને વાંધો છે. તે આવી પરંપરાઓ માનવા તૈયાર નથી. આથી આવી ખોખલી પરંપરાઓને દફનાવી દેવા ખાતર પોતે તેનો વિરોધ કરી દેખાડે છે અને કહે છે કે,

મેં

મારી નીબ પરના

બખિયા તોડી

હોઠ છૂટા મૂક્યા છે. (અંતિમે, પૃ. ૧૦૯)

નદીને શાસ્ત્રોમાં સ્ત્રી રૂપે આલેખાયેલી જોવા મળે છે. પર્વતોમાંથી નીકળી નદીનું ગંતવ્ય સ્થાન દરિયાને ગણાવાયું છે. જે નદીઓ દરિયાને નથી મળતી એવી નદીઓને કુંવારી કન્યાને માટે વપરાતાં શબ્દ 'કુંવારીકા' તરીકે પણ ઓળખાવાઈ છે. પણ આ પરંપરાનો કવયિત્રી વિરોધ કરે છે. બદલાતી વિચારસરણી, સ્વસ્થતા, સ્વતંત્રતા અને સ્વાભિમાન સાથે નારી જીવનનો મહિમા કરતાં 'નદીએ દરિયાને કહ્યું' કાવ્યમાં પોતે કહે છે કે,

નદીએ દરિયાને કહી દીધું:

'જા! તારી સાથે રહેવું પણ નથી

કે

તારામાં વહેવું પણ નથી.

હું તારે સ્વાધીન થાઉં

એ તો જરૂર હશે

કોઈ ગયા જનમની વાત!' (ગુલમહોરથી ડૅફોડિલ્સ, પૃ.૯૮)

મહાભારત સમયથી સ્ત્રીઓ પર અત્યાચારો થતાં આવ્યા છે એ વાતને હાઈકુ સ્વરૂપે દુઃશાસનના પુરાકલ્પન દ્વારા તેઓ આ રીતે રજૂ કરે છેઃ

વાળ ખેંચતો

દુઃશાસન પવન

શાંત નદીના (અત્તરઅક્ષર, પૃ.૧૪૩)

સદીઓથી પુરુષના અત્યાચારો સહન કરતાં કરતાં થાકી ગયેલી સ્ત્રી આખરે કહી દે છે કે,

પણ તારે મને ક્યાં પાળવી છે?

દૂર દૂર વનમાં

ક્યાંક નગરની બહાર મૂકી આવવી છે, ખરું ને ?

કારણ મારે તારી શરત પાળવી મુશ્કેલ છે.

તારે ક્યારેય મ્યાઉં મ્યાઉં ન કરે એવી બિલ્લી જોઈએ છે.

ભલા, મ્યાઉં મ્યાઉં વિનાની

કોઈ બિલ્લી હોઈ શકે ખરી? (વિદેશિની, પૃ.૬૦)

જયા મહેતા આ કાવ્ય સંદર્ભે કહે છે કે, "'હવે તો હું સાવ પાળેલું પશુ બની ગઈ છું.' એ પંક્તિમાં હતાશા છે, લાચારી છે, અસહાયતા છે અને જાત સાથે ને જગત સાથે કેળવેલું સમાધાન છે. આ સમાધાનનો સામી વ્યક્તિને એક સંતોષ છે. હવે બિલ્લી બધું કરી શકશે પણ ઘુરકિયાં નહિ કરે, મ્યાઉં મ્યાઉ' નહિ કરે, અંગેઅંગને ચાટશે : બદલામાં એની દયામાયા, મહેલનો એકાદ ખૂણો. પુરુષ પ્રેમ આપે છે, પણ જાણે મહેરબાની કરતો હોય એમ; જરૂરિયાતો પૂરી પાડે છે, હોટેલમાં બિલ ચૂકવતી વખતે વેઈટરને ટિપ આપીને કદરદાની કરતા હોય એમ. આ કાવ્યમાં નિરૂપાયેલી કરુણતા હવે વધારે ઉઘાડવી નથી. દરેકના શયનખંડનું અંધારું જ એનું સાક્ષી છે." (કાવ્યઝાંખી, જયા મહેતા, પ્રકાશકઃશ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરશી મહિલા વિદ્યાપીઠ – મુંબઈ, પ્રથમ આવૃત્તિઃ૧૯૮૫, પૃ. ૮૭) સ્ત્રીને ભારતીય સમાજમાં જે દષ્ટિકોણથી જોવામાં આવે છે એ તરફ અહીં કવયિત્રીનો કટાક્ષ છે. તો વ્યાજસ્તુતિ અલંકાર દ્વારા 'હિંદુ સમાજ' કાવ્યમાં ભારતીય નારી પ્રત્યે જાતિગત ભેદભાવને કારણે થતાં ભેદભાવો પર કટાક્ષ કર્યો છે. છોકરીઓને પગભર થવાની શિખામણ આપવાના બદલે પુરુષસત્તાક સમાજ દ્વારા તેમનો ધર્મ, સંસ્કૃતિ અને સામાજિક રીવાજોના નામે કેવાં કેવાં શોષણ થાય છે તેની વાત આ કાવ્યમાં કરવામાં આવી છે તે જોઈએઃ

શાળાની કેળવણીની અપેક્ષા નહીં રાખવાની

...

કોઈ ખરાબ કરે એ સારા માટે એમ માનવાનું

કોઈ તમાચો મારે તો બન્ને ગાલ ધરવાના

કુંટુંબ નભાવવાનું અને કુંટુંબમાં નભી જવાનું

પતિને પરમેશ્વર માનવાનો

પતિ અવસાન પામે તો જિંદગીભર મૂરઝાયેલા રહેવાનું.

(ગુલમહોરથી ડૅફોડિલ્સ, પૃ.૩૮)

ભારતીય સંસ્કૃતિમાં વ્રત, એકટાણાં, ઉજાગરાં વગેરેનું ધાર્મિક રીતે ઘણું મહત્ત્વ છે એવું ગળથુથીમાં જ છોકરીઓને સમજાવવામાં આવે છે. લગભગ દરેક વાર અને તહેવાર સાથે કોઈને કોઈ દેવી દેવતાનું નામ જોડી દઈ ધર્મ અને ક્રિયાકાંડ કરાવવામાં આવે છે. આ બધા પાછળ મોટા ભાગે સારો પતિ મળે, એનું સ્વાસ્થ્ય સારું રહે, એ લાંબું જીવન જીવે એવા કારણો આપવામાં આવે છે. આ બધું કરવા છતાંય પણ જીવનમાં સુખ અને શાંતિ ટકતી નથી આથી વિદ્રોહ ઉપજે એ સમજી શકાય તેવી બાબત છે. આવી શંકાઓ ઘણી બધી વખત અલગ અલગ રીતે રજૂ થઈ છે. વડસાવિત્રીના વ્રતમાં પરિણિત સ્ત્રીઓ પોતાના પતિના લાંબા આયુષ્ય માટે વ્રત કરતી હોય છે. જેમાં તેઓ આખો દિવસ ઉપવાસ કરી તે દિવસે વડની આસપાસ

દોરો વિંટાળી પોતાના પતિના લાંબા આયુષ્યની પ્રાર્થના કરતી હોય છે. આ બાબતે તેઓ શંકા અને વિદ્રોહ ઉપજાવતાં કહે છે કે,

પ્રદક્ષિણા તો
ફરી'તી વડે, કાચો
હશે તાંતણો ? (ચેરી બ્લોસમ્સ, પૃ.૯૧)

તો લગ્નજીવન પછી પણ સુખ જીવનમાં ટક્યું નથી એ તરફ દિશાનિર્દેશ કરતાં કહે છે કે,

બાળે છે હજી –
સપ્તપદી ફરતી
વેળાનો અગ્નિ. (ચેરી બ્લોસમ્સ, પૃ.૯૪)

આવી જ વાત 'તોય' કાવ્યમાં પણ રજૂ થવા પામી છે. ભારતીય પરંપરામાં સારા પતિની કામના માટે ગૌરીવ્રત કરે છે. તુલસીક્યારાનું પૂજન કરે છે. આવા અનેક વ્રતવરતોલા કરવા છતાં જે કામનાથી વ્રત કરેલ એ પૂરી થતી નથી ત્યારે આ ઇચ્છિત વર માટે કરેલ તમામ પરંપરા ખોખલી સાબીત થતી લાગે છે. આ કહેવાતી ભારતીય પરંપરા તરફનો અણગમો ક્યાંક ધરબાયેલો હશે જેને અમેરિકાના સ્વતંત્ર વાતાવરણના લીધે વાચા મળે છે.

કુંવારકા હતી
ત્યારે
માની આજ્ઞા માથે ચડાવી
મેંદીરંગ્યા હાથે ગૌરીવ્રત કરેલું
...
તોય
બેડરૂમમાં આગ કેમ લાગી ? (વિદેશિની, પૃ.૧૫૦)

અહીં ભારતીય પરંપરાનું અનુસંધાન પણ છે અને તેનું મિથ્યાતત્ત્વ સામે પ્રશ્ન પણ છે. આવી જ એક 'મુકાબલો' કાવ્યમાં સીતાનું પુરાકલ્પન પ્રયોજી ભારતીય પરંપરા પર પ્રહાર કર્યો છે

અશોક વાટીકામાં સીતા
અને
અશોકવાટીકામાં હું
શંકાના દસમાથાળા રાવણનો
મુકાબલો કર્યાં કરું છું

સેતુબંધ કરી શકે એવો

રામદૂત હનુમાન પણ ક્યાં છે?

આગળ આ દુનિયાની ખોખલી દુનિયાદારી સામે પ્રશ્ન ઉભો કરતા કહે છે,

રામે કરેલી અગ્નિપરીક્ષાનું તો એક ગૌરવ પણ છે.

પણ

રાવણ જ્યારે અગ્નિપરીક્ષા કરે

ત્યારે

મારામાં રહેલી નારીને

વેશ્યાનો હાથ પકડીને

રાવણને તમાચો મારવાનું મન થાય છે. (વિદેશિની, પૃ.૧૫૦-૧૫૧)

આટલું બધું સહન કર્યા પછી પોતાની સહનશક્તિની જ્યારે સીમા આવી જાય છે ત્યારે મર્યાદાના બધાં જ બંધનો તોડી પોતે હવે રીતસરનો બડવો પોકારી ઉઠે છે અને પોતાનું આગવું ગણિત રજૂ કરતાં ‘મારું ગણિત’ કાવ્ય દ્વારા પોતાનો આક્રોષ આ રીતે રજૂ કરે છે.

પતિને પરમેશ્વર માનનારી સ્ત્રી

હું નથી.

અને

એટલે જ

પતિના અવસાન પછી

મૂરઝાયેલા ફૂલ જેમ

શેષ આયુષ્ય વિતાવવાના

આપના ઉત્કૃષ્ટ રિવાજને

હું

વધાવી શકતી નથી.

હું

સ્વર્ગે જઈશ

એવી કોઈ ગણતરી

મારા ગણિતમાં છે જ નહીં! (ગુલમહોરથી ડેફોડિલ્સ, પૃ.૨૨)

અહીં માત્ર ભારતીય પરંપરા પર કટાક્ષ નથી તેની સાથે બળવો પણ છે. પતિ એટલે ભારતીય સ્ત્રીનું સર્વસ્વ. પતિના અવસાન પછી વિધવા અને અભાગણ તથા પતિને ભરખી જનારી એવા ઘણા બધા લેબલ સ્ત્રી પર સમાજ દ્વારા લગાવવામાં આવતાં હોય છે. પતિના અવસાન પછી તમામ પ્રકારના શણગારો ત્યજી દઈ દુનિયાના તમામ સુખોને ભૂલી ઘરના કોઈ ખૂણામાં પડી રહેવાના બદલે પતિના અવસાન પામવાથી સુખી થતી, આનંદ અનુભવતી પત્નીઓ ભારતમાં મળવી લગભગ અશક્ય જ છે. પરદેશગમનના લીધે વ્યક્તિસ્વાતંત્ર્યમાં માનનારી કાવ્ય નાયિકા એટલે જ પતિને 'વિષાદ'ની ઉપમા આપે છે. પતિના મૃત્યુથી પોતાને હવે શાંતિ મળશે એવી આશા તેને છે. અત્યાચાર અને હેરાનગતિ પહોંચાડનાર પતિની લાશને આખી દુનિયા બાળી નાખવા તૈયાર થઈ છે ત્યારે પત્નીનું હરખ સમાતો નથી અને અંતરના ઉદ્ગાર સ્વરૂપે વાચા ફૂટે છે કે,

અસંખ્ય હાથ
આજે એને બાળવા ઉત્સુક છે.
સ્મશાનમાં ખાખ થઈ જતા
એ પાત્રનું
હવે નામ પણ નહીં ઉચ્ચારવાનું.
હા...શ
હવે
હું
લાલ કંકુનો ચાંલ્લો કરી શકીશ....! (વિદેશિની, પૃ.૨૨૪)

અમેરિકામાં ગંગાસતીના કલ્પન દ્વારા 'આઠે પહોર આનંદ'ની વાત કરે છે.

અમેરિકન
નગર વચ્ચો વચ્ચ
મેં જ ઊભા કરેલા
આનંદની ઇંટોથી ચણેલા..
... ...
આનંદ-ઘરમાં
હું રહું છું અને જીવું છું. (અંતિમે, પૃ.૧૧૭)

તો ક્યારેક બે સંસ્કૃતિઓના મધ્યાન્તરે જીવન જીવતી નારી પોતાની પીડાઓને વાચા આપતાં એમ પણ કહે છે કે,

અમેરિકા જેવા

દેશમાં રહેવાનું

અને

વૃન્દાવનને ઝંખવાનું.

આ વિરોધને

હું

ક્યાં જઈ શમાવું? (ચેરી બ્લોસમ્સ, પૃ.૩૩)

અહીં ડાયસ્પોરાના વિદેશ ગયા પછીની પરિસ્થિતિ વર્ણવાઈ છે. ડાયસ્પોરા વિદેશની ધરતીમાં જીવે છે પણ મૂળીયા વિનાના વૃક્ષની જેમ ત્યાં રોપાઈ શકતા નથી.

દીવાસળીઓનાં

કેટલાં બધાં બાકસ

મેં ભેગાં કર્યાં છે

અને તોય લાગ્યા કરે છે

જાણે

પૂજા તો મેં ક્યારેય કરી જ નથી. (વિદેશિની, પૃ.૨૦૫)

તો જીવનમાં વ્યાપ્ત એકલતા સંદર્ભે રામ, કૃષ્ણ અને શબરીના પુરાકલ્પન દ્વારા તેઓ પોતાની વાત આ રીતે રજૂ કરે છે,

મારી સૂની આ ડાળ, પંખી ગાતું નથી,

હવે એકલતાનું નામ જીરવાતું નથી.

મારી મટુકીમાં માધવ નથી

કોઈ એકલતા લ્યો,

મારી શબરીમાં રાઘવ નથી

કોઈ કંટાળો લ્યો. (વિદેશિની, પૃ.૩૪૯)

- કેફિયત

કવયિત્રી ‘વિદેશિની’ના નિવેદનમાં નોંધે છે કે, “હું પરદેશમાં ટકી રહી છું તે કવિતાને કારણે. ભારત માટે સોરવાતી હોઉં છું છતાંય મને કોઈક વાર બીક લાગે છે કે ભારત જઈશ તો કવિતા છટકી તો નહીં જાય ને! આ તો મારો એક સ્થાયી કે અસ્થાયી ભાવ હોઈ શકે. પણ કવિતાને ભોગે હું કશું કરવા નથી માગતી. મારે જો ઓછામાં ઓછા શબ્દો દ્વારા મારી કવિતા વિશે કંઈ પણ કહેવાનું હોય તો હું એટલું જ કહીશ કે

કવિતા એ મારી એંશી વર્ષની મા છે, મારી મિત્ર છે, મારા થાકેલા હૃદયનું પરમ ધામ છે. આશ્વાસનનો શબ્દ જેટલો મને કવિતા પાસેથી મળ્યો છે એટલો મનુષ્ય પાસેથી નથી મળ્યો. છતાં આશ્વાસન મેળવવા માટે જ કવિતા લખું છું એવું પણ સાવ નથી. આશ્વાસન માટે હું કવિતાનો ઉપયોગ નથી કરતી કે મારી કવિતાનો પણ એ નિમિત્તે દુરુપયોગ નથી કરતી. મારો અને કવિતાનો સંબંધ દુનિયાદારીના ગણિતથી જુદો છે.” (અબ તો બાત ફૈલ ગઈ... સંપાદનઃ સુરેશ દલાલ, ઇમેજ પબ્લિકેશન-અમદાવાદ, પ્રથમ આવૃત્તિ – જાન્યુઆરી ૨૦૦૬ પૃ. ૧૦૮) તો સાથે સાથે એ પણ નોંધવું જોઈએ કે ‘મારાં કાવ્યોમાં મેં સ્ત્રી જીવનની, જીવનની વેદનાની, જીવનના કટુકઠોર અનુભવોની, લગ્નવિષમતાની અને વ્યથાની પ્રેમની ઝંખનાની, લગ્નબાહ્ય સંબંધોની વિરસતાની વાતો કરી છે. પણ પન્ના નાયક વાત કરે છે ત્યારે એનો અનુભવ માત્ર પન્ના નાયકનો નહીં પણ અમરેલીમાં કે અમેરિકામાં વસતી ભારતીય ઇમીગ્રન્ટ નારી લોપા કે ગોપાનો કે વિશ્વમાં વસતી કોઈ પણ નારીનો છે.’ (લોપા ને ગોપાની વાત એ મારી કવિતા, પન્ના નાયક, શબ્દસૃષ્ટિ, ઓક્ટોબર – નવેમ્બરઃ ૨૦૧૧, પૃ.૮૨)

વતનવિચ્છેદની પીડા અનુભવ્યાં પછી જ તેમની કાવ્ય સરવાણી ફૂટે છે. તેમની કવિતાનો જન્મ કેવી રીતે થયો છે તે વિશે તેઓ કહે છે કે,

તીક્ષ્ણ ચપ્પુથી છેદાતાં ત્વચાનાં પડ...
ટપકી ટપકી વહી આવતાં રક્તબિંદુઓ...
લોહીલુહાણ
છતાંય વેદના જીરવતો પ્રસંગ...
ચાલો, કાવ્યજન્મનો પ્રસંગ ઠીક ઊકલી ગયો! (વિદેશિની, પૃ.૨૬)

પન્ના નાયક સંદર્ભે એટલે જ સુરેશ દલાલ પણ કહે છે કે, ‘પન્નાની કવિતાની વિશિષ્ટતા એની પારદર્શક પ્રામાણિકતા છે અને નિખાલસતા છે. એની કવિતા, કવિતા અને જીવનના સંગમતટે રહી છે. આત્મલક્ષીપણું એ એની વિશિષ્ટતા છે. જીવનકથાના અવેજીમાં એ કવિતા નથી લખતી પણ જીવાતા જીવનના સંદર્ભમાં એ અનેક પરિસ્થિતિઓ છે, મનના અનેક મિજાજો છે, એનાં પ્રતિબિંબ પન્નાની કવિતામાં પડ્યા કરે છે. ભારત છોડીને પરદેશમાં રહેવું એ એક ફ્લાવરવાઝમાંથી બીજા ફ્લાવરવાઝમાં ફૂલો ગોઠવવા જેટલી સહેલી વાત નથી, પણ એક આખું ને આખું વૃક્ષ ઉખેડીને પારકી ભૂમિમાં રોપવા જેવી વાત છે. સ્વાભાવિક છે કે આ પરિસ્થિતિની પણ વેદના ને સંવેદના પ્રગટ થયા કરે છે. દામ્પત્યજીવનની નિષ્ફળતા અને પ્રેમ પામવાની અપાર ઝંખના એ એની કવિતાનો વિષય છે. આ વિષયની વાત તો કહેવા પૂરતી. કહેવું એક જોઈએ કે આ પન્નાનાં કાવ્યોની સામગ્રી છે.’ (પન્ના નાયક(કવિ અને કવિતા શ્રેણી) સંપાદકઃ સુરેશ દલાલ, પ્રકાશકઃ ગુજરાત આહિત્ય અકાદમી, ગાંધીનગર, પ્રથમ આવૃત્તિ-૧૯૯૦, પૃ.૫)

તો આપણે એ પણ જાણીએ છીએ કે ભારત હતાં ત્યાં સુધી તેમણે એક પણ કાવ્ય લખ્યું નહોતું. જ્યારે અમેરિકા આવ્યા પછી કવિતા જ તેમના જીવનનો ટેકો બની આથી આ આશ્ચર્ય પમાડે તેવા બદલાવને તેઓ આ રીત રજૂ કરે છે,

કોઈની કવિતા લખતી આંગળીઓની ટેરવાંનો થયો સ્પર્શ
પોપચાંને
અને ઉઘડી ગયું
આંખને અમેરિકા – મહેલોનું નગર ન્યૂયોર્ક મારા આંગણામાં
જ્યાં એક બારી ઊઘડતી નહોતી ત્યાં
સિત્તેર સિત્તેર મજલાના મહાલયો મહાલયો
પ્રત્યેક પળને ગતિવંત કરતાં ટાઇમ્સ-સ્કેવર્સ
માણસોથી માતું નહીં એવું મૅનહેટન
ચારેકોર ચક્રાકાર ગતિ
સમસ્ત ધસી રહ્યું સમસ્તની પ્રતિ
ઝગમગ ઝગમગ દીવાઓઓ દેશ થઈ ગઈ હું (વિદેશિની, પૃ.૬૮-૬૯)

તો એ વાત પણ પોતે સ્વીકારે છે કે કવિતાના ટેકા વિના વિદેશમાં ટકી શકવું અશક્ય જ હતું. જીવનમાં આવેલા આ ખાલીપામાંથી જ તેમને કાવ્યસર્જનની પ્રેરણા મળી છે એનો એકરાર કરતાં તેઓ કહે છે કે,

જીવનમાં
મળવું જોઈએ તે બધું જ
અને
માગેલું બધું જ
કદાચ
મળી ગયું હોત
તો
આ કવિતા
લખી શકાઈ હોત ખરી? (અંતિમે, પૃ. ૧૧૨)

સુરેશ દલાલ એટલે જ લખે છે કે, 'પન્નાની કવિતા સોયની અણી જેટલા વ્યથાના બિંદુ પર ઊભી છે. આ વ્યથાનું મૂળ શોધવું મુશ્કેલ નથી. જે જીવન જીવવું પડે છે એનો થાક છે, બેચેની છે, અજંપો છે, વ્યગ્રતા છે, ક્યારેક તો થાકની વાત કરવાનો પણ થાક છે, તો ક્યારેક વાત ન કરી શકાઈ હોય એનો 'કોરો તરફડાટ'

છે. આ બધાંની સામે જે જીવન જીવવું છે એને માટેની તાલાવેલી છે, ઝંખના છે.' (અબ તો બાત ફૈલ ગઈ... સંપાદનઃ સુરેશ દલાલ, ઇમેજ પબ્લિકેશન-અમદાવાદ, પ્રથમ આવૃત્તિ – જાન્યુઆરી ૨૦૦૬ પૃ. ૫) પણ પોતાની કવિતા કેવી છે તેની વાત કવિતા દ્વારા જ કવયિત્રી 'મારી કવિતા' નામનાં કાવ્યમાં રજૂ કરે છે. એક એક કરી કવયિત્રીએ પોતાની કવિતામાં આલેખેલા વિષયોની વાત આપણી સમક્ષ મૂકી આપી છે.

એમાં જગતભરની સ્ત્રીઓની ધરબાઈ ગયેલી વાચા છે
એમાં દંભી સમાજ માટેનો પડકાર છે.

.

એમાં કશું મૂકી જવાની ખેવના નથી
એમાં આજની ક્ષણને જીવી જવાની તમન્ના છે.
એમાં પન્ના છે,
ખુલ્લેખુલ્લી...
ગમે તો સ્વીકારો
નહીં તો... (ગુલમહોરથી ડૅફોડિલ્સ, પૃ.૯)

તો ક્યારેક એવું પણ કહી દે છે કે,

હું કવિતા લખવાનો દાવો
નથી કરતી;
હું તો
મારાં સ્તનોનાં પીંજરામાં કેદ શબ્દોને
પાંખો આપી
વિહરતાં મૂકું છું
ગગનમાં... (ગુલમહોરથી ડૅફોડિલ્સ, પૃ.૪૯)

તો કાવ્યલેખન એ તેમના માટે માત્ર કળા છે. એ કળા દ્વારા પોતે કંઈ જ પામવાની કે મેળવી લેવાની ભાવના ધરાવતાં નથી તેની પ્રતીતિ તેમના નીચેના શબ્દો કરાવે છેઃ

મારે નથી થવું મીરાં
મારે નથી થવું રાધા
નથી થવું વિશાખા કે ચંદ્રલેખા
કે લોપા કે ગોપા
કે

કોઈ પણ રોપા.

મારે તો રહેવું છે

કેવળ પન્ના. (ગુલમહોરથી ડૅફોડિલ્સ, પૃ.૨૩)

કાવ્યમાં લાઘવ હોય છે. જ્યારે જીવન તો વિશાળ છે, અવિરત ચાલ્યા કરે છે. આ જીવનની દરેક વાતો કાવ્યમાં સમાવી શકાતી નથી. કાવ્યની એ મર્યાદા છે કે તેને લાઘવથી રજૂ કરવાની હોય છે. તેથી તેઓ કહે છે કે,

જીવનની બધી વાત

કવિતા

નથી કહી શકતી. (વિદેશિની, પૃ.૧૯૨)

તો ક્યારેક તેમને એવું પણ લાગે છે કે પોતાના કાવ્યો દ્વારા તેનું જે રૂપ પ્રગટ થયું છે તે તો ભ્રામક છે. પોતાનું સાચું સ્વરૂપ હજી પ્રગટ થયું જ નથી. આ માટે કવયિત્રી ભાવકોને અરજ કરે છે કે,

હજીય કહું છું

મને આકારવા, પામવા

કોઈ focus બદલોઃ

કોઈ નવા રંગ અને નવી પીંછી લઈ આવો

મને બીજી વાર ચીતરો!

કોઈ મને ફરી વાર કોતરી કાઢો

હું છીણી અને હથોડાના ઘા સહી શકીશ.

હવે, જે જન્મે એ જ મારું સ્વરૂપ! (વિદેશિની, પૃ.૭૬-૭૭)

કાવ્ય લેખનની કેફિયત સ્વરૂપે તેમણે પોતે સ્વીકાર્યું છે કે, “ગુજરાતી સાહિત્યની ભૂમિકા તો મારી પાસે હતી જ. પણ અહીં ફિલાડેલ્ફીઆમાં રહ્યાં રહ્યાં લાઇબ્રેરીમાં નોકરી કરતાં કરતાં, પુસ્તકો જેવા અનાક્રમક મિત્રોની વચ્ચે જીવતાં જીવતાં, અચાનક એક દિવસ અમેરિકન કવયિત્રી એન સેક્સટનને મળવા સાંભળવા વાંચવાનો લહાવો મળે મળ્યો. એનાં કાવ્યો હું વાંચતી જાઉં અને એ વાતાવરણમાં ડૂબતી જાઉં. એનાં કાવ્યોની નિખાલસતા અને પારદર્શકતા મને વીંધી ગયા. જાણે કે મારા ખોવાઈ ગયેલા અસ્તિત્વનો ક્યાંક એમાં તાળો મળતો હોય. એક સ્ત્રી પોતા વિશે કોઈ પણ પ્રકારના નિષેધ વિના કેટલી હદે બેધડક બયાન કરી શકે છે એનો ખ્યાલ મને આવ્યો. એનાં કાવ્યોમાં ગર્ભાશયની વાતો, માસ્ટરબેશન અને મેન્સ્ટ્રુએશનની વાતો એ છોછ વિના કરી શકે છે. દંભના પડદા ચીરીને. હું એ પણ સમજું છું કે આવી વાતો કરવાથી જ કવિતા નથી થતી. પણ અંદરનું કોઈ તત્ત્વ આવી વાતોની અભિવ્યક્તિ માટે ધસમસતું આવતું હોય તો કેવળ સામાજિક ભયથી એનો

ઢાંકપિછોડો કરવો એ કલાકારને ન છાજે એવી કાયરતા છે.” (લોપા ને ગોપાની વાત એ મારી કવિતા, પન્ના નાયક, શબ્દસૃષ્ટિ, ઓક્ટોબર – નવેમ્બરઃ ૨૦૧૧, પૃ.૮૩) એન સેક્સટનનો કવયિત્રી પર ખૂબ પ્રભાવ રહ્યો છે. ‘એન સેક્સટન ૧’ નામનું કાવ્ય એન સેક્સટનના મનોચિકિત્સક જાણે કે એન સેક્સટનને સલાહ આપી રહ્યા હોય તે સ્વરૂપે લખાયું છે. પણ પન્ના નાયકના કાવ્યોમાંથી પસાર થયા પછી એવું જ લાગે કે આ સલાહ તેમણે પૂરેપૂરી રીતે આત્મસાત કરી લીધી છે.

મનોચિકિત્સકે તને કહ્યું કે
મનને સ્વસ્થ કરવાનો
એક જ રસ્તો છે.
મનમાં જે આવે તે લખ
મનને જે ફાવે તે લખ
અને
તું લખતી ગઈ
છોછ વિના-ધોધમાર. (ચેરી બ્લોસમ્સ, પૃ.૫૨)

આમ, કવયિત્રીએ પણ ભારતના વિરહને દૂર કરવા કાવ્યસર્જન શરૂ કર્યું. આ સર્જન વધતું ચાલ્યું. અને આજે આપણી સમક્ષ તેમના દસ જેટલાં કાવ્યસંગ્રહો ઉપલબ્ધ છે. પોતે એક જગ્યાએ એવું પણ કહે છે કે, ‘દુઃખમાંથી સુખ શોધી શકું એટલી ભાગ્યવાન નથી એવી વાત ગુંજી છે, પણ કવિતાએ મને જે સુખ આપ્યું છે એવું સુખ મને ક્યાંય મળ્યું નથી. મને કવિતા મળી એ મારું પરમ ભાગ્ય છે.’ (અબ તો બાત ફૈલ ગઈ... સંપાદનઃ સુરેશ દલાલ, ઇમેજ પબ્લિકેશન-અમદાવાદ, પ્રથમ આવૃત્તિ – જાન્યુઆરી ૨૦૦૬ પૃ. ૨૧૯) પણ ગુજરાતીઓના ગુજરાતી સાહિત્ય પ્રત્યેના અવગણનાને લીધે કવયિત્રી ક્યારેક બહુ નિરાશ પણ થાય છે. જેમ કે,

મારી આસપાસના
ગુજરાતીઓ
ઉમાશંકરની છબિ જોઈને
સતત પૂછ્યા કરે છેઃ
‘આ કોની છબિ છે?’ (ચેરી બ્લોસમ્સ, પૃ.૫૮)

તેમની કવિતામાં તેમણે કેવા કેવા વિષયો પ્રયોજ્યા છે તેની વાત કરતાં તેઓ નોંધે છે કેઃ

મારી કવિતામાં

અંધેરીના ઘરનું
શૈશવનું અજવાળું છે
તો
ક્યારેક એમાં
ફિલાડેલ્ફિઆનો બરફ પણ છે.
ક્યારેક
એ હોય છે
વ્યવસ્થિત ઘર જેવી
તો
ક્યારેક
તારા હાથની રમતથી
વિખરાયેલા વાળ જેવી. (ચેરી બ્લોસમ્સ, પૃ. ૧૦૧)

- નારી સંવેદન

પન્ના નાયકની કવિતામાં વિષય તરીકે નારી સવિશેષપણે આવે છે. આ નારી વિષયક કવિતા વિશે પ્રસાદ બ્રહ્મભટ્ટ નોંધે છે કે, 'સ્ત્રી હૃદયના ભાવોને વ્યક્ત કરતી કવિતાની તો આપણે ત્યાં ખોટ નથી. પરંતુ જ્યારે એક સ્ત્રી પાસેથી સ્ત્રી-જીવનની આશા-આકાંક્ષાઓ, વિરહવેદનાઓ, લાચારી જેવા ભાવો અભિવ્યક્તિ પામે છે ત્યારે અનુભૂતિની સચ્ચાઈ અને ઉત્કટતા તે ભાવોને પ્રભાવક સિદ્ધ કરે છે. એમાંય વળી અભિવ્યક્તિની ઉત્કટતાનો સુમેળ સધાય છે ત્યારે આહ્લાદકારી પરિણામ નીપજી આવે છે.' (સત્તર સાંપ્રત કવિઓ, પ્રસાદ બ્રહ્મભટ્ટ, શબ્દલોક પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, પૃ.૧૯૩)

ભારતીય સ્ત્રી મોટાભાગે ગૃહિણી તરીકે પોતાનું જીવન વિતાવે છે. હવે એમાં ધીમે ધીમે પરિવર્તન આવતું જાય છે પણ આવી સ્ત્રીઓના ડાયસ્પોરા સાથે લગ્ન કરાવવામાં આવે છે ત્યારે ભારત દેશ બાકીની જિંદગી પરદેશમાં રહીને જીવવા માટે પોતે મજબૂર થઈ જાય છે. ભૌતિકતા અને સંપતિના આધારે પરદેશમાં સુખની શોધમાં જતી સ્ત્રીને ત્યાં ગયા પછી એકલતા અને કંટાળા સિવાય કશું ન મળે ત્યારે તેને સ્વદેશ યાદ આવે છે. સ્વદેશ છોડવાની પીડા ત્યારે તેને સમજાય છે. આથી પરદેશમાં સંપતિ, આરામ અને મોજશોખ વાળી જીવનશૈલી વચ્ચે મજબૂત અને ટકાઉ ઘરની ચાર દિવાલોમાં કેદ થઈ જતી સ્ત્રીને વેદનાને કવયિત્રીના શબ્દો દ્વારા આ રીતે વાચા મળે છેઃ

આધુનિક દેશમાં
આધુનિક શહેરમાં

આધુનિક ઘરમાં

પીંજરું પણ આધુનિક! (વિદેશિની, પૃ.૨૩૧)

આ આધુનિક પાંજરામાંથી નીકળી શકવાનો કોઈ રસ્તો હોતો નથી,

હું અંદર આવેલી

એ બારણું જ ક્યાં છે? (વિદેશિની, પૃ.૨૩૧)

પીંજરામાં કેદ થઈ ગયા પછી તેને સમજાય છે પોતાની ભૂલ. પોતે જાતે જ આ પીંજરામાં આવવાનું કબૂલ્યું હતું. પણ આ માટે પુરુષરૂપી સમાજ દ્વારા તેને ઘણી બધી લાલચો પણ આપવામાં આવી હતી. એટલે જ એક ગીત દ્વારા સ્ત્રીની વેદના આ શબ્દો સ્વરૂપે વ્યક્ત થાય છે.

પીંજરાએ પંખીને આપ્યો છે વાયદો

કે આખું આકાશ અહીં આણશું રે લોલ.

સોનાના સળિયાની પાછળ રહીને

સૂરજ ને ચંદર ને માણશું રે લોલ.

પંખીની આંખોની ઊડી ગઈ નીંદરા

પંખીના ટહુકાનાં થયાં ચીંથરા રે લોલ. (વિદેશિની, પૃ.૩૩૯)

આ રીતે પાંજરામાં પૂરાઈ ગયા પછી સ્ત્રી પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે ઘણા બધા પ્રયત્નો કરે છે. પણ આખરે તેની નિયતિ ઘરની ચાર દિવાલો વચ્ચે જ રહી જાય છે. પોતાની આખી જિંદગી બીજાઓ માટે ખર્ચી નાખનાર આ સ્ત્રીની વેદના પણ જૂઓઃ

કોઈના

ટાઇમટેબલના ખાનામાં

ગોઠવાઈ જવાના

પ્રયત્નમાં જ

હું

ફેંકાઈ ગઈ છું

ટાઇમટેબલની બહાર... (ચેરી બ્લોસમ્સ, પૃ.૨૧)

પતિ અને બાળકોની સારસંભાળ રાખનારી સ્ત્રીની પોતાની કોઈ સારસંભાળ રાખનારું રહેતું નથી. ત્યારે પોતે આમ પણ કહે કે,

સૂરજમુખી

સૂરજ સાથે ફરે –

હું દિશાહિન. (ચેરી બ્લોસમ્સ, પૃ.૨૭)

ભારતીય સંસ્કૃતિમાં સંસ્કાર, માન, મર્યાદા, સન્માન, આબરૂ, લાજ, ઇજ્જત વગેરે સાથે જોડાયેલા ઘરના ઉંબરાનું ઘણું મહત્ત્વ છે. પોતાના જ ઘરમાં પોતે કેદ થઈ ગયાની વેદના પણ ક્યારેક આ રીતે કવયિત્રીના કાવ્યો દ્વારા વ્યક્ત થાય છે,

હવે આ જ ઘરના ઘડિયાળનાં

બગાસાં સાંભળવાનાં!

મારી બધી શોધ માટે આ સમચોરસ ખંડ!

હવે ક્યારેય નહીં ઓળંગવાનો

આ ઘરનો ઉંબરો? (વિદેશિની, પૃ.૨૨૬)

પન્ના નાયકે સ્ત્રીઓની લાગણીઓને સહજતાથી વાચા આપી છે એટલે જ તો સુરેશ દલાલ પણ કહે છે કે, ‘ગુજરાતી કવિતામાં પન્નાની કવિતાનો જો મોટામાં મોટો કોઈ ફાળો હોય તો એ એક સ્ત્રી પોતાની સંવેદનાનો નકશો અત્યંત પ્રામાણિકતાથી દોરે છે. આ પ્રામાણિકતા એ જીવન માટે કે કવન માટે મહામૂલી મૂડી છે.’ (પન્ના નાયક(કવિ અને કવિતા શ્રેણી) સંપાદકઃ સુરેશ દલાલ, પ્રકાશકઃ ગુજરાત આહિત્ય અકાદમી, ગાંધીનગર, પ્રથમ આવૃત્તિ-૧૯૯૦, પૃ.૭)

- ભારત અમેરિકા અને પશ્ચિમી સંસ્કૃતિ

ભારત અને અમેરિકાની રહેણી કરણીમાં તફાવત હોવાના કારણે ડાયસ્પોરિક વ્યક્તિ પોતાની સંસ્કૃતિ સાથે જીવવાના પ્રયત્નો કરે છે ત્યારે વિદેશી માણસ તેને આશ્ચર્યથી જુએ છે.

Oh, mommy !

see

her forehead is bleeding ! (વિદેશિની, પૃ.૨૨૦)

અહીં આ અગ્રેજી શબ્દો એ વાતને સ્પષ્ટ કરે છે કે આ એવા વ્યક્તિના સંવાદ છે જે ભારતીય સંસ્કૃતિથી પરિચિત નથી. અહીં મધર ટેરેસાનો ઉલ્લેખ મન હજુ ભારતીય ભૂમિના હોવાનો અંદેશો રજૂ કરે છે. આ કાવ્ય વાંચતા જ ‘લેડિ વીથ અ ડૉટ’ વાર્તાનું સ્મરણ થયા વિના રહેતું નથી. આ જ પ્રકારના વિષયવસ્તુને લઈને તેમની આ વાર્તા છે. આમ, ડાયસ્પોરાને અલગ જગ્યાએ સ્થાયી થવામાં ત્યાંના મૂળ લોકોના લીધે કેવી કેવી મુશ્કેલીનો સામનો કરવો પડે છે તેની પણ પ્રતીતિ અહીં થાય છે. તો અમેરિકાના મોલ કલ્ચર વિશે વાત કરતાં તેઓ કહે છે કે,

માનવસંપર્કમાંથી સાવ વિખૂટી ગાયો કણસે છે,

માથા વિનાનાં લટકે છે બકરાંઘેટાં,

અને

સંભળાય છે ત્રાસની ચીસ

'disjointed chicken in family size' માં...!

હૃષ્ટપુષ્ટ ગાયોનું દૂધ ખડકાયું છે

પણ

'Fortified, homogenized, pastuerzed

અને Vitamins added!'

બિચારી ગાય શું વિચારતી હશે! (વિદેશિની, પૃ.૧૦૧)

આ મૉલમાં લોકોની ભીડ તો હોય છે પણ સંવાદો નથી થતાં હોતા. ભીડ વચ્ચે પણ એકાંત અનુભવતી વ્યક્તિની પણ વ્યથા આ કાવ્યમાં વ્યક્ત થઈ છે. પશ્ચિમી જીવનશૈલીના આ જ એકાંત વિશે વાત કરતાં એક હાઈકુમાં તેઓ કહે છે કે,

ટેલિવિઝન

બોલ બોલ કરે ને

માણસો ચૂપ. (ચેરી બ્લોસમ્સ, ૬૪)

અમેરિકાની પાશ્ચાત્ય જીવનશૈલીમાં સુવિધાઓ અને વ્યવસ્થાઓ વચ્ચે વૈભવ છે પણ શાંતિ છિનવાઈ ગઈ છે. શાંતિ પૈસાથી ખરીદી નથી શકાતી એટલે જ બધા જ પ્રકારની સુવિધાઓ છતાં ગૂંગળામણ અનુભવતી કવયિત્રી કહે છે કે,

વાતાનુકૂલ

ઇમારતો, અંદર

હવા કણસે. (ચેરી બ્લોસમ્સ, ૧૧૭)

ઘર, ઑફિસ, બૅન્ક, સુપર-માર્કેટ અને ગાડી સુદ્ધાંમાં પણ ઍર-કન્ડિશન્ડ લગાવી દેવામાં આવ્યા છે તેથી વ્યક્તિને હવે કુદરતી હવા મળવાની જ બંધ થઈ ગઈ છે. આ ઠંડી કૃત્રિમ હવાથી માનવીના તન મન પણ ઠંડા થઈ ગયા છે. અમેરિકાનો માનવી યંત્રની માયાજાળમાં એવો તો ફસાઈ ગયેલો છે યંત્ર વગર કંઈજ કરી શકતો નથી. આ યંત્રો ચલાવવા માટે લાઈટ એ પ્રાથમિક જરૂરિયાત છે. માનો કે એક દિવસ વ્યક્તિ સવારે જાગે અને લાઈટ જ ન હોય તો વ્યક્તિની કેવી હાલત થાત ? આ પ્રશ્નનો જવાબ આપણને 'પરવશ' કાવ્યમાં મળે છે.

ઇલેક્ટ્રિક બ્રશ ચાલતું નથી

ઇલેક્ટ્રિક કૉફી પર્કોલેટર છલતું નથી

ઇલેક્ટ્રિક સ્ટવ ચાલતો નથી

ઇલેક્ટ્રિક ટોસ્ટર ચાલતું નથી

ઇલેક્ટ્રિક જ્યૂસર ચાલતું નથી. (ગુલમ્હોરથી ડૅફોડિલ્સ, પૃ.૯૪-૯૫)

'પ્રાર્થના' કાવ્યમાં પણ આ જ પશ્ચિમી જીવનશૈલીની વાત રજૂ થવા પામી છે. શહેરીકરણના ભરડામાં જીવન જીવતો અને સતત દોડતો દોડતો માણસ મશીનની જેમ જીવે છે. કામ કરવાની ઉતાવળ અને સમયની મારામારી વચ્ચે એક સાથે એકથી વધુ કામ કરવા માટે દોડે છે.

ઍલાર્મના કૂકડાથી ઊઠતો

રેલવેના ટાઇમટેબલથી બ્રશ કરતો,

સ્ટવ પાસે ઊભાં ઊભાં

ઊની ઊની ચહાના ઘૂંટડા ગટગટાવતો,

નાહતા નાહતા

અપૉઇન્ટમેનન્ટના ટેલિફોન-નંબરી શ્લોકો ગણગણતો,

અને

પોર્ટફોલિયોમાં પૂજાપાનો સામાન લઈ પૂરપાટ દોડતો

શહેરી જીવ (વિદેશિની, પૃ.૧૭૯)

આવી જ વ્યસ્તતાની વાત આગળ ઑફીસની ઘડીયાળ સાથે કાંડા ઘડીયાળનો સમય મેળવવાની વાત કરે છે.

મને ખબર નથી

હજી

કેટલીય સવારસાંજ

કેટલાંય વર્ષ

હું

મારી કાંડા ઘડિયાળને

ઑફિસના ઘડિયાળ સાથે

મેળવ્યા કરીશ. (વિદેશિની, પૃ.૨૬૧)

અહીં આ ઘડીયાળનો સમય મેળવવાની બાબત ભારત અને અમેરિકાના સમયમાં રહેલ તફાવત પણ સૂચવે છે. 'અમેરિકન ડ્રીમ' કાવ્યમાં પણ દિવસના અઢાર કલાક કામ કરવાની તૈયારીએ ડોલર કમાવવાની લ્હાયમાં એકવાર પરદેશની ધરતી પર પહોંચી તો જાય છે પરંતુ ત્યાંના અનુભવો એકલતામાં ધકેલી દે છે.

એ માણસ

ડોલર્સ ભેગા કરવા છાપાં વેચે છે,

એ માણસ

દેશમાં છોડેલાં સંતાનોને ભણાવવા છાપાં વેચે છે,

એ માણસ

અમેરિકન ડ્રીમ સાકાર કરવા છાપાં વેચે છે, (ગુલમ્હોરથી ડૅફોડિલ્સ, પૃ.૭૭)

આ કાવ્યમાં પશ્ચિમી સંસ્કૃતિની વરવી વાસ્તવિકતા પ્રગટ થઈ છે તો સાથે સાથે પરદેશમાં ડોલર કમાવવાની ધૂનના લીધે પોતાના હસતાં રમતાં પરિવારથી વિખૂટો પડી એકલો અટૂલો માણસ જ્યારે વિદેશની સફરે જવા તૈયાર થાય છે ત્યાર પછી તેને થતાં અનુભવોનું એક ઉત્તમ દષ્ટાંત આ કાવ્ય છે. આ કાવ્યમાં સંતાનોના સ્વપ્નાઓ સાકાર કરવા માટે પોતાના વર્તમાનને દરરોજ ગુમાવતો વ્યક્તિ છે તો વિદેશમાં ભારતીયોની માત્ર એક જ ઇચ્છા છે પૈસા કમાવાની તેની પર પણ કટાક્ષ કરવામાં આવ્યો છે. 'સમૃદ્ધિ' કાવ્યમાં પણ આ જ પ્રકારે અમેરિકમાં કચરાઓ ફંફોસી જીવન જીવતા ભીખારીઓ સાથે પોતાની તુલના કરી કવયિત્રી કહે છે કે,

કશુંક બબડતો જતો

કોઈ ચીંથરેહાલ માણસ

મારી જેમ જ વસતો

અહીં

સમૃદ્ધ અમેરિકામાં... (ચેરી બ્લોસમ્સ, ૯૭)

...

અહીં મિનિમમ વેજમાં

કામ કરતા માણસો પણ છે

જેના બૅકયાર્ડમાં

બગીચો તો શું

કોઈ વૃક્ષ પણ નથી. (ગુલમ્હોરથી ડૅફોડિલ્સ, પૃ.૩૫)

'કથા પરદેશી પાંદડાની' કાવ્યમાં પણ આ જ વિષયવસ્તુ ફરી સામે આવે છે.

ક્રિસ્મસની ઉજવણી માટે

મોંઘીદાટ રેસ્ટોરાંમાં

'ચિયર્સ' કહીને દારૂના પ્યાલા

ટકરાતા હશે

ત્યારે

પોતાનાં સંતાનના અમેરિકન ડ્રીમ માટે

એક પરદેશી માણસ

હસતે મોઢે

ગ્રાહકોની ગાડી પાર્કિંગ લોટમાં

પાર્ક કરતો હશે. (ગુલમહોરથી ડૅફોડિલ્સ, પૃ.૯૦)

ઘણી જગ્યાએ અમેરિકા તથા ભારતનું નામ લીધા વિના પણ દેશ-વિદેશની તુલના આવી રીતે કરે છે

તારી આંખોમાં

હિલોળા લેતાં

આ ડેફોડીલ્સ -

વંચાય છે એમાં

આ એપ્રિલ મહિનાની

સુંવાળી સવારે

મંડાતા

વસંતના પગલાંના

સુચક સંદેશા...(પાના નંઉ ૧૮૭ વિદેશિની)

ભારતીયો અમેરિકામાં જઈ સૌ પહેલા ભાડાંના મકાનમાં રહેવા લાગે છે. અમૂક સમય પછી આ ભાડાનું મકાન ખાલી કરવાનું આવે છે ત્યારે મકાન માલિકોની માનસિકતાને 'નોટીસ' કાવ્ય દ્વારા પ્રગટ કરવામાં આવી છે.

જત જણાવવાનું કે તમને ભાડે આપેલા મકાન પર તમારી

લીઝ પૂરી થાય છે અને અમે એ રિન્યૂ કરવા માંગતા નથી.

આ પત્ર મળે એટલે મકાન ખાલી કરી આપશો. મકાન

ખાલી રહેશે કે બીજા ભાડૂતને આપીશું એ તમારો વિષય

નથી અને એની ભાળ કરવાનો તમને કોઈ અધિકાર પણ

નથી. કોઈ પ્રકારે—વિચારમાં કે સપનામાં કે તંદ્રાવસ્થામાં

પણ –આ મકાન પાસે આવવાની તમને સખત મનાઈ

છે. આવશો તો અમે પોલીસ પગલાં લઈશું એની તમને

જાણ કરીએ છીએ.

તા.ક. અરે હા, વિશેષ જણાવવાનું કે અમેરિકામાં
મકાનમાલિકો કરતા હોય છે એમ મકાન ખાલી થયે
અમે મકાનનાં તાળાં બદલી નાંખીશું.
લિખિતંગ
મકાનમાલિક (ગુલમ્હોરથી ડૅફોડિલ્સ, પૃ.૫૭)

ભાડાના આ મકાન છોડી વ્યક્તિ પોતાનું આગવું મકાન ખરીદે અથવા બનાવે છે ત્યારે પણ તેમાં સુખ, સુવિધાઓનું ખાસ ધ્યાન રાખવામાં આવે છે. ભૌતિકતા અને આધુનિકતાની છાપ તેના મકાનોમાં દેખાય છે. પણ આ મકાન વિશે અન્ય પરિચિતો સાથે વાતચીત થાય છે ત્યારે જે કંઈ પ્રશ્નો પૂછાય છે તે નોંધપાત્ર છે.

કેટલા સ્કવૅર ફીટ?
કેટલા ઓરડા?
કેટલા બાથરૂમ,
ફેમિલીરૂમ ખાસ્સો મોટો હશે, નહીં?
deck કરાવ્યો? summerમાં ખૂબ વપરાયને?
કાર્પેટ, wall-to-wall?
ઓહ, લાકડાની ફર્શ પર પર્શિયન ગાલીચો જ શોભે!
બે કાર ગરાજ? – remote control સાથેને?
સારું બાવડાને જોર નહીં!
ઘરની security કેવી? (વિદેશિની, પૃ.૧૭૮)

પ્રકૃતિ અને સંસ્કૃતિથી વિખૂટો થઈ જતો માનવી ઊંચા ઊંચા બહુમાળી મકાનો બાંધે છે. આવા મકાનો ઘર બને છે કે નહીં એ જોવાની કોઈ તસ્દી લેતું નથી. દિવસેને દિવસે મકાનો ઉંચા અને મોટાં થતાં જાય છે જ્યારે સંબંધો તૂટતાં જાય છે. એકબીજા વચ્ચે ઉકેલી ન શકાય તેવા ભેદભાવો ઊભા થાય છે અને લગ્ન સંબંધે જોડાયેલા બે વ્યક્તિઓ છૂટાછેડા માટે કોર્ટના દરવાજે સામસામે આવી જાય છે ત્યારે શું થાય એની વાત 'ડિવોર્સ' કાવ્યમાં રજૂ કરતાં પન્ના નાયક નોંધે છે કે,

વકીલે કહ્યું:
ઈરીકન્સાઈલેબલ ડીફરન્સીસ–
જજે કહ્યું:
ડિવોર્સ ગ્રાન્ટેડ.

વર્ષોથી સાથે રહેલા પતિ પત્નિ માત્ર આ બે શબ્દોથી છૂટા થઈ જાય છે. આખરે બન્ને પાસે રહેલી તમામ ચીજવસ્તુઓના ભાગલા પાડવામાં આવે છે. ઘર, ઘરવખરી, ગાડી અને આખરે બાળકો સુદ્ધાં એકબીજા વચ્ચે વહેંચી લેવામાં આવે છે. આવી રીતે છૂટાછેડા લઈ લેવાથી સૌથી ખરાબ અસર તેમનાં બાળકો પર પડે છે. માતા અને પિતામાંથી કોઈ એક જ વ્યક્તિનો પ્રેમ તેને મળી શકે છે. ક્યારેક તો બીજી વખત લગ્ન કરે લેવાના લીધે આવા બાળકોની માનસિકતા પર ખૂબ જ ખરાબ અસર થાય છે. તો ક્યારેક નવા આવેલા માતા પિતા પણ તેને અવગણે છે.

આપણે ત્યાં ગરીબી, બેરોજગારી જેવી વિકટ સમસ્યાઓની જેમ જ અમેરિકાનું 'ગન કલ્ચર' તેના માટે એક ખૂબ મોટી સમસ્યા બની ગયું છે. મોટાં મોટાં વ્યક્તિઓથી માંડી નાના નાના બાળકો પાસે પણ આજે બંદૂક હોય છે. આ સમસ્યાને લીધે નાના નાના ઝઘડાઓમાં પણ ખૂન થવાના બનાવો વધી જાય છે. આ સમસ્યાની પરાકાષ્ઠા તો ત્યારે આવે છે જ્યારે નિશાળે ભણવા જતાં બાળકો બંદૂક રાખતા થઈ જાય છે. એટલે 'શંકા' કાવ્યમાં આ વિષયને આલેખતા કવયિત્રી નોંધે છે કે,

એના દફ્તરમાં
હોવાં જોઈએ
એ પુસ્તકો હશે
કે લંચબોક્સ
કે પપ્પાના ક્લોઝેટમાંથી ચોરેલી રિવોલ્વર
કે ઇન્ટરનેટ પરની રેસીપી પરથી
બનાવેલો બૉંબ? (અંતિમે, પૃ.૧૦૭)

વ્યક્તિ સ્વાતંત્ર્ય અને આઝાદીના નામે બાળકોની માસુમિયત છિનવાઈ જાય છે તે સૌથી મોટી પીડાદાયક વાત છે.

આમ, પન્ના નાયકની કવિતામાંથી સીધી રીતે જો ડાયસ્પોરિક લક્ષણ તપાસવા બેસીએ તો જૂજ કવિતામાં આપણને વતનની વાત નજરે પડશે. પરંતુ બારીકાઇથી તેમના કાવ્યોમાં પ્રવેશ કરીશું તો સતત ઓળા રૂપે છવાયેલો વિશાદ નજરે પડશે. વિદેશમાં પણ સતત તેમની બાની સ્મૃતિ સૌથી વધુ જોવા મળે છે. અહીં તેમના બાએ આપેલ ધાર્મિક અને ભારતીય સંસ્કાર પણ કાવ્યનો વિષય બન્યા છે. આ ભારતીય સંસ્કારોની પોકળતા અને ખોખલાપણું તેમની કવિતામાં વાસ્તવદર્શનના સ્વરૂપે આવે છે. તેમની કલમની વાસ્તવિક શ્યાહીને જ ઘણાં લોકો નારીવાદી સૂર કે નારીનો બોલ્ડ અવાજ ગણાવે છે. મુખર બની ભારતીય સંસ્કારોને જેવા છે તેવા જ અસલ સ્વરૂપે રજૂ કરવામાં કવયિત્રીને વિદેશનું વાતાવરણ અને જીવનશૈલી જરૂર મદદે આવે છે. છેલ્લે જયંત ગાડીતના આ વિધાનને સમર્થન આપી હું મારી વાત અહીં વિરમું છું : 'પરદેશમાં

આધુનિક નગરસંસ્કૃતિ અને તેની સગવડો વચ્ચે જીવતી એક સ્ત્રીના મનોગતને પ્રગટ કરતી આ કવિતા છે. કોઈ સંઘર્ષ, વિસ્મય કે તાણ વગરના, ભૌતિક સુખસગવડથી ભરેલા એકવિધ જીવનમાં અનુભવાતાં સુસ્તી ને કંટાળો, એ વચ્ચે મૃતપ્રાયઃ બનતી ચેતના ને તેમાંથી જન્મતો વિષાદ-એ આ કાવ્યોના કેન્દ્રવર્તી ભાવ છે. આ ભાવથી બંધાયેલી કવિની દ્રષ્ટિ પોતાના દાંપત્યજીવનમા, પોતાની આસપાસના જીવનમાં એકલતાનો, પારાયાપણાનો, ઉષ્માવિહીનતાનો અનુભવ કરે છે. એ ઝંખે છે વતનને અને સ્નેહસભર જીવનને. સરળ તોપણ ભાવક્ષમ ભાષા આ કવિતાની લાક્ષણિકતા છે.' (https://gujaratisahityaparishad.com/prakashan/sarjako/savishesh/Savishesh-Panna-Nayak.html)

❖ ૫.૩ પન્ના નાયકની વાર્તામાં ડાયસ્પોરિક વલણો

પન્ના નાયક પાસેથી આપણને અત્યાર સુધીમાં એકમાત્ર વાર્તાસંગ્રહ 'ફ્લેમિન્ગો' વર્ષ ૨૦૦૩માં મળે છે. આ વાર્તા સંગ્રહમાં સમાવિષ્ટ અને તે સિવાય તેમની વાર્તાઓ વિશે થયેલા સંપાદનોમાંથી પસાર થતાં મને ૧૮ જેટલી વાર્તાઓમાં ડાયસ્પોરિક લાક્ષણિકતાઓ જણાઈ છે. આ લાક્ષણિકતાઓ અંગે મારે અહીં વાત કરવી છે. પોતાની વાર્તાઓ વિશે કેફિયત રજૂ કરતાં લેખિકા કહે છે કે, "રચાયા પછી પોતાની કૃતિને બને એટલી પરલક્ષી દષ્ટિએ જોવી જોઈએ. આપણે ત્યાં ટૂંકી વાર્તાનાં અનેક વહેણ અને વળાંકો આવ્યાં અને ગયાં અને આવશે અને જશે પણ ટૂંકી વાર્તાના આ 'જમુનાનું પૂર'માં હું પણ મારો આ દીવો તરતો મૂકું છું. તરશે કે ડૂબશે એ મારાતમારા કે કોઈના પણ હાથની વાત નથી. પરદેશમાં રહેતી ગુજરાતી વ્યક્તિઓમાં જીવનની કથા અને વ્યથાને અહીં વાચા મળી છે." (નિવેદન, પૃ.૫)

- લેડી વિથ અ ડૉટ

મૂળે ભારતીય પણ અમેરિકા જેવા પાશ્ચાત્ય સંસ્કૃતિના રંગે રંગાયેલા દેશમાં રહેતી અલ્પાની આ વાર્તા છે. ભારતીય સંસ્કૃતિના પહેરવેશ અને વેશભૂષા અલ્પાને ગમે છે. મણિલાલ હ. પટેલ અલ્પા જેવી અનેક ભારતીય સ્ત્રીઓના પહેરવેશને એનો જીવ ગણાવતાં કહે છે કે, *'ડ્રેસ-સાડી-બંગડી-ચાંલ્લો-મંગળસૂત્ર તો એને માટે માત્ર વેશ કે શણગાર નથી... એ એની ત્વચા છે. એની એ લાગણી છે.... ગુજરાતી-ભારતીય પરંપરામાં એનો જીવ છે.' (પન્ના નાયકનો વાર્તાલોક, સંપાદકઃ મણિલાલ હ. પટેલ, ડિવાઈન પબ્લિકેશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ૨૦૧૦, પૃ. ૮)* પશ્ચિમી સંસ્કૃતિના પરિધાનો અલ્પાને માફક આવતા નથી. ભારતીય અસ્મિતાને ટકાવી રાખવાની મથામણ સાથે પોતાની મનગમતી પ્રવૃતિઓ સ્વેચ્છાએ કરવી અલ્પાને ગમે છે. અલ્પાનો પતિ રાજીવ અલ્પાને આ બાબતમાં સાથ સહકાર આપવાને બદલે ઠપકાઓ આપ્યા કરે છે. પરદેશમાં એકલી અટૂલી પડી ગયેલી અલ્પા આખરે પોતાની તકલીફોનો એકલા હાથે સામનો કરવાનું નક્કી કરે છે. આ કામમાં તે સફળ થાય છે ત્યાં સુધીની વાત આ વાર્તા 'લેડી વિથ અ ડૉટ'માં છે.

અલ્પા પોતાના ઘર માટે ઘરવખરી ખરીદવા જ્યારે જ્યારે મોલ કે સુપરમાર્કેટમાં જતી ત્યારે ત્યારે આસપાસના અમેરિકન ટિનએજર્સ તેના ભારતીય પહેરવેશ અને શૃંગારને લીધે તેને ચીડવતા. એક દિવસ પાર્ટીમાં જ વાત થઈ હતી કે, 'અમેરિકન ટિનએજર્સ ભારતીય સ્ત્રીઓને કપાળે ચાંલ્લો જોઈને ભડકે છે.' (પૃ. ૭)

અલ્પાને એક દિવસ દૂધ લેવા માટે સુપરમાર્કેટમાં જવાનું થયું. ત્યાં અમેરિકન ટિનએજર્સોએ અલ્પાની મજાક કરી.

'હાઉ અબાઉટ અ કેન ઓફ બીયર ?' (પૃ. ૭)

'વૉટ હેપન્ડ ટુ યોર બ્લડી ડૉટ ? નો બ્લિડિંગ ફોર હેડ ?' (પૃ. ૭)

'શી ઈઝ ઓલ ડોલ્ડ અપ એન્ડ નો બ્લડી ડૉટ. ઇઝન્ટ શી અ નોવેલ્ટી ?' (પૃ. ૮)

'હાઉ અબાઉટ અ લિટલ ફ્લીંગ, લેડી !' (પૃ. ૮)

ઉપરોક્ત વિવિધ રીતે અલ્પાની મજાક મશ્કરી થતી રહેતી. અલ્પા માટે આ બધું રોજેરોજનું થવા લાગ્યું હતું. પોતે હવે આ બધાથી બહાર નીકળવા માંગતી હતી. ભારતીય સંસ્કૃતિના સૌભાગ્યના પ્રતીક સમાન ચાંદલાને અમેરિકન 'બ્લડી ડૉટ' કહે અને એ પણ અલ્પાના મોઢા ઉપર એ હવે સાંખી શકાય તેમ નહોતું.

સુપરમાર્કેટમાં પોતાની સાથે આજે જે કંઈ પણ બન્યું તેની સંપૂર્ણ હકીકત આજે અલ્પા પોતાના પતિ રાજીવને કહેવા માંગતી હતી. અલ્પાને આશા હતી કે રાજીવ તેનો સાથ આપશે અને એ રીતે આ અમેરિકન ટીનએજર્સથી છૂટકારો અપાવશે. પરંતુ રાજીવને જ્યારે અલ્પાએ બધી વાત કરી ત્યારે રાજીવે અલ્પાનો સાથ આપવાને બદલે જાણે કે આ તમામ બાબતોમાં વાંક અલ્પાનો જ હોય એ રીતે અલ્પાની વાતને વખોળી કાઢી.

"'વાંક તમારો જ છે. ઈન રોમન યુ શુડ ટુ વૉટ રોમન્સ ડુ.'

'એટલે ?'

'તમે સાડી પહેરો ને ચાંલ્લો કરો એટલે આંખમાં આવો જ.'

'ચાંલ્લો નહોતો કર્યો. અલ્પા બોલી.'

'પણ સાડી તો પહેરી'તી ને ?'

'એટલે અમેરિકામાં અમારે સાડી નહીં પહેરવાની ને ચાંલ્લો નહીં કરવાનો ? કપાળ અડવું રાખવાનું ? અલ્પા સિન્કના વાસણ ધોતાં બોલી.'

'હા જો તમારે બીજા કરતાં કરતાં જુદા ન તરી આવવું હોય તો. કહી રાજીવ ઉપર ગયો.'

....

'રાજીવ, તને તો ખબર છે કે જુદા ન દેખાવા માટે ઑફિસમાં સ્કર્ટ બ્લાઉઝ, સ્ટોકિંગ્ઝ, થોડી ઊંચી એડીના શૂઝ પહેરું જ છું. પણ એવો તો કંટાળો આવે કે ક્યારે કાઢું ને પંજાબી પહેરી લઉં. રાજીવના છાપાની ગડી કરતાં અલ્પા બોલી.'

'તમારો આ પંજાબી પણ તમારે ઘરમાં જ પહેરવો.'

'કારણ ?'

'કારણ કે અમેરિકનો માને છે કે એ નાઇટસૂટ છે. મારી ઓફિસમાં લોકો પૂછતા હતા.'

'તેં શું કહ્યું ?'

'શું કહું ? આઈ ફીલ સો અનકમ્ફર્ટેબલ એક્સપ્લેઇનિંગ. મારા સમજાવવાથી એ લોકો થોડા કન્વિન્સ થવાના હતા ? એમને એમ લાગે છે કે તમે આટલે દૂર આવીને તમારા પોતાના પોશાકને વળગી રહો છો એમાં તમારી બદલાવવાની ને અહીંના સમાજમાં ભળી જવાની ચોખ્ખી ના છે. તમારે તમારી નાળ કાપવી જ નથી.'" (પૃ. ૮-૯)

રાજીવ સાથેની વાતચીતથી અલ્પાને એ વાતની ખાતરી થઈ ગઈ કે રાજીવ તેની કોઈપણ પ્રકારની મદદ કરશે નહીં. વળી રાજીવ અને અલ્પા વચ્ચેના સંવાદોને પણ જો તપાસીએ તો રાજીવ અલ્પા માટે 'તમે', 'તમારો' જેવા સંબોધનો કરે છે. રાજીવ પોતે પણ ભારતીય છે તેમ છતાં પોતે જાણે ભારતીય સંસ્કૃતિથી સાવ જ અલિપ્ત હોય એ રીતનું વર્તન કરે છે. જે વાત વિશેની ચર્ચા માત્ર કરવાથી રાજીવને 'અનકમ્ફર્ટેબલ' ફીલ થાય છે એ બધું સહન કરતાં અલ્પાના દિલોદિમાગ પર શું અસર થતી હશે તેનો તેને વિચાર સુધ્ધાં પણ આવતો નથી. ભારતથી દૂર, સ્વજનોથી દૂર અને પતિ પાસે હોવા છતાં તે પોતાને તરછોડે છે ત્યારે અલ્પાના મનમાં હજારો વિચારો એકસાથે ઊભા થાય છે. પોતે ભારતીય છે એ વાતનું તેને ગર્વ છે એ બાબતને તેના આ વિચારો પ્રસિદ્ધ કરે છે : 'હું ભારતીય છું અને અમેરિકામાં રહું છું એનો અર્થ એ નહીં કે મારે શું પહેરીને ક્યાં જવું એ બીજા નક્કી કરે. અમારે ભારતીય સ્ત્રીઓને સાડી પહેરવી છે, પંજાબી ડ્રેસ પહેરવો છે, ચાંલ્લો કરવો છે. એ અમારી ભારતીય અસ્મિતા છે.' (પૃ. ૯)

વિચારોમાં ને વિચારોમાં અલ્પાને ઉંઘ આવી જાય છે. શરીર ભલે આરામમાં હોય પણ પેલું મન થોડું જ શાંત બેસવાનું હતું. દિવસભરનો કકળાટ અને આખરે પતિના મુખેથી પોતાના વિશે સાંભળેલા વચનોને લીધે મન હજી શાંત થયું નહોતું. અચાનક અલ્પાને રાત્રે સપનું આવે છે.

"એ સુપરમાર્કેટમાંથી બહર નીકળે છે. હાથમાં ગ્રોસરી બેગ છે. ખભે પર્સ છે. કોઈ ધોળો ટીનએજર એને આંતરે છે. ગ્રોસરી બેગ પડી જાય છે. એ બૅગ લેવા નીચી નમે છે ત્યાં બીજો કોઈ ટીનએજર એને 'હાઉ ડુ યુ રૅપ ધિસ થિંગ વિચ હેન્ગસ લાઈક અ શાવર કર્ટન' કહી એની સાડી ખેંચી કાઢે છે. એ બૂમ પાડે છે. 'કૃષ્ણ ! કૃષ્ણ !' પણ કોઈ કૃષ્ણ ચીર પૂરવા આવતો નથી. સુપરમાર્કેટની બહાર ભેગા થયેલા લોકો વચ્ચે એ

બ્લાઉઝ અને ચણિયામાં રડતી રડતી ઊભી છે. છ વારની એની સાડી ડૂચો થઈને એક ખૂણામાં પડી છે." (પૃ. ૧૦)

આવા ખરાબ સપનાએ અલ્પાની ઉંઘ ઉડાડી દીધી. ફરીથી તે વિચારવા લાગી. એક ક્ષણ તો એવી પણ આવી કે પોતે સાવ જ હતાશ થઈ ગઈ અને હાર માની લીધી હોય એવા વિચારો તેને આવવા લાગ્યા. 'અલ્પાએ નક્કી કર્યું કે અમેરિકનો હોય ત્યાં સાડી પહેરીને, ચાંલ્લો કરીને જવું નહીં. જોબ પર, ચાલવા જાય ત્યારે ને ખાસ ગ્રોસરી લેવા જાય ત્યારે જીન્સ અને ટી શર્ટ કે સ્કર્ટ બ્લાઉઝ. એ પણ નક્કી કર્યું કે ઓછી લાઈટ હોય એવા વિસ્તારમાંથી પસાર થવું નહીં.' (પૃ. ૧૦) આ તમામ વિચારો એક સ્ત્રી તરીકે હતા પરંતુ અલ્પાને લાગવા લાગ્યું કે હવે તો પોતે અમેરિકા જેવા મુક્ત વાતાવરણ અને સ્વતંત્ર વિચારસરણી ધરાવનાર દેશમાં જીવે છે. આથી અલ્પાને તત્ક્ષણ બીજા વિચારો આવે છે કે, 'એમ ડરી શા માટે જવું ? આ એનો દેશ છે. કોઈ એને રોકે તો એણે શા માટે રોકાઈ જવું ?' (પૃ. ૧૦) આખરે અલ્પા પોતાને ભોગવવી પડતી મુશ્કેલીઓનો સામનો જાતે જ કરવાનું નક્કી કરે છે.

બે અઠવાડિયા પછી અલ્પાને પિટ્ઝા લેવા જવાનું થાય છે. ત્યાં પેલો છોકરો દેખાયો. પિટ્ઝાની સાથે તેણે રેડ પાવડર (લાલ મરચાનું પાવડર) ખાસ લીધું. અલ્પા જાણતી જ હતી કે પેલો છોકરો તેની મશ્કરે કરશે. આથી જ અલ્પાએ એ છોકરાને સુપરમાર્કેટની બહાર પોતાની ગાડી પાસે બોલાવી તેની આંખોમાં પિટ્ઝા માટે લીધેલ રેડ પેપર ઉડાડી દીધી. પોતાની હંમેશની થતી મજાકનો જાણે કે આ રીતે પોતે બદલો લીધો હતો. અલ્પા ત્યાંથી નીકળતા નીકળતા પેલા અમેરિકન ટિનએજર્સને એ પણ કહેતી ગઈ કે, 'ધેટ્સ વૉટ અ સેક્સી વુમન વિથ બ્લડી ડૉટ ડુ.' (પૃ.૧૧)

અલ્પા જ્યારે ઘરે પહોંચી ત્યારે પિટ્ઝા સાથે રાજીવે ખાવા માટે રેડ પેપર માંગી, પણ જાણે કે કશું જ બન્યું ન હોય એ રીતે અલ્પાએ સ્વસ્થ રહેવાનો ડોળ કર્યો અને 'મરચું ? શેનું મરચું ?' જેવા ઉડાઉ જવાબથી રાજીવની વાતને ટાળી દીધી. અલ્પાએ જે પરાક્રમ આજે કર્યું હતું તેનો જરા સરખો અંદાજ પણ રાજીવને આવવા ન દીધો. રાજીવને કોઈ વાત ન કહેવા પાછળ એક જ કારણ જવાબદાર હતો અને તે એ કે રાજીવે અલ્પાને મદદ કરવાની કોશીશ પણ કરી નહોતી. પરદેશમાં પોતાની પત્નીને થતી તકલીફોથી મોઢું ફેરવી જનાર પતિને પોતે કરેલા પરાક્રમની વાત ન કહેવી અલ્પાને વધુ યોગ્ય લાગે છે.

આમ, અહીં પરદેશમાં ભારતીય સ્ત્રીને માત્ર ભારતીય હોવાને લીધે ભોગવવી પડતી તકલીફો, એ તકલીફોને જોવા, જાણ્યા સમજવા છતાં આંખ આડા કાન કરતો ભારતીય પતિ અને આખરે એકલા હાથે પોતાની તકલીફોનો સામનો કરતી અલ્પા જેવી ભારતીય સ્ત્રીની કથા રજૂ થઈ છે. આ વાર્તા વિશે વાત કરતાં મણિલાલ હ. પટેલ નોંધે છે કે, *"'લૅડી વીથ અ ડૉટ' વાર્તા 'ડાયસ્પોરા' અને 'નારીવાદ' બંને વલણોને એકસાથે*

તાકે છે ને સફળ બની રહે છે.” (પન્ના નાયકનો વાર્તાલોક, સંપાદકઃ મણિલાલ હ. પટેલ, ડિવાઈન પબ્લિકેશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ૨૦૧૦, પૃ. ૮)

આ વાર્તાની વિષયવસ્તુના બીજ લેખિકાને થયેલા સ્વાનુભવમાં પડેલા છે એવું ‘શબ્દસૃષ્ટિ’ સામયિકના નવેમ્બર-૨૦૧૧ના અંકમાં પ્રગટ થયેલી તેમની કેફિયતના આધારે કહિ શકાય. પોતાની સાથે બનેલો એક બનાવ વર્ણવતા લેખિકા નોંધે છે કે, “એક પ્રસંગની વાત કરવી છે જે હંમેશ માટે મારા ચિત્તમાં જડાઈ ગયો છે. એ પ્રસંગ તે હું પહેલી વાર અમેરિકા આવી ત્યારનો. અઢાર કલાકની મુસાફરી કરીને ન્યૂયોર્કના એરપોર્ટ પર ઊતરી હતી. મેં સાડી પહેરી હતી. કોરા કંકુનો લાલ ચાંલ્લો કર્યો હતો. પાસપોર્ટ પર સિક્કો મરાવવા લાઈનમાં ઊભી હતી. મારી પાછળ એક અમેરિકન બાળક એની મા સાથે ઊભું હતું. એ ટીકી ટીકીને મારી સામે જોયા કરતું હતું. થોડી વાર પછી એણે એની માને કહ્યું, “Oh mommy! See, see, her forehead is bleeding." પરદેશી હોવાનો, અમેરિકન ભારતીય હોવાનો, આ મારો પ્રથમ અનુભવ હતો.” (શબ્દસૃષ્ટિ, નવેમ્બર) આમ, લેખિકાના આ પહેલા અનુભવને જ અહીં શબ્દદેહ મળ્યો છે તેવું ચોક્કસ કહી શકાય.

- નિત્યક્રમ

દાંપત્ય જીવનમાં પોતાના જીવનસાથી પ્રત્યે વફાદારી ભારતીય સંસ્કૃતિની આગવી ઓળખ છે. વ્યાભિચારીવૃતિ હોય એ દાંપત્ય જીવનની કલ્પના ભારતીય સંસ્કૃતિમાં કરવી મુશ્કેલ છે. અહીં, આવા જ કંઈક વિષયની વાત છે. વાર્તામાં બે જ પાત્રો છે, સ્ત્રીપાત્રનું નામ પ્રેરણા છે જ્યારે પુરુષ પાત્રનું નામ સર્જકે જણાવ્યું નથી. આંતરમનની એકોક્તિની કથનશૈલી દ્વારા આ વાર્તાની રજૂઆત થઈ છે.

ઉપર વાત કરી તે મુજબ પુરુષ પાત્રનું નામ વાર્તામાં આપવામાં આવ્યું નથી. આથી તેને હું વાર્તાનાયક કહીશ. લગ્નેતર સંબંધોમાં પુરુષ પહેલ કરે છે એવી માન્યતા આ વાર્તા વાંચ્યા પછી બદલાય છે. વાર્તાનાયક અને પ્રેરણા બન્ને આમ તો પરિણિત છે. તેમ છતાં પોતાના જીવનસાથીને કહ્યા વગર તેઓ એકબીજાને બે-ત્રણ વખત મળે છે. માત્ર બેથી ત્રણ વખતના મિલનને અંતે પ્રેરણા વાર્તાનાયકને પોતાના ઘરે બોલાવે છે. વાર્તાનાયક કરતાં વધારે સ્વસ્થ પ્રેરણા છે. એટલે જ વાર્તામાં વાર્તાનાયકના પાત્રાલેખન વખતે વિધાન આવે છે કે, ‘ક્ષોભ સાથે તમે પ્રેમ કરો છો.’ (પૃ.૧૪) આ ક્ષોભ પહેલી વખત પરસ્ત્રી સાથે સમાગમ કર્યાનો છે. વાર્તાનાયકની પરિસ્થિતિ તો ત્યારે લથડે છે જ્યારે પથારીમાં પોતાની પડખે સૂતેલી પ્રેરણાને અચાનક તેના પતિ અરૂણનો ફોન આવે છે. વાર્તાનાયકની અસ્વસ્થતાના પ્રતીક સમા આ વિધાનો જૂઓઃ ‘તમને પેશાબ થઈ જશે એટલો ભય તમારા શરીરમાં વ્યાપી વળે છે. તમે થરથર કાંપો છો. તમારું હૃદય બમણી ઝડપે ધડકે છે. તમને ભયંકર અપરાધભાવ જાગે છે. ધરતી માર્ગ આપે તો સમાઈ જવાનું મન થાય છે.’ (પૃ.૧૪)

'ધરતી માર્ગ આપે તો સમાઈ જવું' આ શબ્દો કાને પડતાં જ ભારતીય ધર્મગ્રંથો અને પુરાણો યાદ આવે. આ ગ્રંથોમાં આવા વિચારો અત્યાર સુધી કોઈ સ્ત્રી જ કરતી આવી છે. પહેલી વખત અહીં આવા વિચારો એક પુરુષ કરતો હોય એ જોવા મળે છે. વાર્તાનાયકના આવા વિચારો પાછળ પ્રેરણાની સ્વસ્થતા જવાબદાર છે. પરપુરુષ સાથે એક જ પથારીમાં સૂતેલી પ્રેરણા પોતાના પતિ સાથે જે રીતે વાત કરે છે તે પણ જૂઓઃ 'ડાર્લિંગ, કેમ છે તું ? શું કર્યું આજે ? લંચ ખાધો ? ટપાલમાં કશું નથી. સાંજે કેટલા વાગ્યે આવીશ. જમવામાં શું બનાવું ? દાળઢોકળી ? ચો...ક્ક....સ. અત્યારે શું કરું છું ? તું એટલું વ્હાલ કરે છે કે મને સુખના સોજા આવ્યા છે. બ્લાઉઝના આંતરસેવા ખોલું છું.' (પૃ. ૧૪)

વળી, આ સંવાદો બોલતી વખતે પ્રેરણા વાર્તાનાયકના હાથને છોડી દેવાના બદલે તેને પંપાળતી ઠંડા કલેજે વાત કરે છે. તેથી વાર્તાનાયક અચંબિત રહી જાય છે. વાર્તાનાયક સમજી જ નથી શકતો કે એક પરણેલી સ્ત્રી પરપુરુષ સાથે પથારીમાં પડ્યા પડ્યા તેના પતિ સાથે આટલી સ્વસ્થતાથી વાત કરી જ કેમ શકે ? 'આવી સહજતા કેવી રીતે આવતી હશે ?' (પૃ.૧૫) આખરે વિચારોના અંતે પોતે એવા નિર્ણયે પહોંચે છે કે, 'પોતાના ઘરમાં અંધારામાં ય દાદર મળી જાય એ માટે પગને ટેવાવું પડે છે. સવાલ ટેવનો છે.' (પૃ.૧૫) વાર્તાનાયકને જાણે કે બ્રહ્મજ્ઞાન થયું હોય તેમ સમજાઈ જાય છે કે પ્રેરણા આટલી સહજતાથી બધું એટલા માટે કરી શકતી હશે કારણ કે પરપુરુષ સાથે સહશયન કરવાની એને ટેવ પડી ગઈ છે. 'પહેલી વાર એવું કરતા હોઇએ ત્યારે હૃદય એક ધબકારો ચૂકી જતું હોય છે. આપણે સહજ મરી જતાં હોઈએ છીએ. પછી ટેવાઈ જવાય. કોઠે પડી જાય. અને એ બધું સહજ બની જાય. આંખ પલકારવા જેટલું સહજ.' (પૃ.૧૫)

પોતાની પત્ની જયશ્રી પ્રત્યે અત્યાર સુધી વફાદાર રહેલા વાર્તાનાયકને હવે બીજી સ્ત્રીનું આકર્ષણ થવા લાગે છે. પોતે પણ હવે ભારતીય મટી પશ્ચિમી સંસ્કૃતિના રંગે રંગાવા તૈયાર થઈ જાય છે. વાર્તાનાયક ફરીથી બુધવાર આવે અને ફરીથી પ્રેરણાને મળી શકાય એની રાહ જોવા લાગે છે. એના વિચારોમાં ખોવાઈ જાય છે. ત્યાં આ વાર્તા પૂર્ણ થાય છે. એટલે જ મણિલાલ હ. પટેલ કહે છે કે, *'આવો સીધોસાધો યુવાન પછી લલચાય છે... લપટાય છે ને ધીમે ધીમે બુધવારની રાહ જોવા લાગે છે....' (પન્ના નાયકનો વાર્તાલોક, સંપાદકઃ મણિલાલ હ. પટેલ, ડિવાઈન પબ્લિકેશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ૨૦૧૦, પૃ. ૯)*

લગ્નેતર અને અનૈતિક સંબંધો બાંધવામાં પુરુષ પહેલ કરતો હોય એવા ઉદાહરણો આપણા ગુજરાતી સાહિત્યમાં ઘણાં બધાં જોવા મળશે. પણ સ્ત્રી દ્વારા પહેલ થતી હોય એ ભારતીય સંસ્કૃતિમાં કે ગુજરાતી સાહિત્યમાં બહુ ઓછું જોવા મળે છે. પ્રેરણા જેવી સ્ત્રી પરપુરુષ સાથે પોતાના જ ઘરમાં શરીરસંબંધ બાંધે છે. પોતે પરપુરુષ સાથે છે તે વખતે જ પોતાના પતિ અરૂણનો ફોન આવે છે ત્યારે જરાય પણ હતાશા, શર્મ કે સંકોચ અનુભવ્યા વિના સહજતા અને સ્વસ્થતાથી તેની સાથે મસ્તીભરી વાતો કરે છે. આ વાતો એ

પ્રકારની છે કે વાર્તાનાયક સંકોચ અનુભવે છે. લગ્નેતર સંબંધોમાં સ્ત્રીની પહેલ અને આટલી સહજતા આ વાર્તાને ડાયસ્પોરિક બનાવે છે.

આ વાર્તામાં વાર્તાનાયકનું નામ અપાયું નથી. તેનું એક કારણ એ પણ આપી શકાય કે આ વાર્તામાં સ્ત્રીના પ્રાધાન્યની જ વાત છે અને તેનું પાત્ર વધારે ઉપસાવવામાં આવ્યું છે. સમગ્ર વાર્તા નાયકના આંતરમન દ્વારા કહેવાઈ હોવા છતાં કેન્દ્રસ્થાને પ્રેરણા જ રહે છે. એટલે કે જ્યાં પુરુષના અસ્તિત્વનો જ નકાર છે ત્યાં તેવા પાત્રને નામ આપવાની જરૂર જ ક્યાં રહે છે. આ યુવાન વિશે મણિલાલ હ. પટેલ કહે છે કે, *'યુવાન અને પ્રેરણા તથા તેમની પરિસ્થિતિઓ કાચની સામે સાચ તથા કાચની સામે કાચ-ની જેમ મુકાઈ છે... સંનિધિકરણ રચાય છે – એકાધિક પરિસ્થિતિઓ રણઝણી ઊઠે છે. ને પ્રતિબિંબોની પરસ્પરતા જુદી ભાત રચીને સંકેતમાં બધું કહે છે... યુવાન 'બચી જતો' નથી... હવે એ વટલાઈ ચૂક્યો છે. યંત્રીકરણ અને ભોગવાદનો એરુ એને પણ આભડી ચૂક્યો છે...' (પન્ના નાયકનો વાર્તાલોક, સંપાદકઃ મણિલાલ હ. પટેલ, ડિવાઈન પબ્લિકેશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ૨૦૧૦, પૃ. ૧૦)* આ જ વાત નીતિન રાઠોડ પોતાના શબ્દોમાં આ રીતે રજૂ કરે છે, *'વાર્તામાં યુવાન બચી જતો નથી, પરંતુ યંત્રસંસ્કૃતિ અને ભોગવાદનો ભોગ બને છે.' (નીતિન રાઠોડ, તાદર્થ્ય, જૂન-૨૦૧૫, ૩૯)* તો પ્રેરણા વિશે કહે છે કે, *'મૂલ્યોને નેવે મૂકી જરૂરિયાતોને અગ્રતા આપતી નારી છે.' (નીતિન રાઠોડ, તાદર્થ્ય, જૂન-૨૦૧૫, ૩૯)*

સાહિત્યિક દૃષ્ટિકોણથી આ વાર્તાને જોઇએ તો આપણે ત્યાં કથાના કથનકેન્દ્ર તરીકે ત્રણ પ્રયુક્તિઓ વધારે વપરાતી આવે છેઃ ૧) આત્મકથન અથવા પ્રથમ પુરુષનું કથનકેન્દ્ર, ૨) બીજા પુરુષનું કથનકેન્દ્ર અને ૩) સર્વજ્ઞ કથક. સર્જકે આ વાર્તામાં કથનની એક આગવી શૈલી જ અપનાવી છે. જેને આપણે આંતરમનની એકોક્તિ એવું નામ આપી શકીએ. કેમકે, સમગ્ર વાર્તા વાર્તાનાયકને સંબોધીને કહેવાઈ છે. આ સમગ્ર વાર્તાનો કહેનાર કોઈ ત્રીજો પુરુષ નથી જ. પ્રથમ પુરુષ જ જાણે કે પોતાની વાત કરતું હોય એ રીતે આ સમગ્ર વાર્તા કહેવાઈ છે. તેના થોડા ઉદાહરણો જોઈએઃ

'તમને સાચે જ નવાઈ લાગે છે પણ કબૂલી શકતા નથી.' (પૃ.૧૩)

'તમે તમારું કામ પતાવવા પોસ્ટઓફિસ જાઓ છો.' (પૃ. ૧૨)

'તમે કહો છો કે અમેરિકા આવ્યા ત્યારે તમારી પાસે પૈસા નહોતા.' (પૃ. ૧૩)

'તમે માથું દુખવાનું બહાનું કાઢીને ઓફિસથી નીકળી જાઓ છો.' (પૃ. ૧૪)

'તમે કોમ્પ્યુટર ડેસ્ક પાસેની ખુરશી પર બેસો છો.' (પૃ.૧૪)

'તમે ઘેર પહોંચો છો. કેમ અચાનક વહેલા આવ્યા એમ પત્ની તમને પૂછે છે. તમે માથું દુખવાનું બહાનું કાઢો છો. પહેલી વાર તમારા બૉસ અને તમારી પત્ની પાસે ખોટું બોલ્યા છો.' (પૃ.૧૫)

- નૉટ ગિલ્ટી

'નિત્યક્રમ' જેવી જ બીજી વાર્તા એટલે 'નૉટ ગિલ્ટી'. આ વાર્તામાં વળી બીજી વાર્તાની નિરૂપણરીતિ અને એમાં પણ Flashback એમ બેવળી પદ્ધતિ દ્વારા આ વાર્તા રજૂ થઈ છે.

ફાલ્ગુની લેખિકા છે અને બીજી રીતે કહીએ આ વાર્તાની મૂળ નાયિકા પણ છે. તેણે પોતાની વાર્તામાં ચિત્રા અને જિતેન્દ્ર નામના બે પાત્રો થકી પોતાની વાર્તાને ઘાટ આપ્યો છે. જિતેન્દ્ર ચાળીસ વર્ષનો અપરિણિત યુવાન છે જ્યારે ચિત્રા પરિણિત છે. તેના પતિનું નામ નીલેશ છે. તેને દસ વર્ષની એક દીકરી પણ છે; જેનું નામ ઋતુ છે. નીલેશ અને ઋતુનો આ વાર્તામાં સીધી રીતે પ્રવેશ થતો નથી, માત્ર તેના નામોના ઉલ્લેખ જ થાય છે. જિતેન્દ્ર વ્યવસાયે યુનિવર્સિટીમાં પ્રોફેસર છે. એ જ યુનિવર્સિટીમાં એક દિવસ તેનો પરિચય ચિત્રાથી થાય છે. ચિત્રા 'જેન્ડર ઍન્ડ આઇડેન્ટિટી'ના વર્ગો ભરવા યુનિવર્સિટી જાય છે. પોતે નોકરી કરતી નથી, દાંપત્ય જીવન સુખી છે. સ્ત્રીઓ માટે 'સાહેલી' નામની સંસ્થા ચલાવે છે.

ચાલીસ વર્ષ સુધી કોઈ સ્ત્રી પ્રત્યે ન આકર્ષાયેલા જિતેન્દ્રને ચિત્રા પ્રત્યે આકર્ષણ થવા લાગે છે. એક દિવસ ચિત્રાનો શુક્રવારનો ક્લાસ અચાનક કેન્સલ થવાથી જિતેન્દ્ર ચિત્રાને પોતાના ઘરે આવવાનું આમંત્રણ આપે છે. ચિત્રા આ આમંત્રણ હસતાં મોઢે સ્વીકારે છે. જિતેન્દ્રના ઘરનું એકાંત બન્નેને વધારે નજીક લાવે છે. ચિત્રાના સંવાદો પરથી પોતે કેટલી સ્વસ્થ અને બોલ્ડ છે તેનો પરિચય મળે છે. પહેલી વખતે મળેલી ચિત્રા જિતેન્દ્રને સામેથી શરીરસંબંધ માટે આમંત્રણ આપે છે. 'તમારો સૂટ કાઢવાનો છે કે નહીં ? ચોળાઈ જશે.' (પૃ. ૭૯) બન્નેના મિલનની આ પહેલી ક્ષણ હતી. આથી જિતેન્દ્ર શુક્રવારના એ દિવસે કેલેન્ડર પર '૧' લખી નાંખે છે. '૧'થી શરૂ થયેલ આ ઘટનાક્રમ પછી નિયમિત ઘટના બની જાય છે અને સંખ્યા '૩૬' સુધી અગળ વધે છે.

લગ્નેતર સંબંધો એ ચિત્રા માટે માત્ર એક ઘટનાથી વધારે કશું નથી. તેના મનમાં કોઈ અસ્વસ્થતા, મૂંઝવણ કે કશુંક ખોટું કર્યાના વિચારો આવતા નથી. તેના બદલે જિતેન્દ્ર આ ઘટનાક્રમ વિશે સતત વિચાર્યા કરે છે. ચિત્રા પોતાની સાથે જે સમય વિતાવે છે એ સમયનો ખુલાસો નીલેશને આપતી હશે કે નહીં ? આપતી હશે તો કેવી કેવી રીતે ? શું ચિત્રા અને નીલેશનું દાંપત્યજીવન સુખી નહીં હોય ? શું ચિત્રા પોતાને મળે છે એ વાત પર પોતાની જાત પ્રત્યે ઘૃણા અનુભવતી હશે ? વગેરે... આવા કેટકેટલા વિચારો જિતેન્દ્ર કર્યા કરે છે. એકદિવસ જિતેન્દ્ર આ વિચારો ચિત્રા સમક્ષ રજૂ કરે છેઃ

'તું ઘેર જાય ત્યારે તને ગિલ્ટી ફીલ થાય ? અત્યારે મારી સાથે હોય ને થોડી વાર પછી નીલેશ, ઋતુ...' (પૃ. ૭૮)

'મને થયું કે કદાચ તું ગિલ્ટી ફીલ કરતી હોઈશ.' (પૃ. ૮૦)

જિતેન્દ્રને જવાબમાં 'હા'ની અપેક્ષા હતી પણ ચિત્રા તરફથી જવાબમાં 'ના' સાંભળતા જ જિતેન્દ્રના જાણે કે મોતિયા મરી જાય છે.

ફાલ્ગુનીએ લખેલી આ વાર્તા તે ક્રિએટિંગ રાઈટિંગ વિષયના પ્રોફેસર ડૉ. જોષીને વાંચવા અને પ્રતિભાવ માટે આપે છે. પ્રોફેસર ડૉ. જોષી પોતાના પ્રતિભાવો આપતાં કહે છે કે, 'ઠીક છે. જુઓ, આ હજી વાર્તા નથી બનતી. માત્ર વિચાર જ રહે છે. એમાં સચ્ચાઈ ખૂટે છે. વાર્તા બનવા એમાં વળાંક આવવો જોઈએ.' (પૃ. ૮૧) પોતાના લેખનને વાર્તા બનવા માટે હજી કયો વળાંક આપવો અને એમાં કઈ કઈ બાબતો ખૂટે છે એના વિશે ફાલ્ગુની વિચારતી જ હતી ત્યાં પ્રોફેસર ડૉ. જોષી ફરી બોલ્યાં : 'તમે સ્ત્રીની જગ્યાએ પુરુષપાત્રને મૂકી જુઓ. સ્ત્રી સિંગલ હોય અને પુરુષ પરિણીત...' (પૃ. ૮૧) ત્યાં આ વાર્તા પૂર્ણ થાય છે.

પ્રોફેસર ડૉ. જોષીના પ્રતિભાવો જણાવે છે કે તેઓ આજે પણ સ્ત્રી-પુરુષ વચ્ચેના ભેદભાવોમાં માને છે. વાર્તામાં સ્ત્રી પાત્રની જગ્યાએ પુરુષપાત્રને મૂકી આપવાથી વાર્તામાં ખૂટતું તત્ત્વ આવી જશે એવી માન્યતાઓ ધરાવવા પાછળ ડૉ. જોષીનું ભારતીય માનસ જ ક્યાંક જવાબદાર છે. પોતે ભારત છોડી અમેરિકામાં જીવે છે એ હજી પોતે પણ પૂર્ણ રીતે સ્વીકારી શક્યા નથી. જે કામ પુરુષ કરી શકે તે સ્ત્રી કેમ ન કરી શકે ? કે પછી લગ્નેતર સંબંધો બાંધવામાં પુરુષ જ પહેલ કરતો હોય એવી ભારતીય માન્યતાઓમાંથી ડૉ. જોષી હજી બહાર જ નથી આવી શક્યા ?

શરમ અને સંકોચ દાખવતી, રૂઢિઓ અને પ્રથાઓમાં માનતી પતિવ્રતા કહેવાતી અને ઘરની ચાર દિવાલોમાં પૂરાઈને પોતાનું આયખું પૂરું કરી દેતી ભારતીય સ્ત્રીની છબી મનમાં રાખીને બેઠેલા પ્રોફેસર ડૉ. જોષી અમેરિકાના જીવનથી વાકેફ નથી થયા અથવા તો થવા નથી માંગતા એવા પ્રશ્નો ઉભા કરતી આ વાર્તા ભારતીય અને પશ્ચિમી સંસ્કૃતિ વચ્ચેના જીવનમૂલ્યોનું આલેખન કરે છે. જ્યારે મણિલાલ હ. પટેલ આ વાર્તા વિશે એવું મંતવ્ય ધરાવે છે કે, *'પન્ના નાયકે વ્યંગ કર્યો છે કે પુરુષો જ અવૈધ સંબંધોનો ઇજારો ધરાવે છે ને એ જ સાચી વાર્તાનો વળાંક હોઈ શકે... પણ પન્ના નાયકે સિંગલ પુરુષ જિતેન્દ્ર સાથે પરિણીત ચિત્રાના સંબંધો દર્શાવ્યા છે એમાં નારીની પરંપરાગત છબી તોડવાનું સાહસ દાખવ્યું છે.' (પન્ના નાયકનો વાર્તાલોક, સંપાદકઃ મણિલાલ હ. પટેલ, ડિવાઈન પબ્લિકેશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ૨૦૧૦, પૃ. ૧૪)*

- વળાંક

દાંપત્ય જીવન વિશેની વાત આ વાર્તામાં કંઈક અલગ રીતે આવે છે. દંપતિ વચ્ચે નાના-મોટા ઝઘડાઓ કે બોલાચાલી તો થતી જ રહેતી હોય, પણ પોતાના જીવનસાથીને મારી નંખાવવાની નોબત ભારતીય સંસ્કૃતિમાં ઊભી થતી જોવા મળતી નથી. આ વાર્તાનું કથનકેન્દ્ર આત્મકથનનું એટલે કે પ્રથમ પુરુષ એકવચનનું છે.

વાર્તાનું કથાવસ્તુ કંઈક એવું છે કે, વાર્તાનાયિકા ઘરેથી પોતાની દીકરી અને તેની બે બહેનપણીઓને ગાડીમાં લઇને કોન્સર્ટમાં જવા માટે નીકળે છે. અચાનક વાર્તાનાયિકાને ખબર પડે છે કે એક કાર હાઈવે પર તેનો પીછો કરે છે. નાયિકા કારને આગળ જવા માટે સાઇટ આપે છે તેમ છતાં તે કાર ઓવરટેઇક કરતી

નથી. વાર્તાનાયિકાને લાગે છે કે કોઇક ગુંડાઓ તેમને લૂંટવા માટે આવ્યા હશે. તેથી બચવા માટે વાર્તાનાયિકા ગાડીની ઝડપ વધારી દે છે. થોડી વાર પછી એ કારમાંથી એક ગુંડા જેવો દેખાતો માણસ તેમને બંદૂક બતાવી કાર ઊભી રખાવવાની કોશીશ કરે છે. તેમ છતાં વાર્તાનાયિકા ગાડીને ઊભી રાખતી નથી. ગાડી ગતિ મર્યાદા કરતાં વધારે ઝડપમાં હોવાથી પોલીસ તેને પકડે છે. પોતે પોલીસને બધી હકીકત જણાવે છે. જેથી પાછળ આવતા ગુંડાઓની કારને પોલીસ પકડી પાડે છે.

ગુંડાઓને ઓળખવા તથા ફરિયાદ નોંધાવવા માટે નાયિકા પોલીસ સ્ટેશન પહોંચે છે ત્યારે પોતાના પતિને પોલીસ સ્ટેશનમાં જોઈ પોતે એક ક્ષણ તો હાશકારો અનુભવે છે. પણ જ્યારે તેને પોલીસ દ્વારા વાસ્તવિકતા જાણવા મળે છે કે તેના પતિએ જ પેલા ગુંડાઓને પોતાને મરાવી નાંખવા માટે પૈસા આપ્યા હતા ત્યારે તેને મોટો આઘાત લાગે છે. આ આઘાત અકલ્પનીય છે. અત્યાર સુધી પોતાને કોઈ લૂંટવા માંગતું હતું એવું ધારતી નાયિકાને વાસ્તવિકતા જાણી બહુ મોટો ઝટકો લાગે છે. પોતાનું દાંપત્ય જીવન સુખી છે એવા ભ્રમમાં જીવતી વાર્તાનાયિકા માટે આ વાસ્તવિકતા માનવામાં આવે એવી ન હતી.

જીવનસાથીથી છૂટકારો મેળવવાનો આવો માર્ગ અપનાવવો પડે એ વાત અજુગતી લાગે છે. આથી જ મણિલાલ હ. પટેલ કહે છે કે, *‘માણસ અને એનું મન : બંને બગડી ચૂક્યાં છે એની પ્રતીતિ આ વાત કરાવે છે. આવાં કાળાં કાર્યો ધોળિયા અને એશિયન્સ પણ કરે છે... બલકે બધે જ માણસમાંથી માણસાઈ અને મૂલ્ય-ભાવના મરતાં જાય છે. નવા યુગની આ તાસીર વાતમાં ઝિલાઈ છે. (પન્ના નાયકનો વાર્તાલોક, સંપાદકઃ મણિલાલ હ. પટેલ, ડિવાઈન પબ્લિકેશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ૨૦૧૦, પૃ. ૧૧)* જ્યારે નીતિન રાઠોડના શબ્દોમાં કહીએ તો, *‘આ વાર્તા એ વાતની પ્રતીતિ કરાવે છે કે માણસ અને તેનું મન, બંનેય અકળ છે. માણસાઈ મરી પરવારી છે. જે મૂલ્યોને લીધે માણસ ઓળખાતો હતો તે ભૂલાઈ ચૂક્યા છે. મૂલ્યોહીન થતો માનવી અને તેની છબી ‘વળાંક’ વાર્તામાંથી મળે છે.’ (નીતિન રાઠોડ, તાદર્થ્ય, જૂન-૨૦૧૫, ૪૦)*

નીતિન રાઠોડ બીજો એક પ્રશ્ન એવો કરે છે કે, *“‘નિત્યક્રમ’ની નાયિકા પ્રેરણાને શું ભારતીય નારી કહી શકાય ? તો શું ‘વળાંક’ વાર્તાના પતિને ભારતીય પુરુષ કહી શકાય ? આ પ્રશ્નો આપણે વિચારતા કરી મૂકે છે.” (નીતિન રાઠોડ, તાદર્થ્ય, જૂન-૨૦૧૫, ૪૦)* તેમના આ સવાલોના જવાબ તેમના આજ લેખના શીર્ષકમાં જ પડેલા છે. જે સમાજ અને સંસ્કૃતિમાં માત્ર ભોગવાદ કે ભૌતિકવાદ હોય, જ્યાં સંબંધો અને મૂલ્યો નેવે મૂકાતાં હોય ત્યાં આદર્શો અને મૂલ્યોની વાત જ ન કરવી જોઈએ. તેમ છતાં તેમને થયેલ આ પ્રશ્નો જ ડાયસ્પોરિક સાહિત્યને બીજી ધારાઓથી અલગ પાડવાના પ્રેરણાસ્રોત બનતા હોય છે. સ્વદેશમાં રહેતો કે રહેતી વ્યક્તિ વિદેશમાં જઈ આટલી બધી બદલાઈ જાય છે તેના પાછળ રહેલા કારણો જ સાહિત્યમાં અવનવી વિચારધારાઓ ઊભી કરતા હોય છે. સ્થળકાળ અને આસપાસના લોકો તથા રહેણીકરણીની લોકમાનસ પર કેટલા અંશે અસર થતી હોય છે તેના આ દૃષ્ટાંતો ગણાવી શકાય. મર્યાદા અને શિષ્ટાચારમાં

માનતી ભારતીય સંસ્કૃતિના સંતાનો વિદેશમાં જઈ ત્યાંની સંસ્કૃતિથી રંગાઈ જાય છે ત્યારે પોતે તો ઘણું બધું ગુમાવે છે. પણ તેની સાથે તેના જીવનસાથી, કુંટુંબીજનો અને સગાવહાલાંઓને પણ તેના પરિણામો વેઠવા પડે છે તે પણ અહીં નોંધવું જોઈએ. જગ્યા બદલવાથી માણસ બદલાઈ જાય છે એ વાત ડાયસ્પોરિક સાહિત્યનું ઉદ્‌ગમ બિંદુ બની જાય છે.

વળી, ઘરેથી નીકળી રસ્તામાં પોતાને દિકરી નિધિ અને તેની બહેનપણીઓને પોતાની માતૃભાષા શીખવતી વાર્તાનાયિકાના સંવાદો સમયાંતરે બદલાતી જતી નવી પેઢીના વિચારોથી માહિતગાર કરાવે છે. અમેરિકામાં જન્મેલી અને ત્યાં જ ઉછરતી નવી પેઢીના બાળકો માતૃભાષાથી વિમૂખ થતા જાય છે અને અમેરિકન સંસ્કૃતિ તરફ ઢળતા જાય છે. તેનો પણ અહીં નિર્દેશ થયેલો જોઈ શકાય છે. આ વાતને સમજવા માટે આ ઉદાહરણ જૂઓઃ

"'ચાલો મેં શીખવેલું પેલું ગીત ગાવ. યાદ નથી ? હું યાદ કરાવું. ચાલો ને, રમીએ હોડી હોડી.' 'હોદી નહીં હોડી.' 'ડ' 'ડ' બોલો પા...ણી. 'પાની' નહીં 'પાણી'. જુઓ, એકમાં 'ન' છે ને બીજામાં 'ણ'. 'મરવા' અને 'મળવા'માં ફેર સંભળાય છે ? બન્ને સરખા સંભળાય છે ? ના, જુદા છે. એકનો મિનિંગ થાય 'ટુ ડાય' અને બીજાનો 'ટુ મીટ'.

'હવેથી આપણે દર રવિવારે એક કલાક ગુજરાતી બોલીશું. આપણે ગુજરાતી હોઇએ ને ગુજરાતી ન આવડે એ સરું ન કહેવાય. બરાબર ?'

'શું ગપસપ ચાલે છે પાછળ ?'

'મારા ફોરહેડ વિશે ?'

'ફોરહેડને ગુજરાતીમાં શું કહેવાય ખબર છે ? કપાળ. હં, તો શી વાત હતી ? કપાળ પર ડૉટ? ડૉટ નહીં ચાંલ્લો... બિંદી...'

'સ્કૂલમાં શું કહે છે ? ફોરહેડ બ્લીડિંગ, તો તમારે સમજાવવાનું ને કહેવાનું કે આપણો રિવાજ છે.'

'અમેરિકામાં શા માટે ? એમ કહેવાનું કે આપણે આપણી આઈડેન્ટિટી મેઇનટેઇન કરવી છે.'

'બધા હસે છે ?'

'તો એમ કહેવાનું કે બ્યુટી માર્ક છે. કેમ, તમારી સ્કૂલમાં છોકરાઓ બુટ્ટી નથી પહેરતા ? આપણે સાડી સાથે ચાંલ્લો કરીએ છીએ. રેડ ડૉટ નહીં, ચાંલ્લો. ચાંલ્લો અઘરું લાગે તો બિંદી... કે કુમકુમ....'" (પૃ. ૧૭)

અમેરિકા જેવા વિકસિત દેશમાં પણ રંગભેદની નીતિ અને જાતિગત ભેદભાવ છે. ભારતીયો થોડા રંગે ઘઉંવર્ણા હોવાથી આફ્રિકન કાળા લોકો અને અમેરિકન ધોળા લોકો બન્ને સાથે વેરભાવના રહે છે.

આફ્રિકન અને અમેરિકન બને વચ્ચે તો વેરભાવ છે જ. તેમાં વચ્ચે ભારતીયોને પીસાવવું પડે છે. વળી, ભારતીય પહેરવેશને લીધે પરદેશમાં ભેદભાવ રાખવમાં આવે છે તેનો પણ નિર્દેશ આ વાર્તામાં થયેલો છે. ગુંડાઓ દ્વારા નાયિકાનો પીછો કરવામાં આવી રહ્યો હતો તે વખતે નાયિકાના આ શબ્દો જૂઓઃ 'હું નથી જોવાની મેં સાડી પહેરી છે. ચાંલ્લો કર્યો છે. વધારે ઉશ્કેરાશે. કાળા છે કે ધોળા ?' (પૃ.૧૮)

આમ, આ શબ્દો ભારતીય સમુદાયના અમેરિકના લોકો વચ્ચે રહેવા છતાં પણ તેમને ભોગવવી પડતી અસલામતીની ભાવના પ્રગટ કરે છે.

જીવનસાથીને મરાવી નાંખવાની કોશીશ, બદલાતાં સમય સાથે પોતાની માતૃભાષાથી વિખૂટી પડતી જતી નવી પેઢી અને પરદેશમાં કાયમી વસવાટ કરવા છતાં પણ ભેદભાવ અને અસલામતીની લાગણી અનુભવતી ભારતીય સમાજની વેદના અહીં આ વાર્તામાં રજૂ થઈ છે.

- મૅટ્રિમોનિયલ્સ

લગ્ન વ્યવસ્થા એ ભારતીય સંસ્કૃતિની એક આગવી ઓળખ છે. આજે પણ ભારતમાં પોતાના સંતાનો માટે જીવનસાથીની પસંદગી તેના માતા-પિતા કે સગાસંબંધીઓ જ કરતાં હોય છે. ભારતમાં આ પ્રથા વર્ષો જૂની છે; પણ અમેરિકા જેવા દેશોમાં જીવન જીવવાની આઝાદીના ભાગરૂપે યુવાનો બહુ સ્વતંત્રતા ભોગવે છે. પોતાની મરજીથી જીવનસાથીની પસંદગી કરવામાં માનતી આ પશ્ચિમી સંસ્કૃતિનું જ પરિણામ છે 'મૅટ્રિમોનિયલ્સ'. પ્રિન્ટ મિડિયા, ઇલેક્ટ્રોનિક્સ મીડિયા અને સોશિયલ મીડિયામાં આજે મૅટ્રિમોનિયલ્સની ભરમાર છે. આ મૅટ્રિમોનિયલ્સ કુંવારાઓ અને વિધવા કે વિધુર માટે જીવનસાથી શોધવાનો એક નવીન માર્ગ બનતો જાય છે ત્યારે 'મૅટ્રિમોનિયલ્સ' વાર્તા પણ આ જ વિષયવસ્તુનું આલેખન કરે છે.

ભારતીય સંસ્કૃતિમાં લગ્ન એ એકવખતની ઘટના છે. પુર્નલગ્ન ભાગ્યે જ થતાં જોવા મળે છે ત્યારે પશ્ચિમી સંસ્કૃતિમાં છુટાછેડા અને પુર્નવિવાહ સાવ સામાન્ય બાબત બનતી જાય છે. મૅટ્રિમોનિયલ્સ પરથી નવો જીવનસાથી તરત જ મળી જતો હોવાથી છુટાછેડા એ સાવ સામાન્ય બાબત બની જાય છે. નાની નાની બાબતમાં એકબીજાથી અલગ થઈ જતાં આજના યુવાનોની વાત આ વાર્તા કહે છે.

- બુક-કેઇસ

ગુજરાતીઓ મૂળે વેપારી પ્રજા તરીકે ઓળખાય. પૈસો બચાવતાં અને બનાવતાં તેને બહુ જ સારી રીતે આવડે છે. પરદેશમાં પૈસો કમાવવા ગયેલા ડાયસ્પોરાને જ્યારે પોતાના વૃદ્ધ માતા-પિતાને વતનથી પરદેશમાં લાવી તેની સાથે રાખવા પડે ત્યારે બહુ કપરું થઈ પડે છે. વૃદ્ધ માતા-પિતાની સારસંભાળ પાછળ વધારે પૈસા તો તેઓ નથી જ ખર્ચતા પણ વ્યસ્તતા ભરી જીવનશૈલી વચ્ચે તેઓ પોતાના વૃદ્ધ માતાપિતાને પૂરતો સમય પણ આપી શકતા નથી. વૃદ્ધ માતાપિતાની આવી જ કંઇક વેદનાઓને વાચા આપે છે 'બુક-કેઇસ' નામની આ વાર્તા.

- ક્યુટિપ

ભારતમાં હમણાં સુધી પ્રતિબંધિત પણ સુપ્રિમ કોર્ટે જેને થોડાં જ મહિનાઓ પહેલા માન્યતા આપી તેવા સમલૈંગિક સંબંધો વિષયક વાર્તા એટલે 'ક્યુટિપ'.

શ્રેયા અને સિદ્ધાર્થ સુખી દાંપત્ય જીવન વિતાવે છે. સિદ્ધાર્થ શ્રેયાને દરરોજ પ્રેમ પણ કરતો હોય છે. શ્રેયા અને સિદ્ધાર્થના ઘરની બાજુમાં પચાસ વર્ષની આસપાસ ઉંમરનો, છ ફુટ ઊંચો, વિયેટનામ યુદ્ધમાં સિપાહી રહી ચુકેલો ગોરો વિલિયમ રહેતો હતો. વિલિયમનું ઘર છોડીને ત્રીજા ઘરમાં હેધર રહે છે. આ બન્ને સિંગલ હતા. એકલા જ રહેતા હતા.

શ્રેયાને દરરોજ મધરાતે બાથરૂમ જવું પડતું હતું. બાથરૂમનું કામ પતાવી શ્રેયાને બારીમાંથી જોવાની ટેવ હતી. એક દિવસ અચાનક પૂનમની રાતે શ્રેયાએ બારીમાંથી વિલિયમને એકદમ નિર્વસ્ત્ર હાલતમાં જોઈ લીધો. પાછલા દિવસથી શ્રેયાને વિલિયમના જ વિચારો આવવા લાગ્યા. શ્રેયા મનોમન સિદ્ધાર્થ અને વિલિયમની સરખામણી કરવા લાગી ગઈ હતી. વિલિયમ પૂર્વસૈનિક હોવાથી શરીરનો બાંધો મજબૂત હતો. શ્રેયા રાત્રે પણ વિલિયમના જ વિચારો કરતી હતી. તે વિચારતી કે, 'સિદ્ધાર્થને બદલે વિલિયમ પ્રેમ કરતો હોત તો ? કેવો હશે એનો સ્પર્શ ? કેવાં ચુંબનો કરતો હશે ? ભીનાં ભીનાં ? ફોરપ્લે કરતો હશે ?' (પૃ.૫૩) શ્રેયા મનોમન વિલિયમને પામવાના વિચારો કરે છે તે જૂઓ: *'શ્રેયા શાવર લઈને બહાર નીકળી. ટુવાલ શરીર પર વીંટાળ્યો. જમણા હાથની આંગળી ગાલ પર ટેકવી. એને એકલા હોવાનો આનંદ થયો. એને એના સિવાય કોઈ જ જોતું નહોતું. એણે અરીસા સાથે મસલત કરી. સાપ કાંચળી ઉતારે એમ એણે પહેરવાનાં તમામ કપડાં બારણા બહાર ફગાવી દીધાં. ટુવાલને શરીર પરથી સેરવી દીધો. બાંધેલા વાળ છોડી નાંખ્યા. ખુલ્લા વાળ ડોક પર પથરાઈ ગયા. એણે એનાં સ્તનો અરીસામાં જોયાં. પછી એનાં પર હાથ ફેરવ્યો. એમાં એને પુરાયેલાં પંખીઓનો કલબલાટ સંભળાયો. ક્યાંય સુધી એણે એના નિર્વસ્ત્ર શરીરને જોયું. એણે ક્યુટિપની ડબ્બીમાંથી એક ક્યુટિપ ખેંચી. કાનના ભીના ગોખલામાં નાંખી. ચુસાયેલી ક્યુટિપને હાથમાં રમાડી. પછી એને વેસ્ટપેપર બાસ્કેટમાં ફેંકવાને બદલે બાથરૂમની બારી ખોલી વિલિયમની બારી તરફ એનો ઘા કર્યો. હજી સવાર હતી. વિલિયમ સૂતો હશે. બિચારી ક્યુટિપનું શું ગજું કે બારણે ટકોરા દે? શ્રેયાને તીવ્ર ઇચ્છા થઈ આવી કે એની નિરાવરણ કાયાને માત્ર બાથરોબથી ઢાંકી એ વિલિયમ કને દોડી જાય. એ એમ કરી શકી નહીં. સિદ્ધાર્થના મહાભિનિષ્ક્રમણની જાણે એને પ્રતીક્ષા કરવી. રહી.' (પૃ. ૩૪)*

પોતાની આ પ્રતિક્ષાનો જાણે કે અંત આવ્યો હોય તેમ એક દિવસ સિદ્ધાર્થના મિત્રની પત્નીનું અચાનક અવસાન થતાં તેને બહારગામ જવાનું થયું. શ્રેયાને આ સમયે તક દેખાઈ. રાત્રે વિલિયમ નિર્વસ્ત્ર હતો તેવા સમયે તેણે તેને ફોન કર્યો:

"'વિલિયમ, ધીસ ઇઝ શ્રેયા. આઈ એમ સ્કેરડ.'

'વોટ હેપન્ડ?'

'સીડ હેઝ ગોન આઉટ ઑફ ટાઉન ઍન્ડ સમવન ઇઝ ડાઉનસ્ટેર્સ. મે બી અ રૉબર. પ્લીઝ કમ. હેલ્પ મી પ્લીઝ.'

'આઈ હેવ ટુ ગેટ ડ્રેસ્ડ. ગીવ મી ટુ મિનિટ્સ.'

'નો. નો, કમ એઝ યુ આર.'

હેધર, લેટ અસ બોથ ગો. શ્રેયા નીડ્સ હેલ્પ....' (પૃ. ૩૪)

અહીંયા આ વાર્તા પૂર્ણ થાય છે. શ્રેયા જે વિલિયમ્સની સાથે સંબંધ બાંધવાનું વિચારતી હતી તે વિલિયમ આખરે સમલૈંગિક નીકળે છે.

- ગૌતમ

ભારતીય માનસ અને અમેરિકન જીવનશૈલી આ બન્ને એકસાથે ભળે છે ત્યારે તેના કેવા કેવા પરિણામો આવી શકે તેનું એક ઉદાહરણ એટલે 'ગૌતમ' નામની આ વાર્તા. ગૌતમ પોતે બત્રીસ વર્ષનો છે. અમેરિકામાં ઘણો વખત રહેવા છતાં અહીંની જીવનશૈલીમાં પૂર્ણ રીતે ગોઠવાઈ ન શકવાને કારણે પોતે ક્રોનિક ડિપ્રેશન એટલે કે નર્વસ બ્રેકડાઉનનો શિકાર બને છે. જીવનમાં હતાશ થઈ ગયેલો ગૌતમ પોતે એવું માનવા લાગે છે કે પોતે 'ગે' છે. અમેરિકામાં સજાતીય સંબંધો નૈતિક અને કાયદાકીય રીતે પણ સ્વીકારવામાં આવે છે. આ જ વાતનું ભૂત ગૌતમના મગજમાં ભરાઈ જવાથી પોતે નિરાશા અને હતાશાનો ભોગ બન્યો હતો.

જ્યોતિ આન્ટીને મળવા ગયેલો ગૌતમ સંકોચ વશ પોતે ગે હોવાની વાત જ્યોતિ આન્ટીને કહી શકતો નથી કારણ કે ત્યારે પોતાની મેક્સિકન ગર્લફ્રેન્ડ સાથે હતી. ગર્લફ્રેન્ડ સાથે હતી એનો સ્પષ્ટ ઉલ્લેખ વાર્તામાં આવતો નથી. પણ વાર્તામાં અર્ધવાક્યો દ્વારા આ સૂચવાયું છે તે જૂઓઃ

'ગૌતમ શુક્રવારે સાંજે આવ્યો. ગળા પર મફલર હતું. એના પર બે ખુલ્લા બટનવાળું શર્ટ. ટાઇટ બ્લુ જીન્સ. એની બાજુમાં...' (પૃ. ૧૧૭)

'ગૌતમે જવાબ ન આપ્યો. એની બાજુમાં ...' (પૃ. ૧૧૮)

'ગૌતમ ઊભો થયો. એની બાજુમાં...' (પૃ. ૧૧૮)

ઉપરોક્ત અર્ધવાક્યોનો સંદર્ભ વાર્તામાંથી જ છેલ્લે મળે છે કે 'ગૌતમ તેની બાજુમાં બેઠેલી તેની મેક્સિકન ગર્લફ્રેન્ડને ચમચી ચમચી દાળઢોકળી ખવડાવતો હતો.' (પૃ. ૧૨૦)

પોતે સંપૂર્ણપણે સ્વસ્થ હોવા છતાં પોતાની જાતને ગે માનતો ગૌતમ અમેરિકામાં ડબલ માઇનોરિટીના(એક તો ભારતીય અને બીજું ગે હોવાના લીધે) બોજા હેઠળ જીવે છે. પોતે ગે છે તેની સાબિતી તેના આ શબ્દો આપે છે. તો 'આન્ટી, આપણો સમાજ મને નહીં સ્વીકારે એની મને ખાત્રી છે.' (પૃ. ૧૧૧) જેવા શબ્દો દ્વારા ભારતીય સંસ્કૃતિ અને પશ્ચિમી સંસ્કૃતિ વચ્ચેનો ભેદ સ્પષ્ટ રીતે જણાઈ આવે છે.

આખરે જ્યોતિ આન્ટીને પણ લાગવા લાગે છે કે પોતાનો દિકરો સચીન પણ ગે છે. જ્યોતિ આન્ટિના મગજમાં ઊભી થતી આવી ભ્રમણા દર્શાવી આ વાર્તા પૂર્ણ થાય છે.

- રૂમ વિથ અ વ્યૂ

પશ્ચિમી જીવનશૈલીથી અંજાઈ ભારતીય જીવનશૈલી પ્રત્યે ઘૃણા અનુભવતો વાર્તા નાયક અનિલ આ વાર્તાનું કેન્દ્ર છે. અનિલ મૂળે અમદાવાદનો વતની છે. એક મિત્રના કહેવાથી તે અમેરિકામાં સ્થાયી થાય છે. અમદાવાદના સંસ્મરણો વાગોળવા તેને ગમતાં નથી. અમેરિકાની જીવનશૈલીથી તે આકર્ષાયેલો લાગે છે. અમેરિકાની વાસ્તવિકતાથી અજાણ આ વાર્તાનાયકને અમેરિકામાં આવ્યા પછી અહીંની સાચી પરિસ્થિતિનો અંદાજ આવે છે.

અમેરિકામાં આવીને વસવાટ કરવાં છતાં હજી અનિલના માનસમાંથી ભારતીય સંસ્કૃતિ અને તેના વિચારો છૂટ્યા નથી. તો પોતે પૂરી રીતે અમેરિકન પણ બની શક્યો નથી તેની ખાતરી વાર્તાના આ વિધાનો કરાવે છેઃ 'એને એનો ભૂતકાળ ભૂલી જવો છે. બીજાં પણ એને ભૂલી જાય એમ ઇચ્છે છે. અને તોય દોરીના વળની જેમ એ રોજ સવારે 'કર મધ્યે સરસ્વતી' કહી એના જમણા હાથની હથેળી જૂએ છે. ઠાકોરજીને દીવો કરે છે.' (પૃ. ૩૯)

અમદાવાદમાં વ્યવસ્થિત રીતે રાંધીને ખાતો અનિલ અમેરિકામાં આવીને પણ માંસાહાર કરી શકતો નથી. કારણ કે એની અંદર તો ભારતીયપણું હજી જીવંત છે. એટલે અમેરિકામાં આવી કાચું પાકું ખાતો અનિલ પોતાના પગ પર કુહાડી મારી બેસે છે એવું કહી શકાય. 'અહીં અનિલ શોપિંગ કાર્ટ લઈ સુપરમાર્કેટમાં શાક લેવા જાય છે. બ્રસલ સ્પ્રાઉટ્સ, આસ્પારેગસ જેવાં શાક ખરીદે છે. ઘેર આવીને માઈક્રોવેવમાં બાફી, ઉપર મરી મીઠું નાંખી ખાય છે.' (પૃ. ૩૯)

શહેરીકરણ અને સ્કાયસ્ક્રેપરની વચ્ચે પિસાતો અનિલ અમેરિકામાં જે રીતે વસવાટ કરે છે એ મજૂરવર્ગની રહેણીકરણી અને તેને વેઠવી પડતી મુશ્કેલીઓનો ચિતાર આપણી સમક્ષ રજૂ કરે છે. ઝગમગ થતા શહેરની રોશની જોઈને અમેરિકા પૈસા કમાવા આવી જનાર ભારતીયોનું પ્રતિનિધિત્વ આ વાર્તાના

માધ્યમથી અનિલ દ્વારા થયું છે. પોતે જે જગ્યાએ રહે છે એ જગ્યાનું વર્ણન આવું છેઃ 'લિવિંગરૂમ, બેડરૂમ, રસોડું બધું જ એક જ રૂમમાં.' (પૃ. ૩૮)

ભારતનો ચારેબાજુ લીલોતરી લાવી દેતો મધમીઠો વરસાદ અમેરિકામાં અનિલને વધુ યાદ આવે છે. ભૂલવા છતાંયે તેનાથી ભારતની યાદો ભૂલાતી નથી અને એટલે જ અમેરિકામાં પણ સેટ થવાતું નથી. 'મા છે પણ લોહીથી લથબદતી નાળ કપાઈ ગઈ છે.' (પૃ. ૪૦)

મહામહેનતે અનિલ બે છોકરીઓ સાથે થોડી ઘણી વાતચીત કરે છે. એમાંની એક અમેરિકન છે જ્યારે બીજી મૂળે ભારતીય છે. ભારતીય મૂળની મિતા અનિલ સાથે મિત્રતા કરવા તૈયાર છે પણ મિત્રતાથી વધારે આગળ વધવા માંગતી નથી. પેટ્રિશિયા બહુ બોલ્ડ સ્વભાવની છે 'એને સેક્સમાં રસ છે પણ સંબંધમાં નથી. સંબંધ ન હોય તોય સેક્સ સંભવે એમ એ ચોક્કસપણે માને છે.' (પૃ. ૪૦-૪૧) સામે અનિલ સંબંધ વગર સેક્સ કરી શકતો નથી. પેટ્રિશિયા રોજ રાત્રે બે કલાક કોલગર્લ તરીકે સેક્સવર્કર તરીકે લોકોને ખુશ કરી એમાંથી થોડા પૈસા બચાવે છે. અનિલ પૈસા આપે તો એને 'ખુશ' કરવા તૈયાર રહેતી પેટ્રિશિયાને પણ અનિલ સ્વીકારી શકતો નથી. આમ, વાસ્તવિક દુનિયાથી દૂર ભાગતો અને કાલ્પનિક જગતમાં રાચતો અનિલ આંધળું અનુકરણ કરી અમેરિકાની જીવનશૈલીથી અંજાઈ અમેરિકામાં આવી જાય છે તેની આ વાર્તા છે.

- રીઅલ ભાગ્યોદય

વસ્તીવધારાને લીધે ગરીબી વધતી જાય છે અને રોજગારી ઘટતી જાય છે એવા સમયે શિક્ષિત બેરોજગારોની સંખ્યામાં પણ વધારો થતો જાય છે. સારી એવી ડિગ્રીઓ ધરાવનારા યુવાનોએ પણ નોકરી માટે ભટકવું પડે છે. આ સમસ્યા અમેરિકા જેવા વિકસિત દેશોમાં પણ છે. વળી, વૈશ્વિકીકરણના લીધે દુનિયાના દેશો વચ્ચેનું અંતર પણ ઘટ્યું છે. વિકસિત દેશોમાં થતા સંશોધનો અને શોધાતી નવી ટેક્નોલોજીને વિકાસશીલ દેશોમાં આવતા ભલે વર્ષો વીતી જતાં હોય પણ વિકસિત દેશોની બદીઓ બહુ ઝડપથી ફેલાતી હોય છે. એવી જ બદીઓ આ વાર્તામાં પણ છે. લિવ ઈન રિલેસનશીપ, જીવનસાથી પ્રત્યે વફાદારીનો અભાવ અને અનૈતિક સંબંધોનું માયાજાળ.

ચોવીસ વર્ષથી અમેરિકા જેવા વિકસિત દેશમાં સ્થાયી થયેલ રાજેશકુમાર પંડ્યાની ઉંમર પિસ્તાળીસ વર્ષની છે. રાજેશકુમાર અને તેની પત્ની બીનાને એક પુત્રી પણ છે, જેનું નામ નીના છે. પોતાના દોસ્ત ડેવિડ કોહનની એકવખતની બહેનપણી પેગીનો ડેવિડ કોહન સાથે સંબંધ તૂટતાં વાર્તાનાયક તેના પ્રત્યે આકર્ષાય છે. પેગી સાથેના સંબંધને કારણે વાર્તાનાયક તેની પત્ની બીનાથી સ્વૈચ્છિક છૂટાછેડા લઈ લે છે. પણ પેગી વાર્તાનાયકને બદલે ત્રીજા જ પાત્ર સાથે પરણી જાય છે.

માતાપિતાના છૂટાછેડા થવાને લીધે નીના પણ એ બન્નેથી અલગ રહેવા લાગે છે. ગ્રેજ્યુએશનનો અભ્યાસ કરતી વખતે પોતાના સહપાઠી સ્કોટ ગીબ્સના પ્રેમમાં નીના પડે છે. ગ્રેજ્યુએશન પુરૂં થાય એ પહેલા જ નીના ગર્ભવતી બને છે. વાર્તાનાયકને આ બધી વાતો નીના દ્વારા જ જાણવા મળે છે. ગર્ભવતી બન્યા પછી પણ લગ્ન કરવા કે નહીં એ વિશે નીના પોતાના પિતા સાથે કોઈ સંવાદ કરતી નથી.

આમ, પ્રથમ પુરુષ એકવચનના કથનકેન્દ્રથી કહેવાતી આ વાર્તા વાર્તાનાયકના પાત્ર દ્વારા અમેરિકાની જીવનશૈલી અને અંગત જીવનની કથની રજૂ કરે છે. અમેરિકાની આ લગ્નશૈલીએ ભારતીય લગ્નપરંપરાને બહુ મોટું નુકશાન પહોંચાડ્યું છે. જેના પરિણામો ભારતીયો અને તેના વારસદારોને પણ ભોગવવા પડે છે જેની આ વાર્તા સાબિતી આપે છે.

- બીલીપત્ર

મૂળે સુરતી વાર્તાનાયક ભગવાનદાસ કલ્યાણજી દેસાઈ બાસઠ વર્ષના નિવૃત પ્રોફેસર છે. તેની પત્નીનું નામ સાવિત્રી છે. અમેરિકામાં રહેતા તેમના ભાઈ આનંદનું નિમંત્રણ સ્વીકારી પોતે અમેરિકા જતાં રહે છે. અમેરિકા વિશે વાંચેલી વાતો અને ત્યાંની જીવનશૈલી, લોકોના રમૂજી અને બોલ્ડ અંદાજ યાદ કરી તેઓને જાણે યુવાની પાછી ફરી આવી હોય એવું લાગવા લાગે છે. એરોપ્લેનમાં એરહોસ્ટેસના સ્પર્શ માત્રથી રોમાંચિત થઈ ઉઠતા કે છાપામાં 'બ્રા'ની જાહેરાત જોઈને તે ખરીદી સ્પર્શવાની ઈચ્છાઓ પર માંડમાંડ કાબૂ રાખતા ભગવાનદાસ એકવખત અચાનક પ્લેબોય નામનું મેગેઝીન જોઈ જાય છે. ત્યારથી તેના મનમાં કોઈ ગોરી સ્ત્રી સાથે મોકળા મને વાત કરવાની તાલાવેલી જાગે છે.

ભગવાનદાસના મિત્ર કેશુભાઈની મોટેલમાં પાર્ટટાઈમ કામ કરવા આવતી ૨૬ વર્ષની લીસા ભગવાનદાસને મનોમન ગમવા લાગે છે. બે-ત્રણ વખત લીસા સાથે બહાર મળવાનું પણ થાય છે. લીસાને સત્તરમી સદીના ડચ ઇતિહાસ પર સંશોધન કરવાની ઇચ્છા છે. ૧૭મી સદીમાં ડચ લોકો સુરત આવેલા હતા અને જોગાનુજોગ ભગવાનદાસ પોતે સુરતના વતની રહી ચુક્યા હોવાથી લીસાને સુરતમાં સંશોધન માટે લઈ જવાનું વચન આપે છે. આ વચનમાં ભગવાનદાસની કેટલીય અતૃપ્ત ઈચ્છાઓ રહેલી છે એ જણાઈ આવે છે. લીસાને ભારત લઈ જવા માટે ભગવાનદાસ લીસાના ઘરે પહોંચે છે. ત્યાં લીસાને ભારતીય પહેરવેશ – બાંધણીની સાડી અને ચાંલ્લામાં જોઈને ભગવાનદાસ હતાશ થઈ જાય છે. ભારતીય લોકો અને ભારતીય પહેરવેશથી છૂટકારો મેળવવાનો તેઓ પ્રયત્ન કરતા હતા તેવામાં પોતે જે સંસ્કૃતિ અને પહેરવેશથી છટકવાનો પ્રયાસ કરતાં હતાં તેવા જ પહેરવેશમાં લીસા તેની સામે આવી જતાં તેની બધી આશાઓ અને ઈચ્છાઓ ભાંગી પડે છે.

માનવમનમાં પડેલી ઘેલછા ભરી આશાઓ અને ગોરી છોકરી પ્રત્યે આકર્ષણ અનુભવતા ભારતીય માનસને આ વાર્તા ઉજાગર કરે છે.

- બા

'બા' વાર્તા ભારતમાં અને અમેરિકા જેવા પશ્ચિમી સંસ્કૃતિના દેશમાં સ્ત્રીના જીવનમાં રહેલા જે કેટલાક તફાવતો છે એ તરફ આપણું ધ્યાન દોરે છે. લગ્નજીવન પછી ભારતમાં સમાજ, સંસ્કૃતિ, અસ્મિતા, રીતિ-રિવાજો, માન્યતાઓ હેઠળ દબાઈ જતી સ્ત્રીને ઘરકામ અને બાળકોના ઉછેર સિવાય જાણે કે બીજું કોઈ કામ જ ન હોય એવી રીતે જીવન વ્યતીત કરતી ભારતની અગણિત સ્ત્રીઓના પ્રતીક સમા બાના પાત્ર દ્વારા આ વાર્તા રજૂ થઈ છે.

નપૂંસક પતિની સાથે જીવન ગાળવા મજબૂર બાનું ચરિત્ર આ વાર્તામાં ઉપસી આવે છે. પાંસઠ વર્ષની ઉંમરે ભારત છોડી બા અમેરિકા આવ્યા ત્યાર સુધી બાએ જીવનમાં સહન કરેલી તકલીફો અને વેઠેલી વેદનાઓ આ વાર્તામાં રજૂ થઈ છે.

પુત્ર રમેશના લગ્ન વખતે જ અમેરિકા આવી જવા માંગતા બા છેક પોતાના પતિ રસિકલાલના અવસાન પછી જ અમેરિકા આવી શકે છે. રસિકલાલ પાસેથી છૂટાછેડા પણ ન લઈ શકતી બાના મનોવિચારો પણ કેવા છે તે જૂઓઃ 'રસિકલાલ બહારગામ જતા. મને કેટલીય વાર થયેલું કે એમને લેવા ગયેલી ગાડી ખાલી પાછી આવે ને ડ્રાઈવર મને કહે કે બા, શેઠ તો પ્લેનક્રેશમાં મરી ગયા.' (પૃ. ૭૭)

રસિકલાલથી બાને છૂટકારો છેક પાંસઠ વર્ષે, ખરેખર રસિકલાલના મૃત્યુ પછી મળે છે. અમેરિકામાં એક દિવસ તૈયાર થતી વખતે પોતે વિધવા થયા છે વાત યાદ હોવા છતાં સૌભાગ્યના પ્રતીક સમા ચાંલ્લાને ધારણ કરી બા જે જવાબ આપે છે તે જવાબમાં રસિકલાલથી છૂટકારો મળ્યાંનો અને અમેરિકામાં આવ્યાનો આનંદ વ્યક્ત થયો છેઃ 'ચાંલ્લો રસિકલાલ માટે નથી. ચાંલ્લો અમેરિકા આવવાના સૌભાગ્ય માટે છે.' (પૃ. ૭૬)

આમ, ભારતમાં રહેતી ગૃહિણીઓની વેદનાને વાચા આપતી આ વાર્તામાં બાના પાત્ર દ્વારા સ્ત્રી જીવનની એકલતા અને વેદનાને વાચા આપે છે તો તેની સાથે અમેરિકામાં આવ્યા પછી મુક્ત વાતાવરણ મળતાં જીવન જીવવાનો ખરેખરો આનંદ જાણે કે બા માણી શકતા હોય અને જીવનમાં પોતાને જોઈતી Space ભોગવી શકવાનો હાશકારો તેમના પાત્ર દ્વારા આ વાર્તામાં દ્વારા વ્યક્ત થાય છે. સૌભાગ્યવતી તરીકે બંધનમાં જીવતી પણ વિધવા થયા પછી ખરા અર્થમાં પોતાને સૌભાગ્યશાળી માનતી સ્ત્રીની આ વાર્તા છે. આ રીતે બે સંસ્કૃતિ વચ્ચેની ભેદરેખા સ્પષ્ટ કરી આપતી આ વાર્તા ડાયસ્પોરિક દષ્ટિએ પોતાની આગવી છાપ ઊભી કરે છે.

- સુષમા

સુખી દાંપત્યજીવન, રાકેશ જેવો સફળ અને સમજુ પતિ, ભણીગણીને પોતપોતાની જિંદગીમાં ગોઠવાઈ ગયેલા બાળકો હોવા છતાં દિવસે રાકેશના નોકરીએ ગયા પછી એકલતા અનુભવતી સુષમાને અંધ એવા નોર્મન નામના વ્યક્તિનો સાથ મિત્રતાની હુંફ આપે છે. નૉર્મનને દિવસમાં માત્ર બે કલાક મળવાને લીધે જાણે કે સુષમાના જીવનની એકલતા જતી રહે છે. નોર્મનના મિત્રો સુષમાને એની ગર્લફ્રેન્ડ સમજવા લાગે તો પણ કશો તકરાર ન કરતી સુષમાનું પાત્ર જ આ વાર્તાનું કેન્દ્ર છે.

દરેક વ્યક્તિને પોતાના માટે પણ એક ચોક્કસ SPACE જોઈતી હોય છે. એકલવાયું જીવન કોઈને પણ ગમતું નથી. આ SPACE સુષમાને નોર્મન જેવા મિત્ર સ્વરૂપે મળતાં તે પોતાની જાતને ધન્ય માને છે. સ્ત્રી અને પુરુષ વચ્ચે માત્ર મિત્રતા પણ હોઈ શકે એનો પૂરાવો આ વાર્તા આપે છે.

- ગેરસમજ

પૈસા કમાવા વિદેશ જતાં ગુજરાતીઓ પૈસા ભેગા તો કરી લે છે પણ પોતાના સંબંધીઓને પૂરતો સમય આપી શકતા નથી હોતા જેને લીધે લોહીના સંબંધોમાં પણ ક્યારેક ખટાશ આવી જતી હોય છે. આવી જ કંઈક કથાવસ્તુ 'ગેરસમજ' વાર્તામાં રજૂ થઈ છે. બકૂલા ભણવા માટે અમેરિકા જાય છે અને ત્યાં જ સ્થિર થઈ જાય છે. કુટુંબ અને ધંધામાં રચ્યા પચ્યા રહેતા નાના ભાઈ-ભાભી બકુલાને ક્યારેય ફોન પણ કરતાં નથી કે કાગળ પણ લખતાં નથી. આમ, પૈસા કમાવવામાં સફળ થયેલી બકુલા પોતાના સંબંધો સાચવી ન શકવાને કારણે એકલી પડી ગઈ છે. તેની પ્રતીતિ આ વાર્તા કરાવે છે.

- ખલનાયક

કામ કરવાની કશી આવડત કે લાયકાત વગરના કિશોર બી. પટેલ આ વાર્તાનું મુખ્ય પાત્ર છે. તેની પત્નિનું નામ સવિતા છે. ભારતમાં કોઈ કામધંધો ન મળતાં પોતાના જ સસરાને એક લાખ રૂપિયા આપી અમેરિકા જવા માટે તૈયાર થઈ જાય છે. આવડત વગર અમેરિકા જવા માટે પોતે પોતાના સસરા અને પત્નિ સાથે કેવું ષડયંત્ર રચે છે તે જૂઓઃ 'સવિતાએ એના ભાઈ બાલુનો પાસપોર્ટ અમેરિકાથી મંગાવી લીધો. અમેરિકન સરકારે આપેલો બાલુનો એમાં સાચો વિઝા હતો. તમે બાલુનો ઉખેડીને તમારો ફોટો ચોંટાડી દીધો. બી. બી. પટેલની જગ્યાએ તમે કે. બી. પટેલ લખી દીધું. તમે અમેરિકા આવી ગયા. ન્યૂયોર્ક ઍરપોર્ટ પર ઇમિગ્રેશનવાળાએ તમારી આગળવાળાને પકડ્યો હતો. એની પૂછપરછમાં તમે છટકી શક્યા.' (પૃ. ૧૦૮)

શિકાગોમાં રહેતા પોતાના સાળા બાલુના સ્ટોરમાં થોડો સમય કામ કરી કિશોર બી. પટેલ 'અમેરિન્ડ' નામની એક ફાર્માસ્યુટિકલ કંપનીમાં મનોહર ગોડબોલે હસ્તક મિનિમમ વેજથી નોકરી કરવા માંડે છે. મનોહર ગોડબોલે તે કંપનીનો મેનેજર છે. દવાઓ બનાવવાના ફોર્મ્યુલા બીજી કંપનીઓમાંથી ચોરી

લાવતો મનોહર ગોડબોલે પોલીસના સકંજામાં ફસાઈ જાય છે. જે મનોહર ગોડબોલેએ પોતાને નોકરી આપી હતી તેની જ વિરૂદ્ધમાં કિશોર બી. પટેલ અદાલત સમક્ષ ગવાહી આપી દે છે જેના લીધે મેનેજર મનોહર ગોડબોલેને દસ વરસની જેલની સજા કરવામાં આવે છે.

બેકાર અને બેરોજગાર યુવાનો અમેરિકા જવા માટે કેવા કેવા પ્રપંચો કરતા હોય છે તેની સાબિતી આ વાર્તા છે. ભારતીયોની અમેરિકા જવા પ્રત્યેની ઘેલછા પણ આ વાર્તા દ્વારા વ્યકત થઈ છે. તો વળી, અમેરિકામાં પોતાને મદદરૂપ થનાર અને વિસા તથા નાગરિકત્વ વગર નોકરી આપનાર મેનેજર મનોહર ગોડબોલેને જ પોલીસના સકંજામાં ફસાવી દેતો નાયક કિશોર બી. પટેલ કામચોરી અને વિશ્વાસઘાતનું પ્રતીક બને છે.

- થેન્કયુ મિસિસ ડેસાઈ

શોભા અને ગિરીશ દંપતી છે. પોતાના જૂના થઈ ગયેલા ઘરના સમારકામ માટે એક આફ્રિકન કાર્પેન્ટર જ્હોનને કામ સોંપે છે. જ્હોન મૂળે આફ્રિકન છે. એનું કુટુંબ અમેરિકામાં ગુલામ તરીકે આવ્યું હતું પણ પોતે ભણીગણી હેન્ડીમેનનું કામ શીખ્યો હોય છે. શોભાનો પતિ ગિરીશ તો સવારથી નોકરીએ ચાલ્યો જતો હોવાથી શોભાને જ ઘરનું સગળું સમારકામ કરાવવું પડે છે. જ્હોન અંગ્રેજી ભાષામાં વાત કરે છે. તેના ઉદાહરણ રૂપે આ શબ્દોઃ

‘આઈ વિલ ચાર્જ યુ ટુ હન્ડ્રેડ ડોલર્સ અ ડે, મિસિસ ડેસાઈ. ઈઝ ઈટ ઓ.કે.? આઈ ગેરન્ટી, યુ વિલ બી વેરી હેપ્પી વિથ માઈ વર્ક. બધા અમેરિકનો ‘દ’ની જગ્યાએ ‘ડ’ બોલે એમ જ્હોને ડેસાઈ કહ્યું. (પન્ના નાયકનો વાર્તા લોક પૃ.૧૦૦)

ગિરીશને જ્યારે ખબર પડે છે કે તેના ઘરે સમારકામ કરવા આવનાર જ્હોન મૂળે આફ્રિકન છે ત્યારે ગિરીશના મનમાં રંગભેદની ભાવનાને લીધે ઘર કરી ગયેલી માન્યતાઓ આ પ્રમાણેના શબ્દો રૂપે વ્યક્ત થાય છેઃ ‘કલ્લુને ઘરમાં ઘલાતો હશે ? કાલે ઊઠીને ચોરી કરશે તો? હું નહીં હોઉં ત્યારે તારી સાથે અડપલું કરશે તો ?’ (પૃ. ૧૦૧)

જ્હોનને પણ થોડા દિવસો કામ કર્યા પછી ગિરીશના વર્તાવના આધારે તે પોતાના પ્રત્યે ભેદભાવ રાખે છે એની ગંધ આવી જાય છે. તેમ છતાં શોભા બધું સંભાળી લે છે. કામ કરવાના થોડાં દિવસોમાં જ્હોન અને શોભા વચ્ચે સારી એવી મૈત્રી બંધાઈ જાય છે. જ્હોન પોતાનું કામ બહુ જ ઇમાનદારી પૂર્વક અને મહેનતથી કરતો હતો. શોભાને પણ એણે થોડું ઘણું કામ શીખવાડ્યું હતું. આખરે જ્હોન પોતાનું બધું જ કામ વ્યવસ્થિત રીતે પૂરું કરીને જતો રહે છે.

કહેવાય છે ને કે વાર્તાને અંતે વળાંક હોવો જોઈએ તો જ વાર્તા ખરાં અર્થમાં વાર્તા બને. વાર્તાના અંતે એકદમ રડતો મોઢું લઈને નોકરીએથી પાછા ફરતા ગિરીશને શોભા સાંત્વના આપે છે અને રડવાનું કારણ પૂછે છે. ત્યારે ગિરીશ શોભાને પોતાના જેકેટના ખીસ્સામાંથી એક કાગળ બહાર કાઢી તેના હાથમાં આપે છે. આ કાગળ વાંચતા જ ગિરીશના રડવાનું કારણ શોભાને સમજાય છે. કાગળમાં એવું લખ્યું હોય છે કે, 'કાળી છોકરી સાથે અડપલાં કરવા બદલ મિસ્ટર ગિરીશ દેસાઈને નોકરીમાંથી છૂટો કરવામાં આવે છે.' (પૃ. ૧૦૫) અહીં વાર્તા પૂરી થાય છે.

જ્હોનને 'કલ્લુ' કહીને સંબોધતો ગિરીશ જ આખરે વ્યભિચારી નીકળે છે ત્યારે શોભાના આ શબ્દો ખરેખર સાર્થક નીવડે છે કે, 'ગિરીશ કાળા માણસો એટલે ખરાબ જ એવું કેમ માની લે છે ? એ કાળાને કલ્લુ કહેવો એ આપણને શોભતું નથી.' (પૃ. ૧૦૧)

વાર્તાના ત્રણેય પાત્રો શોભા, ગિરીશ અને જ્હોન પોતપોતાનું આગવું વ્યક્તિત્વ પ્રગટાવે છે. ઓફિસમાં નોકરી કરતો અને શોભા જેવી સમજદાર પત્ની અને સુખી દાંપત્યજીવન ધરાવતા ગિરીશનું પાત્ર એક જાટકે આસમાનથી જમીનદોસ્ત થઈ જાય છે. જ્યારે ગુલામ તરીકે અમેરિકામાં આવેલ અને થોડું ભણી, લગ્ન કરી, મહેનત અને ઇમાનદારીથી રોટી કમાતા જ્હોનનું પાત્ર સૌના મનમાં એક આદર્શ બની જાય છે. આ બન્ને વચ્ચે શોભાનું પાત્ર એક મહત્ત્વની કળી બની રહે છે.

રંગભેદના લીધે ઉદ્ભવતા રાગદ્વેષ અને જ્હોનની બોલીમાંથી પ્રગટતી અંગ્રેજી ભાષાની લઢણ આ વાર્તાને ડાયસ્પોરિક બનાવે છે. મણિલાલ હ. પટેલ આ વાર્તા વિશે પોતાનું અભિપ્રાય આપતાં કહે છે કે, *'પુરુષોની સ્વાર્થવૃત્તિ, બેદરકારી અને ઉપેક્ષા વગેરે બાબતો પણ આવી વાર્તાઓ દ્વારા વ્યંજિત કરાઈ છે. મુક્ત પ્રેમ અને બંધન અમુક્ત લગ્નજીવનના પરિસરમાં ભારતીય સ્ત્રી-પુરુષો મુકાય છે ત્યારે શું શું બને છે ? એની આ વાર્તાઓ છે.' (પન્ના નાયકનો વાર્તાલોક, સંપાદકઃ મણિલાલ હ. પટેલ, ડિવાઈન પબ્લિકેશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ૨૦૧૦, પૃ. ૧૩-૧૪)*

- સુજાતા

'સુષ્મા' જેવી જ બીજી વાર્તા 'સુજાતા' છે. સુજાતાનો પતિ મનોહર પાંચ વર્ષ પહેલા જ અવસાન પામ્યો હોવાથી સુજાતાના જીવનમાં પણ હવે એકલતા વ્યાપવા લાગી છે. પોતે પગભર છે. વોશિંગ્ટન ડીસીમાં કોન્ફરન્સ પતાવી પોતાના ઘરે ફિલાડેલ્ફિઆ આવવા સુધીની સફરની આ વાર્તા છે.

આ વાર્તામાં બનતી બે ત્રણ ઘટનાઓ મહત્ત્વની છે. સ્ટેશને બનેલો પહેલો બનાવઃ ભારતમાં મોટાભાગના લોકો દિવસભર સ્ફુર્તી માટે ચા પીવાનું પસંદ કરતાં હોય છે. અમેરિકામાં વર્ષો સુધી રહેવા છતાં

સુજાતાની ચા પીવાની આદત છૂટી નથી. અમેરિકામાં રહેવા છતાં આજે પણ તે ચા જ પીવાનું પસંદ કરે છે. પણ, ભારત જેવી મસાલેદાર ચા અમેરિકામાં ક્યાં શોધવા જવી. આથી જ ભારતીયોએ શોધી કાઢેલા ઘણા બધા રસ્તાઓની જેમ જ સુજાતા પણ રેલ્વે સ્ટેશનેથી ચા ખરીદી તેમાં પોતાની પાસે રહેલો ચાનો મસાલો ઉમેરવાની તૈયારી જ કરે છે, તેવામાં કોઈ એને સવાલ કરે છે, 'હજી આટલા વરસ પછીય અમેરિકામાં ચા જ અને તેય મસાલા સાથે ?' પ્રશ્ન કોણે પૂછ્યું એ કરતાં સુજાતા પ્રશ્નના જવાબમાં જે શબ્દો કહે છે તે વધારે મહત્ત્વના છે. સુજાતાએ જવાબ આપ્યો : 'યુ કેન ટેઈક મી આઉટ ઓફ ઈન્ડિયા બટ યુ કેન્નોટ ટેઈક ઈન્ડિયા આઉટ ઑફ મી.' (પૃ. ૧૦૬)

સુજાતા દ્વારા અપાતાં આ જવાબમાં ડાયસ્પોરા સાહિત્યના ઉદ્ભવના મૂળ પડેલાં છે. દેશથી ભૌતિક રીતે છૂટા પડી જવા છતાં માનસિક અને સાંસ્કૃતિક રીતે પોતાની સંસ્કૃતિ અને માન્યતાઓને વળગી રહેવાની આ સંવેદનાને જ ખરાં અર્થમાં ડાયસ્પોરા કહી શકાય.

બીજી બાબત ટ્રેન અંગેની છેઃ સમગ્ર દુનિયામાં સમય અને અસુવિધાને લીધે વગોવાયેલી ભારતીય રેલ્વેની જગ્યાએ અમેરિકામાં સુજાતાની ટ્રેન અડધો કલાક જ મોડી પડવાની છે એવી વારંવાર થતી જાહેરાત અને ટ્રેન આવી ગયા પછી પણ ભારતમાં ટ્રેનમાં ચડવા માટે થતી પડાપડીના બદલે અમેરિકાની શિસ્તને પણ નોંધવી જોઈએ. 'પહેલા બાળકો, એમનાં મા-બાપ પછી સિનિયર સિટીઝન અને એ પછી બીજા બધા શાંતિથી ટ્રેઈનમાં ગોઠવાઈ ગયાં.' (પૃ. ૧૦૬)

ત્રીજી બાબત 'માઈગ્રેટરી બર્ડ્સ' નામનું પુસ્તક છે. 'યુનિવર્સિટીની લાયબ્રેરીમાં આવ્યું ત્યારે એ પુસ્તક પક્ષીઓને લગતું છે સમજીને બાયોલોજી લાયબ્રેરીમાં મોકલવામાં આવેલું. ત્યાંથી લાયબ્રેરીયનની ચિઠ્ઠી સાથે પાછું આવ્યું કે એ પક્ષીઓ પર નહીં પણ એવા ઈમીગ્રેન્ટ્સ પરનું છે, જે પક્ષીઓની જેમ દેશમાં અને અમેરિકા વચ્ચે અવરજવર કરતાં હોય. સુજાતાને થયું કે એ પણ એવું પક્ષી જ છે જે અમેરિકામાં સ્થાયી થયા પછી અનેક કારણોસર દેશમાં આવ-જા કરે છે.' (પૃ. ૧૦૬-૧૦૭)

માઇગ્રેટરી બર્ડસની સાથે પોતાની જાતનું સાધારણીકરણ સાધતી સુજાતા ડાયસ્પોરાનું જ પ્રતિનિધિત્વ કરે છે ને. અમેરિકામાં લાંબો સમય રહ્યાં પછી પણ સુજાતાના દિલોદિમાગમાંથી સ્વજનો અને સ્વદેશની યાદો ભુંસાઈ નથી તેનો પૂરાવો પણ આ શબ્દો આપે છે કેઃ 'સુજાતા પોતાના વિચારમાં ખોવાઈ ગઈ. એને 'હવે મારું ઘર ક્યાં ?' કોઈની કવિતાની અંતિમ પંક્તિ યાદ આવી. એને એનું મુંબઈનું ભર્યુંભાદર્યું ઘર યાદ આવ્યું. બા-બાપાજી, ભાઈઓ-ભાભીઓ, બહેનો, ભત્રીજા-ભત્રીજીઓ. એક આદર્શ સંયુક્ત કુંટુંબ. મનોહરને પરણી એ અમેરિકા આવી. એ વાતને વર્ષો વીતી ગયા. ક્યારેક ક્યારેક એ જૂના આલ્બમમાંથી

ફેમિલી પોટ્રેટ કાઢીને જોઈ લેતી. ગાંધીજીના જમાનાને પ્રતિબિંબિત કરતા ખાદીના ડગલા ટોપીમાં બેઠેલા બાપાજી. ગુજરાતી સાલ્લામાં અપ્રતિભાશાળી લાગતાં બા, ભાઈઓ-ભાભીઓ અને વચ્ચે એ. એ આલ્બમ બંધ કરી દેતી અને સ્મરણની ઋતુ પણ પૂરી થતી.' (પૃ. ૧૦૮)

ઘર, પરિવાર અને પતિની મૂંગામોઢે તમામ તકલીફો સહન કરી લેતી અનેક ભારતીય સ્ત્રીઓની જેમ સુજાતાને પણ મનોહરના લીધે અમેરિકામાં આવવું પડે છે. અમેરિકામાં પતિ મનોહર સિવાય કોઈ પોતાને ઓળખતું પણ નથી હોતું એટલે અમેરિકામાં આવી ત્યારથી તેના જીવનમાં એકલતા ઘર કરવા માંડી હતી. મનોહરના અવસાનને લીધે તેમાં વધારો થયો.

અમેરિકામાં તો જાહેર જગ્યાઓએ પણ લોકો પ્રેમ કરતાં શરમાતા નથી એવા માહોલમાં જીવતી સુજાતા પોતાના જીવનની એકલતા અને જીવનમાં વ્યાપી રહેલા ખાલીપણાને જીરવીને જીવતી રહે છે. આ ખાલીપણાને દૂર કરવા પડોશી જિમ બટલર તેની મદદ કરે છે. પોતાની ટ્રેન ફિલાડેલ્ફિઆ પહોંચે છે ત્યારે તેનો પડોશી જિમ બટલર ટ્રેન સ્ટેશન પાસે જ ઊભો હતો. જીવનમાં કોઈકનો સાથ સહકાર શોધતી સુજાતાને જિમ બટલરનો સાથ ગમવા લાગે છે. સુજાતા ટ્રેનમાંથી ઉતરી જિમ બટલરની સાથે ચાલવા લાગે છે ત્યારે પોતાને જેની કમી હતી તેવું પાત્ર મળી ગયાનો સંતોષ અનુભવતી હોય તેવી કલ્પાનાઓમાં પોતે ખોવાઈ જાય છે.

કોઈ જ પરિચિત વિના પરદેશમાં એકલી રહેતી સુજાતાને જીવનમાં જિમ બટલર જેવો સહારો મળે છે ત્યારે તે એનો હસતા મોઢે સ્વીકાર કરે છે. સુજાતા જેવી ભારતીય સ્ત્રી સંસ્કાર, પરંપરા અને રીતિરિવાજોના ભાર હેઠળ જીવવાને બદલે જિમ બટલર જેવા અમેરિકન યુવાન સાથે રહેવા લાગે તે જ ખરી સ્ત્રી સ્વાતંત્ર્યતા છે. આ સ્ત્રી સ્વાતંત્ર્ય તેને અમેરિકાનો પરિવેશ અપાવે છે. તો વાર્તામાં વચ્ચે આવતા આ વિધાનો ભારતીયોનું અમેરિકામાં થયેલું સ્થળાંતર સંપૂર્ણપણે સ્વૈચ્છિક છે તેનું પણ દ્યોતક છેઃ 'રશિયનો જેવું કપરું જીવન તો ઈન્ડિયામાં નથી અને તોય સ્વેચ્છાએ ભારતીયો અહીં આવ્યા અને આવે છે. ડોલર્સ કમાવા તો ખરા જ પણ સાથે સાથે વ્યક્તિગત પ્રગતિ ઉન્નતિની તક ખરી જ ને?' (પૃ. ૧૧૦)

- ફ્લેમિન્ગો

વાર્તાસંગ્રહનું શીર્ષક જે વાર્તાના આધારે આપવામાં આવ્યું છે તેવી વાર્તા એટલે 'ફ્લેમિન્ગો'. દેશવિદેશના પ્રવાસ કરી ફ્લેમિન્ગો કચ્છના રણમાં આવી સંવનન કરે છે તેના લીધે તેની એક નવી પેઢી જન્મે છે. પોતાનો વારસો આ રીતે તેઓ ટકાવી રાખે છે. સંવનન માટેની જરૂરી હુંફ અને અનુકૂળ વાતાવરણ તેમને મળી રહે એટલા માટે જ આ પક્ષીઓ દૂરદૂરથી કચ્છમાં આવે છે. આવી રીતે પ્રવાસ કરતાં પક્ષીઓને યાયાવર પક્ષી પણ કહે છે. આ વાર્તાની નાયિકા પણ પોતાને માટે અનુકૂળ વાતાવરણની શોધમાં દેશ પરદેશ

ફરે છે. ન્યૂયોર્કમાં રહેતી આશા પોતે નોકરી કરતી, પોતાના નિર્ણયો જાતે લેતી બિઝનેસવુમન છે. તેના પતિનું નામ બળવંત શાહ છે. ઓફિસ કામના લીધે પ્રવાસ કરવાનું પણ પોતાને થાય છે. આ વખતે પોતાને લંડન જવાનું થાય છે. લંડન જવા માટે પોતે પેકિંગ કરે છે. ત્યારથી વાચકને ખબર પડે છે કે પોતે ભારતીય છેઃ 'આશાએ પેકિંગ શરૂ કર્યું સૂટ, સાડીઓ, સલવાર, કુરતા, દુપટ્ટા, ચાંલ્લા, કાજળ.' (પૃ. ૮૮) પરંતુ ન્યૂયોર્કમાં રહે છે ત્યારે અમેરિકન પોશાક પહેરે છે. તેનો પરિચય પણ આ વાર્તાની શરૂઆતમાં જ આપણને થાય છે. 'આશાએ બિઝનેસ સૂટ ઉતાર્યો. બોબ્ડ વાળ પરથી રિબન કાઢી છૂટા કર્યા. કાંડે, ગળેથી આછાં ઘરેણાં ઉતારી ડ્રેસરમાં મૂક્યાં. ઊંચી એડીના સૂઝ કાઢી ક્લોઝેટમાં મૂક્યાં. લાંબા પગ લંબાવી પારદર્શક સ્ટોકિંગ ઉતાર્યા.' (પૃ. ૮૮) આ વર્ણનો એ વાતની સાબિતી આપે છે કે પોતે માત્ર નામથી ભારતીય છે પણ રંગાયેલી તો પશ્ચિમના રંગે જ છે.

મર્યાદા, સંસ્કાર અને રીતિરિવાજોના બંધનો તોડી, પોતે પરિણિત છે તેવું પણ ભૂલી જવા માંગતી આશા. જે ક્ષણે જે મળે છે એ માળી લેવામાં માનતી સ્વતંત્ર સ્ત્રી છે. વિદેશ પ્રવાસની શરૂઆતથી જ આશા અતિ ઉત્સાહિત માલૂમ પડે છે. લંડનથી ન્યૂયોર્ક જવાની હવાઈ મુસાફરી દરમ્યાન પણ કોઈ સારો પુરુષ માત્ર મળે તેવી તેની ઇચ્છા પેટ્રિક સોરેનસન નામના ઊંચા અને ગોરા ઓસ્ટ્રેલિયન પુરુષના આવવાથી સંતોષાય છે. મુસાફરી દરમ્યાન બન્ને વચ્ચે વાતચીત થાય છે; છૂટા પડતાં પહેલા બન્ને બે દિવસ પછી બપોરના બાર વાગ્યે વિક્ટોરિયા સ્ટેશન પર ફરીથી મળવાનું નક્કી કરે છે.

સ્ટેશનેથી હોટેલ જતી આશાને લંડનમાં અચાનક કોન્ફરન્સ માટે આવેલો અનુરાગ મળી જાય છે. આશા પોતાનું કામ પતાવી બે દિવસ પછી લેસ્ટર સ્કેવર પર બપોરે બાર વાગે અનુરાગને મળવાનું કહી પોતાની હોટેલમાં ચાલી જાય છે. હોટેલમાં આશાને અનુરાગ અને પેટ્રિકના જ વિચારો આવ્યા કરે છે. સાહસ, રોમાંચ અને રોમાંસ અનુભવતી આશાના મનમાં દ્વિધા ઉદ્‌ભવે છે કે, 'અનુરાગ ? પેટ્રિક કે અનુરાગ ? બે માંથી એક ? એક 'અથવા' બીજો.'(પૃ. ૯૦) આશા નિર્ણય કરે છે કે 'એક પછી બીજો કેમ નહીં ?' (પૃ. ૯૦) આમ, પોતે પરિણિત છે તેવો વિચાર સુદ્ધા તેને આવતો નથી એ જ બાબત દર્શાવે છે કે આશા અહીં પશ્ચિમના રંગે સંપૂર્ણપણે રંગાઈ ગઈ છે. પરપુરુષને મળવાનું સાહસ કરતી, મળીને રોમાંસ અને રોમાંચ અનુભવતી આશા પહેલા અનુરાગ અને પછી પેટ્રિકને મળવાનું નક્કી કરે છે. આથી જ પેટ્રિકને ફોન કરી તેને મળવાનો નવો સમય જણાવે છે. આશા લંડનમાં એક ત્રીજા પુરુષ પીટર બ્રુકને મળીને છૂટી પડે છે ત્યારે પણ પીટર બ્રુક તેની મશ્કરી કરે છે જે આશાને ગમે છે.

આશા અનુરાગને લેસ્ટર સ્કવેરમાં મળે છે ત્યારે ફ્લેમિન્ગો જેવું નામ ધારણ કરી અનુરાગની પત્ની બની જાય છે. આશા બળવંત શાહ અને આશા ઉષાકાન્ત પારેખ મટી તે ફ્લેમિન્ગો ઇનામદાર જેવું નામ ધારણ કરી લે છે. અનુરાગ સાથે નાટક જોવા જાય છે. નાટકમાં શાવરનું એક દૃશ્ય આવે છે ત્યારે આશા દિવાસ્વપ્નમાં સરી જાય છે અને અનુરાગ સાથે રોમાંસ અનુભવતી હોય તેવી કલ્પનાઓ કરવા લાગે છે તે જૂઓઃ 'આશાએ બારણું બંધ કર્યું. અનાવરણ થઈ. શાવરમાં પ્રવેશી. પડદો બંધ કર્યો. શાવર ચાલુ કર્યો. શાવરનો ફુવારો એની પર છવાઈ ગયો. બાથરૂમનું બારણું ધીરેથી ખૂલ્યું. હળવે પગલે અનુરાગ પણ શાવરમાં પ્રવેશ્યો. આશા મૂંઝાઈ ગઈ. ન અનુરાગના મુખ તરફ જોઈ શકી કે ન આંખો પલળતા શરીર પર ટકી શકી. ધોધમાર પડતા પાણીનું સુખ આશાને સાતમે આસમાને લઈ ગયું. અચાનક અનુરાગનો હાથ ખુરશીના હાથા પરથી ખસી અને સહેજ સ્પર્શે છે. આશા કંપી ઊઠે છે. દૃશ્ય બદલાઈ જાય છે.' (પૃ. ૯૪)

આશા અનુરાગ સાથે નાટક જોઈ જેવી બહાર નીકળે છે તેવો જ વરસાદ શરૂ થઈ જાય છે. અનુરાગનો સાથ હતો, આશાની ઇચ્છાઓ હતી એમાં જે ખૂટતું હતું એ આ વરસાદે પૂરું કર્યું હોઈ આશા હવે અનુરાગ સાથે મિલન માટે સંપૂર્ણ તૈયાર થઈ જાય છે. 'આશા ક્યાં દોડી રહી હતી ? પેરિસ, અનુરાગ, પેરિસના શાં સેલિઝના રસ્તે પરસ્પરની કમરે હાથ વીંટાળી વરસાદમાં ફરવું. લંડન શું ખોટું હતું ? લંડનની મેફ્લાવર હોટેલની ઉષ્માદાર પથારીમાં પરસ્પરની કમરે હાથ વીંટાળી, મીણબત્તીના તેજમાં ઉત્તેજિત બની અનંગરાગ ગાતાં શાવરમાં જવું. બળવંત, રાકેશ, પેટ્રિક અલોપ થઈ ગયા.' (પૃ. ૯૪) પણ અનુરાગ તો આખરે ભારતીય હતો એટલે આશા સાથે પૂર્ણ પણે ખુલ્લી શકતો નથી. 'અનુરાગ આશાની નજર સામે અને એના ખભાની પાસે હતો. ભૂલથીયે ખભો અડકે નહીં તેની કાળજી લેતો હતો.' (પૃ. ૯૫) આશાની ઘણી બધી ઇચ્છાઓ અનુરાગ પાસેથી હતી પણ અનુરાગ આગળ ન જ વધ્યો કહો કે વધી શક્યો. કાલ્પનિકતામાં પોતે જે કંઈ વિચારી લીધું હતું એવું કંઈ પણ અનુરાગ સાથે ન થયું. આખા દિવસમાં એક આલિંગન કે ચુંબન પણ અનુરાગે આશાને ન કર્યું. અનુરાગથી છૂટી પડી પોતાની હોટલે પહોંચી આશા તુરંત જ પેટ્રિકને મળવાની તૈયારીમાં લાગી જાય છે. તૈયાર થઈ પેટ્રિકને મળવા પહોંચે છે અને હવે પછી જે કંઈ પણ થવાનું હશે તે દરેક ભાવકે કલ્પી લેવાનું છે. અનુરાગ પાસેથી જે સંતોષ આશાને ન મળ્યો એ તમામ હવે પેટ્રિક પાસેથી મેળવવા આશા પ્રયત્ન કરશે. અનુરાગતો ભારતીય હતો એટલે આશા સાથે તેને થોડી દૂરીઓ પણ રાખી હતી. પેટ્રિક તો આશાને છેલ્લી વખત મળવાનો હતો. શરમ અને સંકોચ તો નહીં જ દાખવે એવી કલ્પના દરેક ભાવકને થવાની જ.

લેખિકાની આ વાર્તા બહુ ચર્ચાઈ છે. સ્ત્રીસ્વાતંત્ર્ય આ વાર્તામાં જોવા મળે છે. ભારતીય સંસ્કૃતિમાં સ્ત્રી આટલી સહજ અને સ્વતંત્ર રીતે પોતાના તમામ નિર્ણયો લેતી ભાગ્યે જ જોવા મળશે. વળી, ભારતીય સંસ્કૃતિમાં સ્રીને શક્તિનું સ્વરૂપ માનવમાં આવે છે; પણ તેની સાથે વર્તન જે રીતે કરવામાં આવે છે તેના લીધે તેને સહન કરવાનું જ આવે છે. જે સ્ત્રીને શક્તિ કહેવામાં આવે છે એને જ સહનશક્તિનું રૂપ પણ આપવામાં આવે છે. દીવાલની બે બાજુ જેવી આ વાતને સમાજ ક્યારે સમજશે? પણ, આ વાર્તાની નાયિકામાં રૂપ સહનશક્તિનું નહીં માત્ર શક્તિનું રૂપ જોવા મળે છે. ગીતા વાઘેલા આ વાર્તાનો આસ્વાદ કરાવતા કહે છે કે, *“એક પરિણિત સ્ત્રી કોર્પોરેટ સેક્ટરમાં નોકરી કરતી, બિઝનેસ ટૂર દરમ્યાન સહપ્રવાસીઓ સાથે સંપર્ક, જૂના મિત્રો સાથે ગાળેલી ક્ષણોને ફેન્ટસીમાં પોતાના આંતરમનનાં આવેગો, ઇચ્છાઓની પૂર્તિ કરે છે. (સાહિત્યસેતુ, ગીતા વાઘેલા, વર્ષ-૮, અંક-૨, સળંગ અંક-૪૪, માર્ચ-એપ્રિલ ૨૦૧૮, પૃ. ૪)* વધુમાં તેઓ નાયિકા સંદર્ભે કહે છે કે, *‘લેખિકાએ અહીં નાયિકા દ્વારા આધુનિક નારીના સંવેદનને વાચા આપી છે. જે સ્વતંત્રપણે કોઈની રોકટોક વિના જીવનના આનંદને માણે છે. વાર્તાનાયિકા આશા હવે ગુજરાતી યુવતી નથી કે નથી ભારતીય પરંપરાની વહુ. એ ભોગપ્રધાન યુગમાં જીવતી મહાનગરોની નારી તરીકે પ્રતિનિધિત્વ કરે છે. પોતાના દેશ-વતન છૂટ્યા પછી હવે બદલાવું અનિવાર્ય છે. પરંપરાઓ પરાયા દેશમાં કશા કામ નથી લાગતી. (સાહિત્યસેતુ, ગીતા વાઘેલા, વર્ષ-૮, અંક-૨, સળંગ અંક-૪૪, માર્ચ-એપ્રિલ ૨૦૧૮, પૃ.૩)*

પ્રેમ એ ભારતીય સંસ્કૃતિમાં ચાર દિવાલોની વચ્ચે જ થતી ક્રિયા છે જ્યારે લંડનમાં તો જાહેર જગ્યાઓ પર પણ પ્રેમ કરી શકાય છે. એટલે અહીં એકલવાયાપણા કે ખાલીપણાને સ્થાન ક્યાંથી હોય ? આશા લેસ્ટર સ્ક્વેર પહોંચે છે ત્યારે તેની આસપાસના લોકોના વર્તન પરથી આ વિધાન યથાર્થ લાગે કે, ‘એક છોકરો – છોકરી બેફામ બનીને પ્રેમ કરતાં બેઠાં હતાં. એમના હાથપગ અને ધડમાથાં સાપોલિયાની જેમ સળવળતાં હતાં.’ (પૃ. ૯૧) આમ સ્થળ અને સમય બદલાતાં પરિસ્થિતિઓ કેવી બદલાઈ જાય છે તે તરફ પણ આ વાર્તા આપણું ધ્યાન દોરે છે. મણિલાલ હ. પટેલ એટલા માટે જ આ વાર્તા વિશે પોતાના મંતવ્યો પ્રગટ કરતાં કહે છે કે, *‘દેશ બદલાતાં નારીનું નિત્યજીવન જ નહિ, એનું મન પણ બદલાય છે. એ પોતાની પરંપરાઓને કે એવા કુટુંબધર્મને ખપ પૂરતી અનુસરે છે, પછી તો એ જે દેશમાં જઈ વસી છે ને જ્યાં નોકરી કરે છે એને અનુરૂપ પોતાનાં વાણી-વર્તન-વિચાર-આચરણ પણ બદલે છે, જોકે બધી સ્ત્રીઓ માટે આમ કરવું સરળ નહિ પણ હોય...’ (પન્ના નાયકનો વાર્તાલોક, સંપાદકઃ મણિલાલ હ. પટેલ, ડિવાઈન પબ્લિકેશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ૨૦૧૦, પૃ. ૧૭-૧૮)* તો સમગ્ર વાર્તા સંદર્ભે તેઓ કહે છે કે, *‘આ વાર્તા પણ ‘ડાયાસ્ફોરા’નો પૉઝિટિવ પડઘો પાડે છે અને નારીવાદ સંદર્ભે, નારી પણ પોતાની ઇચ્છા પ્રમાણે બિન્ધાસ્ત વર્તતી દેખાડીને નારી પણ માત્ર ‘વુમન’ નહિ, એય ‘હ્યુમન’ છે એવો સંકેત આપવામાં આવ્યો છે. (પન્ના*

નાયકનો વાર્તાલોક, સંપાદકઃ મણિલાલ હ. પટેલ, ડિવાઈન પબ્લિકેશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ૨૦૧૦, પૃ. ૧૮)

પન્ના નાયકની તમામ વાર્તાઓમાંથી પસાર થતાં તેમની વાર્તાની નાયિકાઓ આપણું ખાસ ધ્યાન ખેંચે છે. આ તમામ નાયિકાઓમાં આપણને બોલ્ડનેસ, બિન્દાસપણું, નિર્ભયતા અને નિઃસંકોચવૃત્તિ ઉડીને આંખે વળગે એ રીતે જોવા મળશે. 'લૅડી વીથ એ ડૉટ'ની નાયિકા અલ્પાને પોતાના રોજેરોજ થતાં અપમાનનો બદલો લેવામાં પોતાના પતિનો સાથ મળતો નથી તેમ છતાં પોતે નિર્ભય બની સામેથી પેલા છોકરાને પોતાની ગાડી પાસે બોલાવી તેની આંખોમાં રેડ પેપર (લાલ મરચાનું પાવડર) નાંખી પોતાનો બદલો જાતે લે છે. વળી, આ સઘળી બાબતની પોતાના પતિને અળસાર પણ આવવા નથી દેતી. કહેવાય છે ને કે 'જીવન જીવવાના બે રસ્સ્તાઓ હોય છે, કાં તો સામી છાતીએ લડી લેવું અથવા ઘરના કોઈ ખૂણામાં બેસી એકલા રડી લેવું.' મોટાભાગની ભારતીય સ્ત્રીઓ પોતાનું જીવન બીજી પ્રકારની રીતે જ જીવતી હોય છે. પણ વાર્તા નાયિકા અલ્પા પોતે સામી છાતી લડી લેવામાં માનતી નારી છે. તો 'નિત્યક્રમ' અને 'નૉટ ગિલ્ટી'ની નાયિકાઓ પોતાના સુખી દાંપત્ય જીવન અને સમજદાર પતિ હોવા છતાં કોઈપણ કારણ વગર માત્ર શોખ ખાતર પરપુરુષ સાથે હરીફરી જાતિય સંબંધ પણ બાંધે છે. આવું કર્યાનું તેઓને કોઈ રંજ કે અફસોસ પણ થતો નથી. આટલી બોલ્ડનેસ દાખવવા પાછળ આ નાયિકાઓ પુરુષસમોવડી બનવા માંગે છે એવું પણ કોઈ આશય નથી; માત્ર નિજાનંદ તેમનું ધ્યેય છે. આવું જ કંઈક કરવા ધારતી પણ માત્ર કલ્પનાઓ સુધી સીમીત થઈ જતી 'ક્યુટિપ'ની નાયિકા શ્રેયા છે. શ્રેયાનો પતિ પણ બહુ જ પ્રેમાળ હોવા છતાં તે હૃષ્ટપૃષ્ટ શરીર ધરાવતા અને દેખાવડા લાગતાં વિલિયમ જેવા પરપુરુષ પર મોહિત થઈ જઈ તકનો લાભ ઉઠાવવા તૈયાર થઈ જાય છે. 'રૂમ વિથ અ વ્યુ'ની નાયિકા પેટ્રિશિયા પણ બહુ બોલ્ડ સ્વભાવની છેઃ 'એને સેક્સમાં રસ છે પણ સંબંધમાં નથી. સંબંધ ન હોય તોય સેક્સ સંભવે એમ એ ચોક્કસપણે માને છે.' (પૃ. ૪૦-૪૧) આ વિચારો તેનું માનસ દર્શાવે છે. 'રીઅલ ભાગ્યોદય'ની નીના પણ વગર લગ્ને મા બનવાની છે. હજી તો કોલેજના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતી નીનાના તેના મિત્ર સાથેના શારીરિક સંબંધોને કારણે પોતે ગર્ભવતી બનવાની છે તે બદલ તે ખુશ છે. તેની બદલે જો બીજી કોઈ ભારતીય નારી હોત તો તેના મનમાં અનેક સવાલો થાત પણ નીના ખુશી ખુશી આ બધી હકીકતો પોતાના પિતાને જણાવે છે. પોતે બાળકને જન્મ આપવાનો નિર્ણય પણ કરે છે તેમ છતાં લગ્ન કરવા વિશે કોઈ વાત થતી નથી. આમ, વગર લગ્ને મા બનવા તૈયાર થતી નીનાની ખુશી ભારતીય વિચારસરણી ધરાવતાં લોકો માટે સ્વીકારવી લગભગ અશક્ય જ છે. 'બા' વાર્તાના મુખ્ય પાત્ર બાને પોતાના પતિના અવસાન પછી વિધવા થવાના દુઃખ થવાના બદલે જાણે કે સૌભાગ્ય મળ્યું હોય એવો આનંદ અનુભવે છે. પતિ રસિકલાલથી છૂટી પોતે પરદેશમાં આવી વધારે સુખી થયાની લાગણી અનુભવે છે. 'સુષમા' અને 'સુજાતા'ની નાયિકાઓ પણ પોતાને જીવનમાં જરૂરી છે તેટલી Space શોધી લે છે. 'ફ્લેમિન્ગો'ની નાયિકા

આશા વિશે તો અગાઉ વાત કરી જ છે. આમ, 'નિત્યક્રમ' સંદર્ભે મણિલાલ હ. પટેલે કહેલી વાત આ નાયિકાઓને પણ એટલી જ લાગુ પડે છે. તેઓ કહે છે કે, *'લગ્નસંસ્થા, પ્રેમ, સમ્બન્ધો, પરંપરાગત મૂલ્યો : બધાંનો મૃત્યુઘંટ વગાડતી આ વાર્તા સંયમિત શબ્દોમાં, શારી નાખતાં સત્યો કહી દે છે, માની શકો છો કે પ્રેરણા ગુજરાતી વાર્તાનું સ્ત્રીપાત્ર છે ? પૂર્વે તો આવાં પાત્રો કલ્પવાં જ અઘરાં હતાં. ને આજે પણ ગુજરાતીમાં આવી 'બોલ્ડનેસ'થી કહેવાયેલી વાર્તાઓ કેટલી છે ? ભાગ્યે જ એકબે...! (પન્ના નાયકનો વાર્તાલોક, સંપાદકઃ મણિલાલ હ. પટેલ, ડિવાઈન પબ્લિકેશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ૨૦૧૦, પૃ. ૧૧)*

તો સામે પક્ષે 'વળાંક' વાર્તામાં સુખી દાંપત્ય જીવનના ભ્રમમાં જીવતી પત્નિને પૈસા અપાવી કોઈને પણ ખબર ન પડે એમ મરાવી નાંખવાની કોશિશ કરતો પતિ હોય કે 'થેન્કયુ મિસિસ ડેસાઈ' વાર્તાના પાત્ર ગિરીશ જેવો દંભી અને લુચ્ચો નાયક હોય કે જે જહોન જેવા ઈમાનદાર અને ભલા માણસ પર શંકા કરે છે પણ પોતાના કુકર્મોની જાણ બધાને થાય છે ત્યારે પસ્તાય છે. કે પછી 'બીલીપત્ર'ના નાયક ભગવાનદાસ કલ્યાણદાસ દેસાઈ કે જેઓ બાસઠ વર્ષની ઉંમરે પણ પોતાના આવેગોને કાબૂમાં રાખી નથી શકતા અથવા કહો કે અતૃપ્ત ઇચ્છાઓની પૂર્તિ કરવા જતાં આખરે નાસીપાસ થાય છે ત્યારે અફસોસ વ્યક્ત કરે છે. આમ, આવા નાયકો પણ બીજી વાર્તાઓમાં ભાગ્યે જ જોવા મળશે.

પન્ના નાયકની વાર્તાઓના શીર્ષકો પણ અંગ્રેજી ભાષાના રંગે રંગાયેલા છે. જેમકે, 'લૅડી વીથ અ ડૉટ', 'મેટ્રોમોનિયલ્સ', 'બુક કેઈસ', 'ક્યુટિપ', 'રૂમ વિથ અ વ્યૂ', 'નૉટ ગિલ્ટી', 'થેન્કયુ મિસિસ ડેસાઈ', 'ફ્લેમિન્ગો'. ઉપરાંત અહીંયા જે વાર્તા વિશે વાત નથી કરી એવી વાર્તા 'વૉટરફિલ્ટર'. આ તમામ શીર્ષકો થકી પણ ભાવકને ડાયસ્પોરિક સાહિત્ય તરફ દિશા નિર્દેશ કરી તેની વિચારસરણી આ વાર્તા માટે બાકીની બીજી બધી વાર્તાઓથી અલગ તારવી શકાય છે.

પન્ના નાયકની વાર્તાઓનો મણિલાલ હ. પટેલે કરેલા સંગ્રહ 'પન્ના નાયકનો વાર્તાલોક'માંથી પણ અહીંયા અમુક વાર્તાઓ પસંદ કરી છે. આ સંગ્રહમાં સંપાદકે પન્ના નાયકની વાર્તાઓ વિશે બાર જેટલી લાક્ષણિકતાઓ તારવી છે. જે નોંધપાત્ર છે. જેમકે,

- *આ વાર્તાઓના કેન્દ્રમાં નારીસંવેદના છે.*
- *આ વાર્તાઓમાં નાયિકા 'બોલ્ડનેસ' દાખવે છે.*
- *સંકુચિતતા કે પરંપરામાંથી મુક્ત થઈને પોતાના સંજોગો અને માનસિકતા પ્રમાણે આચરણ કરે છે.*
- *આર્થિક રીતે આત્મનિર્ભર નારી, પશ્ચિમી પરિવેશ અને ભૌતિકતાવાદી જીવન અભિગમ – આ ત્રણેની કશ્મકશ વાર્તાને નોખી બનાવે છે.*
- *એન.આર.આઈ. ચરિત્રોની સોચ અને મુક્ત જીવનશૈલી પણ અહીં ઝિલાયાં છે.*

- *જાતિયતા, ભાવાવેગો, રતિઈચ્છાપૂર્તિ કે એવીતેવી સંવેદનાઓનું નિઃસંકોચ છતાં વિવેકપૂર્ણ આલેખન પણ અહીં ધ્યાનપાત્ર છે.*
- *'ડાયસ્પોરિક' પરિસ્થિતિઓની ભીંસાભીંસનું સ્પષ્ટ નિરૂપણ આ વાર્તાઓમાં મળે છે.*
- *લગ્નજીવનનાં બંધનો અહીં શિથિલ થતાં દર્શાવ્યાં છે.*
- *પોતાના નિજત્વ માટે નારી ઝૂઝતી હોય;*
- *ભોગ ભોગવ્યા પછીની હતાશા, એકલતા કે ખાલીપો પણ, પ્રગટતાં પમાય છે.*
- *ભોગવાદે કે ભૌતિકતાવાદે મૂલ્યહ્રાસને પોષવા સાથે, સૌના હિતમાં હિત જોતી કુટુંબભાવના તથા એવી પરંપરાઓને, છિન્નભિન્ન કરી નાખ્યાનો ધ્વનિ પણ અહીં ઊડતો સંભળાશે.*
- *પૂર્વ અને પશ્ચિમ બંને તરફ હવે એક નૂતન સમાજરચના આકાર લઈ ચૂકી છે - એનાં સારાંનરસાં પાસાં છે. એ ગમે કે ન ગમે, હવે નવી પેઢીની તો એ જ દિશા ને દશા લાગે છે. (પન્ના નાયકનો વાર્તાલોક, સંપાદકઃ મણિલાલ હ. પટેલ, ડિવાઈન પબ્લિકેશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ૨૦૧૦, પૃ. ૬-૭)*

પન્ના નાયકની વાર્તાઓની લાક્ષણિકતાઓ વિશે વાત કર્યા પછી અંતે વિવિધ વિવેચકોએ તેમની વાર્તાઓ વિશે પોતાના રજૂ કરેલા મંતવ્યો પણ નોંધીએઃ

'પન્ના નાયકની વાર્તાઓમાં વિદેશમાં રહેતી ભારતીય નારીની સમસ્યાઓ –વ્યથાઓની વાત જોવા મળે છે.... એક બાજુ ભોગવાદ – ભૌતિકવાદની વચ્ચે મૂલ્યોનું થતું પતન તથા સ્ત્રી પુરુષના સંબંધો અને તેમાં પણ વિશ્વાસ, પ્રેમ, સમર્પણ જેવા મૂલ્યોનો થતો હ્રાસ તેમની વાર્તાઓનો મુખ્ય સૂર છે.' (નીતિન રાઠોડ, તાદર્થ્ય, જૂન-૨૦૧૫, ૩૮)

બદલાયેલી પરિસ્થિતિઓ, પરિવર્તન પામતો સમાજ, અન્ય દેશો. (યુ.એસ.એ. / યુ.કે. તથા અન્ય)માં ત્યાંના નવા સંદર્ભોમાં તથા યંત્રચેતનાના પરિસરમાં. જીવતી નવા યુગની નારીની સમસ્યાઓ તથા માનસિકતાઓને આલેખતી વાર્તાઓની આપણને પ્રતીક્ષા હતી અને રહેશે પણ આ દિશામાં આપણને જે વાર્તાકારો તથા વાર્તાઓ મળ્યાં એમાં વાર્તાકાર પન્ના નાયક તથા એમની વાર્તાઓ, ઉક્ત પરિપ્રેક્ષ્યમાં ધ્યાનપાત્ર છે. (પન્ના નાયકનો વાર્તાલોક, સંપાદકઃ મણિલાલ હ. પટેલ, ડિવાઈન પબ્લિકેશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ૨૦૧૦, પૃ. ૬)

'પન્નાની વિશેષતા એ છે કે એ કોઈ પણ છોછ કે સંકોચ વિના જે કંઈ લખે છે તે પૂરેપૂરી નિખાલસતાથી અને પારદર્શકતાથી લખે છે.' (સુરેશ દલાલ, બેક પેઈજ, ફ્લેમિન્ગો, પન્ના નાયક, ઈમેજ પબ્લિકેશન્સ પ્રા. લિ., અમદાવાદ, પ્રથમ આવૃત્તિઃ ૨૦૦૩)

ઉપરોક્ત તમામ કથનોમાં મૂળે એક જ વાત કેન્દ્રમાં છે અને એ છે પન્ના નાયકની નાયિકાઓ સંદર્ભે વિવેચકોના અભિગમ. શબ્દો ભલે અલગ અલગ હોય પણ ભાવાર્થ એક જ છે કે પન્ના નાયક તેમની વાર્તાઓમાં સ્ત્રીને કોઈ મર્યાદાઓના બંધનોમાં બાંધવાના બદલે મુક્ત રીતે ક્રિયાઓ કરવાની આઝાદી આપે છે. તેઓ સ્ત્રીને એક આગવી ઓળખ આપી તેમના અસ્તિત્વનું ગૌરવ બક્ષે છે. આ સંદર્ભે ચોક્કસ કહી શકાય કે જ્યારે જ્યારે ગુજરાતી સાહિત્યમાં નારીચેતનાની વાત કરવામાં આવશે તેમાં પન્ના નાયકની વાર્તાઓ વિશે જરૂર વાત કરવી પડશે.

❖ ૫.૪ પન્ના નાયકના ડાયસ્પોરિક સાહિત્યનું સાંસ્કૃતિક અને સાહિત્યિક મૂલ્યાંકન

પન્ના નાયકનું વતન વિચ્છેદ સ્વૈચ્છિક કારણોસર થયેલું છે. ડાયસ્પોરાને ભોગવવી પડતી સૌથી મોટી પીડા વતનવિચ્છેદની હોય છે, પણ ગુજરાતીઓની જેમ કવયિત્રીએ પણ સ્વૈચ્છિક કારણોસર વતન છોડ્યું છે. અનાયાસે વતન વિચ્છેદનની પીડાઓ જેવી કોઈ પીડા કવયિત્રીને ભોગવવી નથી પડી. વતન છૂટ્યા પછી જ તેઓ સાહિત્યસર્જન શરૂ કરે છે. એવું તેઓ પોતાની કેફિયત પણ સ્વીકારે છે. તેમના સાહિત્યમાં અમેરિકન સંસ્કૃતિ પ્રગટે છે. લગ્ન પછી તેઓ અમેરિકામાં સ્થાયી થયેલા છે. તેમની પાસેથી કવિતા અને વાર્તા એમ બે પ્રકારની સાહિત્યકૃતિઓ પ્રાપ્ત થાય છે. કાવ્યોમાં વતનપ્રેમ, સ્વજનોનો વિરહ, સતત ઓળા રૂપે છવાયેલી એકલતા અને એક પ્રકારનો ન કળી શકાય તેવો વિષાદ છે. પોતાની વાત સ્પષ્ટ અને નિઃસંકોચ રીતે આલેખવાની તેમની સ્વસ્થતા સૌ કોઈનું ધ્યાન ખેંચે છે. તેમના સાહિત્યમાં વિસ્થાપનની વેદના જોવા મળતી નથી. પણ ડાયસ્પોરાને પરદેશમાં સ્થાયી થવા માટે અને હળીમળીને રહેવામાં જે તકલીફોનો સામનો કરવો પડે છે તેવી બીજા પ્રકારની યાતનાઓ કવિયત્રીના સાહિત્યમાં વિષયવસ્તુ તરીકે આવે છે. ભિન્ન રહેણી કરણી, પરિવેશ, સભ્યતા, સંસ્કૃતિ અને જીવનમૂલ્યોને કારણે પરદેશીઓ સાથે થતા સંઘર્ષનું આ સાહિત્ય છે. એ દૃષ્ટિએ પન્ના નાયકના સાહિત્યનું આગવું સ્થાન છે.